




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ધર્મ અને અધ્યાત્મને વિકૃતિઓથી બચાવીએ | ૧ | ૧૦. | ઉપનયન સંસ્કારે જગાડી સાધકની અભિપ્સા | ૨૪ |
| ૨. | જીવનયજ્ઞની રીતિનીતિ | ૨ | ૧૧. | દેવ પુરુષનું અવતરણ | ૨૮ |
| ૩. | યુગ નિર્માણ સત્સંકલ્પ-૧૯ પોતાનું મૂલ્યાંકન પણ કરતા રહો | ૩ | ૧૨. | આધ્યાત્મ દરેક દૃષ્ટિએ શ્રેષ્ઠ અને ધારણ કરવા યોગ્ય છે. | ૩૦ |
| ૪. | શ્રી સત્યનારાયણ વ્રત કથા શ્રી સત્યનારાયણ વ્રતકથાની દિવ્ય પ્રેરણા | ૬ | ૧૩. | વેદમાતા એમની ચેતનામાં અવતરિત થઈ | ૩૫ |
| | | | ૧૪. | એમણે સાંભળ્યો આર્ષ સાહિત્યનો પોકાર | ૩૭ |
| ૫. | ગો-સંવર્ધન ગૌરક્ષાનું નિરાકરણ સ્થિતિને અનુરૂપ શોધવું પડશે | ૧૦ | ૧૫. | જીવન-સાધનાનું એક મહત્ત્વ એક મહત્ત્વપૂર્ણ અંગ "આત્મવત્ સર્વભૂતેષુ" | ૪૦ |
| ૬. | બિન જરૂરી નારીસજ્જા તેને ડૂબાડી દેશે | ૧૩ | ૧૬. | પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી ત્યાગ અને બલિદાનની સંસ્કૃતિ-દેવસંસ્કૃતિ ભાગ-૧ | ૪૩ |
| ૭. | પર્યાવરણ સંરક્ષણ યજ્ઞ-અગ્નિહોત્ર દ્વારા વાયુમંડળનું સંશોધન | ૧૪ | | | |
| ૮. | અહંકારની ચુંગાલમાં જકડાયેલો સંસાર | ૧૭ | ૧૭. | અપનો સે અપની બાત | ૪૬ |
| ૯. | પ્રજ્ઞાપુરાણ સ્તંભ જનજાગરણના કેન્દ્ર તીર્થ અને દેવાલય | ૧૯ | ૧૮. | આત્મીય અનુરોધ | ૪૯ |
| | | | ૧૯. | યુગ નિર્માણ સમાચાર | |


*આ પત્રિકા આપની પાસે પહોંચતા વસંતપર્વ (૨૯ જાન્યુઆરી) નજીક આવી પહોંચ્યો હશે. વસંતપર્વના દિવસે મહાપૂર્ણાહુતિનું પાંચમું ચરણ પૂર્ણ થશે. આજથી ૭૫ વર્ષ પૂર્વ પૂ. ગુરૂદેવને અખંડદીપમાં આરાધ્ય દાદા ગુરૂદેવનાં પ્રકાશ રૂપે દર્શન થયાં. આ વિશેષ વસંત પર્વે ઉજ્જ્વળ ભવિષ્યની કામના સાથે દીપયજ્ઞ સામૂહિક આરતી રૂપે સંપન્ન થશે. દરેક શાખા - શક્તિપીઠ -પ્રજ્ઞાપીઠ પણ દીપયજ્ઞરૂપે સામૂહિક આરતી સંપન્ન કરે. આ પ્રસંગે યુગ ચેતના સાહિત્ય પ્રસાદ રૂપે વિતરણ કરે. વસંતપર્વની હાર્દિક શુભકામનાઓ.*

- *દરેક શાખા-શક્તિપીઠ-પ્રજ્ઞાપીઠ પત્રિકાના સભ્યો બનાવવા પ્રયત્નશીલ હશે. વર્ષ ૨૦૦૧ની ગ્રાહક સંખ્યા વધુ કરી ઋષિસત્તાને વસંત પર્વે પોતાની શ્રધ્ધાંજલી અર્પિત કરવામાં અમારા પ્રજ્ઞા પરિજનો પાછળ નહીં રહે એવો વિશ્વાસ છે.*
- *યુગ શક્તિ ગાયત્રી પત્રિકા નિયમિત પહોંચાડવા અમારા કાર્યાલયનો પ્રયત્ન રહે છે. છતાં પત્રિકા ન મળી હોય તો પોતાના ગ્રાહક નંબર અથવા લવાજમ કેટલા રૂા. કઈ તારીખે ભર્યું તેની સંપૂર્ણ વિગત લખશો.*
- *ગ્રાહક નંબર પત્રિકાના રેપર ઉપર નામ આગળ અંકિત કરવામાં આવે જ છે તે અવશ્ય નોંધી લેશો.*
- *આજીવન ગ્રાહક નંબર બદલાતો નથી. જેથી આજીવન સભ્યોને નમ્ર વિનંતી છે કે પોતાનો આજીવન નંબર અવશ્ય ડાયરીમાં નોંધ કરી લે. પત્રાચારમાં આ નંબર લખવો અનિવાર્ય રહેશે.*
- *અમારા કાર્યાલયના નવા ફોન નંબરો નીચે પ્રમાણે છે.*

*ફોન નંબર S. T. D. કોડ નં. 0565 (૦૫૬૫)*

*ફોન નંબર. 730128 (૭૩૦૧૨૮), 730399 (૭૩૦૩૯૯)*

*ફોનનો ઉપયોગ ખૂબ જરૂરી કાર્ય માટે કરવો. પત્રાચારથી જ કાર્ય લેવા વિનંતી.*

- *કેલેન્ડર આ અંકમાં સામેલ છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ધનશ્યામ પટેલ
: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :
(૦૫૬૫) ૭૩૦૩૯૯/૭૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ US ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ / $ US ૧૫૦
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૨ અંક - ૧
પ્રકાશન તિથિ ૨૫-૧૨-૨૦૦૦
જાન્યુઆરી - ૨૦૦૧

## ધર્મ અને અધ્યાત્મને વિકૃતિઓથી બચાવીએ

**આ**જે આપણો ધર્મ અને અધ્યાત્મ સાચે જ એટલાં ખરાબ છે કે, જેની દુર્ગંધથી સહજતાથી નાસ્તિક્તા જેવી મહામારીઓ ઊપજે. ધર્મ શું છે ? અમુક વંશ, અમુક વેશના લોકોને લૂંટવાનો ખુલ્લો મુખત્યારપત્ર, ધર્મ શું છે ? થોડી પૂજાપાઠની વિડંબના રચીને દેવતાઓ સહિત ઈશ્વરને પોતાના વશમાં બનાવી લેવા તથા તેમની પાસે ઉચિત-અનુચિત મનોકામનાઓ પૂરી કરવા માટે વાંદરાની જેમ નચાવવાનું દુઃસ્વપ્ન. આજનો અધ્યાત્મ લગભગ જાદુ મંતરના સ્તરે પહોંચી ગયો છે. જેને અનુસાર કેટલાક આણઘડ શબ્દોનું ઉચ્ચારણ અને કેટલીક વસ્તુઓની ઊલટી-સીધી ઊથલપાથલ. આવી ક્રિયાઓની બાળક્રીડા કરનારા લોકો શેખચલ્લી જેવી ઉડાનો સાથે કોઈ કલ્પનાલોકમાં ભ્રમણ કરતા રહે છે અને ચમત્કારી રિદ્ધિ-સિદ્ધિઓના મનમોદક ખાતા રહે છે. આ સનકી સમુદાયના હાથમાં શું આવવાનું હતું, આવ્યું પણ નહીં. આ થાકેલા, હારી ગયેલા લોકો નકટા સંપ્રદાયના ગુણો ગાતા રહે છે. આ જ છે આજના કહેવાતા અધ્યાત્મવાદીઓની નગ્ન તસવીર, જેને જોઈ આપણું માથું લજ્જાથી નીચે ઝૂકી જાય છે અને રડવું આવે છે. આટલા લોકોનો આટલો શ્રમ, સમય, ધન અને મન જો સાચા અધ્યાત્મ માટે નિયોજિત થયો હોત તો તેઓ પોતે ધન્ય બની શકતા હતા અને પોતાના પ્રકાશથી સંપૂર્ણ વાતાવરણમાં આલોક ભરી શકતા હતા.

*– પં. શ્રીરામ શર્મા આચાર્ય*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જીવનયજ્ઞની રીતિનીતિ

સુગંધિત પદાર્થોનો હવન કરવો તે એ દર્શાવે છે કે, આપણે પોતાની આંતરિક સદ્‌ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓને પ્રસુપ્ત સ્થિતિમાં પડેલી રહેવા ન દેતાં તેમને દીપ્તિમાન અને તેજસ્વી બનાવીએ.

હવ્ય વસ્તુઓની વિપુલ માત્રા ભંડારોમાં સંઘરાયેલી રહે છે. તેનું કોઈ પુણ્ય નથી. સંગ્રહકર્તાને તેનો થોડો ઘણો લાભ મળી શકે છે પરંતુ જ્યારે તેમનું વિતરણ કરવામાં આવે છે ત્યારે જ સામાન્ય લોકોને તેનો લાભ મળે છે. દરેક મનુષ્ય પાસે એવી વિશેષતાઓ હોય છે જેમને તે જ્યારે ઇચ્છે ત્યારે વિતરિત કરી શકે છે અને અસંખ્યોને ઊંચે ઉઠાવવામાં, આગળ વધારવામાં તથા આનંદિત કરવામાં મદદ કરી શકે છે. જ્યાં આવી ભાવનાઓ અને પ્રયાસો વિકસી રહ્યા હોય ત્યાં જીવનને યજ્ઞમય બનાવવામાં આવી રહ્યું છે એમ સમજવું જોઈએ.

ચંદન, કપૂર વગેરેની સુગંધ તેના બળવાથી જ વ્યાપક બને છે નહિ તો તેની સુવાસ તેને મૂકેલા સ્થળ સુધી જ સીમિત રહેશે. મનુષ્ય ઇચ્છે તો સદ્‌ગુણોને પોતાના અંગત કાર્યો સુધી મર્યાદિત રાખી શકે છે, તેનાથી તે પોતાનું જ હિત સાધી શકે છે, પરંતુ જ્યારે કોઈ પોતાની વિભૂતિઓ દ્વારા બીજાઓને લાભ પહોંચાડવાની પરમાર્થ પ્રવૃત્તિ અપનાવે છે ત્યારે તેને ભલે અંગત લાભ ઓછો થતો જણાય છતાં અસંખ્ય લોકોને લાભ મળવાની જે મંગલમય પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય છે તે જોતાં એ નુકસાન નગણ્ય છે જે અમીરી પર અંકુશ રાખવા જેવી દેખાય છે.

પોતાના દોષદુર્ગુણોને ભસ્મીભૂત કરવા માટે અપનાવવામાં આવેલું સાહસ અને ઉઠાવવામાં આવેલ પગલું વાસ્તવમાં યજ્ઞીય ધર્માનુષ્ઠાન છે. કચરો-ભંગાર જ્યાં ત્યાં વિખરાયેલો પડયો રહે તેનાથી શું થશે, પરંતુ જ્યારે તે અગ્નિદેવના સંપર્કમાં આવી જ્યોતિર્મય બને છે ત્યારે તેની શક્તિ જોવાલાયક હોય છે. એક બળતા લાકડાને અવસર મળે તો તે દાવાનળનું રૂપ ધારણ કરી શકે છે અને યોજનો લાંબાં જટિલ જંગલોના ભૂખંડોને સ્વચ્છ બનાવી શકે છે. તેના વડે કેટલી વસ્તુઓ પકવી શકાય છે અને કાચી વસ્તુઓની તુલનામાં પાકેલી વસ્તુઓનું મૂલ્ય અને મહત્ત્વ અનેકગણું હોઈ શકે છે. અગ્નિસંસ્કારને કારણે જે ઉપલબ્ધિઓ મળે છે તે અસીમ છે. આ લાભ ત્યારે જ મળે છે, જ્યારે અગ્નિને જ્વલંત થવાનો અવસર આપતું ઈંધન પર્યાપ્ત પ્રમાણમાં મળી શકે. આપણી વિખરાયેલી અણઘડ અને અસ્તવ્યસ્ત ટેવોને જ્યારે ઉત્કૃષ્ટતાની અગ્નિમાં ઈંધન બનાવીને હોમવામાં આવે છે ત્યારે તેનાથી જ્યોતિર્મય અગ્નિદેવ પ્રગટ થાય છે અને તેનાથી યજ્ઞ પ્રયોજનની જરૂરિયાત પૂરી થાય છે. જીવનયજ્ઞનું આયોજન આ રીતે જ સંપન્ન થાય છે. યજ્ઞથી સ્વર્ગ મળે છે, એ ખુલ્લું રહસ્ય છે. તેને દરેક જણ ઇચ્છે ત્યારે પ્રત્યક્ષ જોઈ શકે છે. નાનકડું બીજ જ્યારે યજ્ઞીય પરંપરા અપનાવીને વિસર્જિત થવા માટે તત્પર થાય છે ત્યારે તેનું આ આત્મદાન વિશાળ વૃક્ષના રૂપમાં ચિરકાળ સુધી યશગાન કરવા માટે ગર્વથી માથું ઊંચું રાખી ઊભું થઈ જાય છે. કોઈપણ મનુષ્ય પોતાની સ્વાર્થ ભરેલી સંકુચિતતાની મર્યાદા તોડીને વિરાટ સમક્ષ પોતાનું આત્મસમર્પણ કરી એ જોઈ શકે છે કે, સંગ્રહી અને પરિગ્રહીની તુલનામાં તેણે કેટલું વધારે પ્રાપ્ત કરી લીધું ? ઉન્નતિના ઉચ્ચ શિખરે ચઢવા માટે ઉત્સુક જળબિંદુ અગ્નિના સંપર્કમાં આવીને પોતાનું ભારેપણું ગુમાવે છે અને હલકો બને છે. **જે જેટલો હલકો હશે તેટલો એ ઊંચે ઉઠશે.** તળાવનું ગંદું પાણી વરુણ બનીને આકાશમાં ઊડતું જોઈ શકાય છે, પરંતુ તેને માટે તાપના સંપર્કમાં આવવાની, હલકા બનવાની અને સીમા તોડીને વિસ્તૃત ક્ષેત્રમાં વિચરણ કરવાની રીત તો અપનાવવી જ પડે છે. યજ્ઞનું વાસ્તવિક સ્વરૂપ આ જ છે. આપણે તાપ સહન કરવાનું સાહસ કરીએ, હલકા બનીએ અને મુક્ત આકાશમાં વિચરણ કરીએ તો તુચ્છ હોવા છતાં મહામાનવ બની શકીએ છીએ. મહામાનવ એ છે જે યજ્ઞની જેમ શ્રદ્ધાસ્પદ દેખાય અને અસંખ્યોનું હિત સાધે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યુગનિર્માણ સત્સંકલ્પ-૧૯

# પોતાનું મૂલ્યાંકન પણ કરતા રહો

**પાછલા ૧૮ અંકોમાં 'યુગ નિર્માણ સત્સંકલ્પ'નાં સૂત્રોની વ્યાખ્યા સ્વાધ્યાય માટે રજૂ કરવામાં આવી છે. આ લેખમાં પાછલા લેખો વાંચીને એમનો શું પ્રભાવ પડ્યો છે? આપણે કેટલા બદલાઈ ગયા? તેનું મૂલ્યાંકન કરવાની વિધિ આપવામાં આવી રહી છે. વિગત લેખોને ફરી વાંચવા માટે નવા પાઠકોને 'એકવીસમી સદીનું સંવિધાન' પુસ્તકનો સ્વાધ્યાય કરવો જોઈએ.**

**એ** નિર્વિવાદ સત્ય છે કે, ધર્મ અને સદાચારના આદર્શવાદી સિદ્ધાંતોનું પ્રશિક્ષણ ભાષણો અને લેખોથી ન થઈ શકે. આ બંને માધ્યમો મહત્ત્વપૂર્ણ તો છે જ, પરંતુ એમનો ઉપયોગ એટલો જ છે કે, તે વાતાવરણ તૈયાર કરી શકે. વાસ્તવિક પ્રભાવ તો ત્યારે જ પડે છે કે જ્યારે પોતે અનુકરણીય આદર્શ ઉપસ્થિત કરીને બીજાને પ્રભાવિત કરી શકીએ. જોકે આપણે નવા સમાજની, નવા આદર્શોની જનમાનસમાં સ્થાપના કરવાની છે, એટલે એ ખૂબ જરૂરી છે કે યુગનિર્માણ પરિવારના સભ્યો બીજાની સામે પોતાનો અનુકરણીય આદર્શ રજૂ કરે. પ્રચારનો આ જ શ્રેષ્ઠ માર્ગ છે. આ પદ્ધતિને અપનાવ્યા સિવાય જનમાનસને ઉત્કૃષ્ટતાની દિશામાં વાળવું શક્ય નથી. એટલે સૌથી મહત્ત્વપૂર્ણ કાર્ય એ જ છે કે, પરિવારનો પ્રત્યેક સભ્ય એ પ્રયત્ન કરે કે એમના જીવનમાં આળસ, પ્રમાદ, અવ્યવસ્થા અને અનૈતિકતાની જે દુર્બળતાઓ રહેલી છે એમનું ગંભીરતાપૂર્વક નિરીક્ષણ કરે અને એ આત્મચિંતનમાં જે દોષ જણાય એને સુધારવા માટે એક ક્રમબદ્ધ યોજના બનાવીને આગળ વધે.

આત્મચિંતન માટે આપણામાંથી દરેક વ્યક્તિએ પોતાને નીચેના પ્રશ્નો પૂછવા જોઈએ અને એમના જવાબ નોંધી લેવા જોઈએ :

(૧) સમય જેવી જીવનની અમૂલ્ય નિધિનો આપણે સારી રીતે સદુપયોગ કરીએ છીએ ખરા ? એની બરબાદી તો નથી થતી ને ?

(૨) જીવનલક્ષ્યની પ્રાપ્તિનું આપણને ધ્યાન છે કે નહીં ? શરીરસજ્જામાં જ આ અમૂલ્ય અવસરને નષ્ટ નથી કરી રહ્યા ને ? દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિની સેવાના પુનિત કર્તવ્યની ઉપેક્ષા તો નથી કરી રહ્યા ને ?

(૩) આપણી વિચારધારા અને કાર્યોમાં આપણે આંધળું અનુકરણ કરી રહ્યા છીએ કે પછી વિવેક, દૂરદર્શિતા અને આદર્શવાદિતા અનુસાર એમનો નિર્ણય કર્યો છે ?

(૪) મનોવિકારો અને કુસંસ્કારોનું શમન કરવા માટે આપણે સંઘર્ષશીલ રહીએ છીએ કે નહીં ? નાનાં નાનાં કારણોને લઈને આપણે આપણી માનસિક શાંતિથી હાથ ધોઈને પ્રગતિના બધા રસ્તા અવરોધવાની ભૂલ તો નથી કરતા ને ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૫) શરીર, વસ્ત્ર, ઘર તથા વસ્તુઓને સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવાનો અભ્યાસ શરૂ કર્યો કે નહીં ? શ્રમ પ્રત્યે ધૃણા તો નથી કરતા ને ?

(૬) કટુભાષણ, બીજાની ભૂલો શોધવી અને અશુભ કલ્પનાઓ કરતા રહેવાની આદત છોડીને કાયમ સંતુષ્ટ, પ્રયત્નશીલ અને હસમુખા રહેવાની ટેવ આપણે પાડી રહ્યા છીએ કે નહીં ?

(૭) પરિવારને સુસંસ્કારી બનાવવા માટે આવશ્યક ધ્યાન અને સમય આપીએ છીએ કે નહીં ?

(૮) આહાર સાત્ત્વિક છે કે નહિ ? જીભના ચટાકાની આદત છૂટી કે નહીં ? સપ્તાહમાં એક સમય ઉપવાસ, વહેલા સૂવું અને વહેલા ઊઠવું તથા બ્રહ્મચર્યનો નિયમ પાળો છો કે નહીં ?

(૯) ઈશ્વર ઉપાસના, આત્મચિંતન તથા સ્વાધ્યાયને આપણા નિત્ય નિયમમાં સ્થાન આપ્યું છે કે નહીં ?

(૧૦) આવક કરતાં વધુ ખર્ચ તો નથી કરતા ને ? કોઈ વ્યસન તો નથી ? બચત કરો છો કે નહીં ?

ઉપરોક્ત દસ પ્રશ્નો નિત્ય પોતાને પૂછતા રહીને પોતાનો આત્મા જે ઉત્તર આપે એના પર વિચાર કરવો જોઈએ અને જે ત્રુટિઓ જણાય એમને સુધારવા માટે નિત્ય પ્રયત્નો કરવા જોઈએ.

આત્મસુધાર માટે ક્રમિક પરિષ્કારની પદ્ધતિ અપનાવવાથી પણ કામ ચાલી શકે છે. આપણા બધા દોષદુર્ગુણોનો એક જ દિવસમાં ત્યાગ કરી નાખવાનો ઉત્સાહ લોકોમાં જાગે છે, પરંતુ સંકલ્પશક્તિના અભાવમાં એ પ્રતિજ્ઞા ટકતી નથી. થોડાક સમયમાં એ જ જૂના કુસંસ્કારોની શરૂઆત થઈ જાય છે. પ્રતિજ્ઞા ન નિભાવી શકવાથી પોતાનું સંકલ્પબળ ઘટી જાય છે અને પછી નાની-નાની પ્રતિજ્ઞાઓને નિભાવવાનું પણ મુશ્કેલ થઈ જાય છે. આ ક્રમ લાંબા સમય સમય સુધી ચાલવાથી મનુષ્યનો આત્મવિશ્વાસ પણ ડગી જાય છે અને એ વિચારે છે કે, મારા કુસંસ્કાર એટલા પ્રબળ છે કે, જીવનોત્કર્ષની દિશામાં આગળ વધવાનું મારા માટે શક્ય જ નથી. આ નિરાશાજનક સ્થિતિ ત્યારે જ આવે છે કે, જ્યારે કોઈ વ્યક્તિ આવેશ અને ઉત્સાહમાં પોતાના બધા દોષદુર્ગુણોને તરત ત્યાગી દેવાની પ્રતિજ્ઞા કરે છે અને મનોબળના અભાવના કારણે ચિરસ્થાયી કુસંસ્કારો સામે લડી નથી શકતી.

આત્મશોધનનું કાર્ય એક પપ્રકારનો 'દેવાસુર સંગ્રામ' છે. કુસંસ્કારોની આસુરી વૃત્તિઓ પોતાનો મોરચો જમાવીને બેસી જાય છે અને એ સંસ્કાર ધારણ કરવાના પ્રયત્નોને નિષ્ફળ બનાવવા માટે અનેક છળકપટો કરતી રહે છે. એટલે ક્રમશઃ આગળ વધવા માટે સુવ્યવસ્થિત રીતે આપણા દોષદુર્ગુણોને પરાજિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. સાચી રીત તો એ છે કે આપણી બધી બૂરાઈઓ અને દુર્બળતાઓને એક કાગળ પર નોંધી લેવી જોઈએ અને દરરોજ વહેલી સવારે ઊઠીને એ દિવસનો એવો કાર્યક્રમ બનાવવો જોઈએ કે આજે મારે અમુક દુર્બળતાઓ અમુક પ્રમાણમાં ઘટાડવી જ છે. એ દિવસનો જે કાર્યક્રમ બનાવ્યો હોય તે સંબંધમાં વિચાર કરી લેવો જોઈએ કે આમાં ક્યારે કેટલા, કયા કયા કુસંસ્કારોની પ્રબળતા રહેવાની સંભાવના છે. એ સંભાવનાઓ સામે આવતાં આપણે કમસે કમ કેટલી આદર્શવાદિતા દેખાડવી જોઈએ એ નિર્ણય પહેલેથી જ કરી લેવો જોઈએ અને ફરી આખો દિવસ વહેલી સવારે લીધેલી પ્રતિજ્ઞાને નિભાવવા માટે દઢતાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે દરરોજ સફળતાપૂર્વક આત્મસુધારની દિશામાં આગળ વધીએ તો આપણું સાહસ વધશે અને ધીરે ધીરે બધા જ દોષદુર્ગુણોને છોડી શકાશે.

**'નાનો સંકલ્પ - મોટી સફળતા'**

આજે આટલી જ માત્રામાં ભોજન કરીશું, આટલે દૂર ફરવા જઈશું, આટલો વ્યાયામ કરીશું, આજે તો બ્રહ્મચર્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાખીશું જ, બીડી પીવાનું કોઈ વ્યસન હોય તો રોજ જેટલી બીડી પીતા હો એમાંથી એક ઓછી કરી જ દઈશું, આટલો સમય તો ભજન અથવા સ્વાધ્યાય કરીશું જ, સફાઈ અને વ્યવસ્થામાં આટલો સમય કાઢીશું જ. આવી નાની નાની પ્રતિજ્ઞાઓ નિત્ય લેવી જોઈએ અને એ દિવસે તો એનું કડકાઈથી પાલન કરવું જ જોઈએ. બીજા દિવસની સ્થિતિ સમજીને ફરી બીજા દિવસની સુધારેલી દિનચર્યા બનાવવી જોઈએ. આમાં શારીરિક ક્રિયાઓનો જ નહીં, માનસિક પ્રવૃત્તિઓનો સુધાર કરવા માટેનું ધ્યાન પણ રાખવું જોઈએ. દરરોજ નાની નાની સફળતાઓ પ્રાપ્ત કરવાથી આપણું મનોબળ નિરંતર વધે છે અને પછી આપણું સાહસ અને સંકલ્પબળ એટલું જ મજબૂત થઈ જાય છે કે આત્મશોધનની કોઈ અઘરી પ્રતિજ્ઞાને થોડા દિવસ માટે નહીં, પરંતુ આજીવન નિભાવવી સરળ થઈ જાય છે.

દૈનિક આત્મચિંતન અને દિનચર્યા માટે એક સમય નક્કી કરવો જોઈએ. દિનચર્યા નક્કી કરવા માટે વહેલી સવારે ઊઠીને જ્યાં સુધી પથારીનો ત્યાગ ન કરીએ એ સમય સર્વોત્તમ છે. સામાન્ય રીતે ઊંઘ પૂરી થયા પછી પણ થોડા સમય બાદ આપણે પથારી છોડીએ છીએ. થોડોક સમય એમ જ આળસમાં પડી રહીએ છીએ. આ સમય દૈનિક કાર્યક્રમ બનાવવા માટે ઉત્તમ છે. પથારીમાં પડ્યા પછી પણ કોઈને તરત જ ઊંઘ નથી આવતી. આમાં થોડો સમય લાગે છે. આ સમય દરમિયાન આત્મચિંતન માટે આપણે પોતાને આ દસ પ્રશ્નો પૂછીને એમનો ઉત્તર મેળવવો જોઈએ. જેમની પાસે અન્ય સગવડભર્યો સમય હોય તેઓ આ કાર્યને સગવડતાના અન્ય સમયે પણ કરી શકે છે, પણ ઉપરોક્ત બંને સમય વ્યસ્તમાં વ્યસ્ત સજ્જનો માટે પણ સુવિધાજનક બની શકે છે. આ બંને પ્રક્રિયાઓને અપનાવીને આપણે આસાનીથી આત્મિક પ્રગતિના માર્ગ પર ઘણા આગળ વધી શકીએ છીએ.

卐 卐 卐 卐 卐

## અંધવિશ્વાસ કેવી રીતે ફેલાય છે ?

એક હતા પંડિત, દરરોજ પૂજા બાદ શંખ વગાડતા. શંખ ધ્વનિ સાંભળતાં જ પડોસના ધોબીનો ગધેડો જોરજોરથી અવાજ કરતો. પંડિતજી બહુ ખુશ થતા અને કહેતા કે ગધેડો પૂર્વજન્મનો યોગી છે, તેનું નામ પણ એમણે શંખરાજ રાખી લીધું હતું. એક દિવસ શંખરાજ બોલ્યા નહીં તો ખબર પડી કે ગધેડો મરી ગયો છે. પંડિતજીએ આ દુઃખમાં પોતાનું માથું મુંડાવી નાખ્યું. શંખરાજ મરી ગયો છે એ ખબર અને પંડિતજીનું માથું મુંડાવવાની ખબર સાંભળી એમના યજમાનોએ માથા મુંડાવી લીધાં. એ જ દિવસે ગામમાં એક સિપાઈ આવ્યો અને એણે શંખરાજના મરણની ખબર સાંભળી તો પોતે પણ વાળ કઢાવ્યા અને ધીરે-ધીરે આખી ફોજે માથા મુંડાવ્યાં. હેરાન અફસરો તપાસ કરી ત્યારે ખબર પડી કે શંખરાજ કોઈ વ્યક્તિ નહીં પણ ગધેડો હતો, કોઈએ વસ્તુસ્થિતિ જાણવાનો પ્રયત્ન ન કર્યો. અંધવિશ્વાસ આવી જ રીતે ફેલાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શ્રી સત્યનારાય વ્રતકથાની દિવ્ય પ્રેરણા

**શ્રી** સત્યનારાયણ વ્રતકથા દિવ્ય પ્રેરણાઓ અને ભરપૂર વ્યાખ્યાનોથી ઓતપ્રોત છે. આ કથાનું પ્રારંભિક મૂળ રૂપ ચોક્કસપણે એટલું ચમત્કારી રહ્યું હશે કે તેની ફળશ્રુતિ જેવી બતાવવામાં આવે છે તેવી જ રહી હશે. એનું એક કારણ એ પણ છે કે, તત્કાલીન સમાજનો માનસિક સ્તર એટલો સરળ અને સુગમ હતો કે પ્રેરણાઓથી મનુષ્યનું જીવન પરિવર્તિત થઈ જતું હતું. આજે પરિસ્થિતિઓ જુદી છે. આજના મનુષ્યના મગજમાં એટલી વિકૃતિઓ ભરેલી છે કે કાદવમાં કમળ ઉગાડવા જેવો પુરુષાર્થ કરવો પડશે. હવે જનમાનસ કાલ્પનિક ચમત્કારિક કથાઓ પર વિશ્વાસ નહિ કરે. તેને તથ્ય અને પ્રમાણોના માધ્યમથી એ સિદ્ધ કરી બતાવવું પડશે કે આ કથાની ફળશ્રુતિઓ જેવી બતાવવામાં આવે છે તેવી જ ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. આજે પરંપરાગત કથાનું જે સ્વરૂપ છે તેને અનુસાર કથાવાચક પાસેથી કથા સાંભળી લઈએ પછી ગમે તે કરીએ, ગમે તેમ રહીએ, નીતિનું પાલન કરીએ કે અનીતિનું કરીએ, જીવનવ્યવહારમાં વિવેકનો ઉપયોગ કરીએ કે ન કરીએ. એટલું જ પર્યાપ્ત છે કે પૂનમના દિવસે કે અમુક દિવસે નિર્ધારિત વિધિ-નિયમ મુજબ શ્રી સત્યનારાયણની કથા સાંભળી લઈએ અને તે દિવસે ઉપવાસ કરી લઈએ. જો આટલું જ કરી લઈએ તો નથી કોઈ પાપ લાગતું કે નથી કોઈ અપરાધ. મનુષ્ય બધાં પાપોથી મકત બની જાય છે. હાલમાં પ્રચલિત આ કથાનો આટલો જ સાર-સંદેશ છે. કોઈપણ વિવેકશીલ માણસ આ સંદેશને હાસ્યાસ્પદ જ કહેશે. પ્રાચીન સાહિત્યની ઉપદેશશૈલી એ પ્રકારની છે કે તેનો વાસ્તવિક અર્થ તો ગૂઢ હોય છે, પરંતુ અલંકારિક શૈલી ગૂઢ વિષયને સરળ, રોચક અને બોધગમ્ય બનાવી દે છે. આ શૈલી શ્રોતાની મનોભૂમિની ગ્રહણશીલતા વધારી તેને ઉપયુક્ત બનાવે છે. ગ્રહણશીલ મનોભૂમિમાં ઉપયોગી પ્રેરણાઓનાં બીજ વાવવામાં આવે છે ત્યારે આધ્યાત્મિક પ્રેરણાઓનો અપૂર્વ પાક ઊગે છે. શ્રી સત્યનારાયણ કથામાં રહેલ અર્થને સમજી તેને જીવનમાં ઉતારવો જોઈએ. આ ઉદ્દેશથી જ પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ આ કથાને તર્ક, તથ્ય અને પ્રમાણોના આધારે લખીને યોજનાબદ્ધ રીતે તેનાં પાંચ દિવસીય આયોજનો દરેક સ્થળે કરાવવાના અભિયાનનો પ્રારંભ કર્યો છે.

મુશ્કેલી એ છે કે, શ્રી સત્યનારાયણ કથા સાંભળી લેવા માત્રથી તાત્કાલિક લાભ મળવાની ધારણા એટલી દૃઢ બની ગઈ છે કે, તેના વેગમાં ગૂઢ અર્થ જ ઢંકાઈ ગયો છે. બિનઉપયોગી વાવાઝોડામાં ઉપયોગી ખોવાઈ જવાને કારણે શ્રી સત્યનારાયણ કથા બેવડા મારનો ભોગ બની ગઈ છે. બમણું એ રીતે કે શ્રદ્ધાવાન ભાવુક સ્વભાવના લોકો આ કથા પાસેથી કોણ જાણે કેવી-કેવી ચમત્કારી અપેક્ષાઓ રાખવા લાગ્યા અને બુદ્ધિજીવીઓ માટે આ કારણે જ આ કથા ઉપહાસનું કારણ બની ગઈ. પરમપૂજ્ય આચાર્યશ્રીએ આ મુશ્કેલી દૂર કરી દીધી છે. ગાયત્રી તપોભૂમિ, મથુરામાં આપેલ પ્રવચનોમાં એમણે આ કથાને એવો વળાંક આપ્યો છે કે તે શ્રદ્ધાળુ લોકોને પણ દિવ્ય પ્રેરણાઓથી ભરી દે છે અને બુદ્ધિજીવીઓને પણ કથાના મૂલ્ય અને મહત્ત્વથી પરિચિત કરાવી દે છે. કથાનો મૂળ વિષય તો યથાવત્ રહેવા દેવામાં આવ્યો છે, પરંતુ તેની ઉપયોગિતા અને મહત્ત્વને ફરી સ્થાપિત કરવામાં આવી છે. પૂજ્ય ગુરુદેવનાં આ પ્રવચનોને યાદ રાખી કથાનું શ્રવણ કરવાથી મનુષ્ય સમસ્ત ફળશ્રુતિઓને ચરિતાર્થ થતી અનુભવી શકે છે. આગામી અંકોમાં આચાર્યશ્રીનાં પ્રવચનોને સાંભળી જે સારાંશ અમે તૈયાર કર્યો હતો તેના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આધારે શ્રુતિ અને સ્મૃતિરૂપે શ્રી સત્યનારાયણ કથાની સાર્થકતાની ચર્ચા કરીશું.

શ્રી સત્યનારાયણ કથામાં સદાનંદ બ્રાહ્મણ, લીલાવતી-કલાવતીની, તુંગધ્વજ રાજાની તથા લાકડાં કાપનારની કથા છે. આ કથાઓમાં એ બતાવવામાં આવ્યું છે કે સદાનંદ બ્રાહ્મણ, કલાવતી, રાજા અને લાકડાં કાપનારે શ્રી સત્યનારાયણની કથા સાંભળી અને તેનાથી એમનું જીવન બદલાઈ ગયું તથા એમને ઘણી મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિઓ મળી. અહીં સવાલ ઊભો થાય છે કે, એ કઈ કથા છે કે, જેથી સદાનંદ બ્રાહ્મણ, કલાવતી અને લાકડાં કાપનારે કથા સાંભળી અને જે કથાને ગોવાળિયા બાળકો વૃક્ષ નીચે એકત્ર થઈ સાંભળી રહ્યા હતા ? અસલ કથા તો એ જ છે કે જેને આ લોકોએ સાંભળી હતી. **શ્રી સત્યનારાયણ કથાના પાંચ અધ્યાયોમાંથી પહેલા અધ્યાયની કથા જ મુખ્ય છે,** બાકીના ચારેય અધ્યાયોમાં આ કથાને કોણે-કોણે પોતાના આચરણમાં ઉતારી અને તેનો શું લાભ મેળવ્યો ? કોણે તેની અવગણના કરી અને શું નુકસાન ભોગવવું પડ્યું ? સમાજના ચાર વર્ણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનાં કયાં કર્તવ્યો છે અને કયા ધર્મ ? તેની વ્યાખ્યા સદાનંદ બ્રાહ્મણ, સાધુ વૈશ્ય, તુંગધ્વજ ક્ષત્રિય અને લાકડાં કાપનાર શુદ્રની કથાના માધ્યમથી કરવામાં આવી છે. આ રીતે આ કથા સંપૂર્ણ સમાજના દરેક વ્યક્તિને માર્ગદર્શન અને પ્રેરણા આપી ઊંચે ઉઠાવવાનો અસફળ પ્રયાસ કરે છે. આવશ્યકતા એ વાતની છે કે, આચાર્યશ્રીનાં પ્રવચનોને સાંભળીને જ કથાનું શ્રવણ કરવામાં આવે.

એકવાર નૈમિષારણ્યમાં શૌનક વગેરે ઋષિઓ ભેગા થયા. જુદા જુદા રહેવાથી કોઈ મહત્ત્વનું કામ થતું નથી. તેથી ઋષિમુનિઓ ભેગા મળીને સમસ્યાઓનું સમાધાન શોધતા હતા. અહીં નૈમિષારણ્યમાં પણ ઋષિમુનિઓ એ યુગની સમસ્યાઓ પર વિચાર કરવા માટે ભેગા થયા હતા. આ વખતે ઋષિઓએ સૂતજીને પૂછ્યું, ''હે મહામુનિ, એવું કયું વ્રત અને તપ છે કે જેનું પાલન કરવાથી દુઃખોનું નિવારણ થાય છે ?'' *તપનો અર્થ છે પોતાની જાતને તપાવવી અર્થાત્ કષ્ટ* સહન કરવું. સંયમથી રહેવું એક તપ છે. વ્રત એને કહેવાય કે એક વાર જે સંકલ્પ કરીએ તેનું જીવનભર પાલન કરવું. સૂતજી એમને કહેવાય કે જે કથા સંભળાવીને સમજાવે અને એ કથાના માધ્યમથી જીવનમાં ઉપયોગી બને એવી પ્રેરણાઓને જાગૃત કરે.

સૂતજી બોલ્યા, ''હે મુનિઓ, નારદજીએ એકવાર આવો જ પ્રશ્ન કમલાપતિ ભગવાન વિષ્ણુને પૂછ્યો હતો. ભગવાને નારદજીને જે વ્રત કહ્યું એ હું તમને કહી સંભળાવું છું તે ધ્યાનથી સાંભળો. નારદજી એકવાર મૃત્યુલોકમાં આવ્યા. એમણે પ્રાણીઓને પોતાનાં જ ખરાબ કર્મોને કારણે દુઃખો ભોગવતાં જોયા.''

યોગી એને કહેવાય છે કે જે પોતાની ઉન્નતિની સાથે સાથે બીજાઓની ઉન્નતિનો પણ વિચાર કરે છે. આથી નારદજી યોગી કહેવાય છે. તેઓ હંમેશાં બીજાઓનાં દુઃખો દૂર કર્યા કરતા હતા. સંતો વાદળોની જેમ સતત ફર્યા કરે છે. જ્યાં સૂકી જમીન દેખાય છે ત્યાં વરસે છે. લોકોનાં દુઃખો દૂર કરવા નારદજી મૃત્યુલોકમાં આવ્યા હતા. અહીં એમણે લોકોને અનેક પ્રકારનાં દુઃખોમાં ડૂબેલા જોયા. અનેક યોનિઓમાં ભટક્યા પછી મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે. તેથી એના સ્વભાવમાં પશુયોનિઓના સંસ્કાર પણ આવી જાય છે. મનુષ્ય કૂતરાની જેમ ખુશામત કરે છે, જ્યાં ત્યાં પૂંછડી પટપટાવે છે, સાપની જેમ ખૂબ ગુસ્સે થઈ જાય છે, કાગડાની જેમ ભક્ષ્ય-અભક્ષ્યનું ભાન રાખતો નથી. આ રીતે જુદી જુદી યોનિઓના સંસ્કારવાળા લોકો જોવા મળે છે. આ સ્વભાવવાળા લોકોથી દરેક વ્યક્તિ પરેશાન થાય છે, દુઃખી થાય છે.

*કાહુ ન કોઉ દુઃખ કર દાતા ।।*
*નિજ કૃત કર્મ ભોગ કર ભ્રાતા ।।*

આપણને ભગવાન દુઃખી કરતો નથી. આપણે આપણા કર્મને લીધે જ દુઃખી થઈએ છીએ તથા બીમાર પણ પડીએ છીએ. નારદજીએ એ પણ જોયું કે મનુષ્ય પોતાનાં કર્મોના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કારણે જ દુઃખ ભોગવે છે. આ દુઃખો ક્યા ઉપાયથી દૂર થાય એવો વિચાર કરીને નારદજી વિષ્ણુલોકમાં ગયા. સંતને હંમેશાં એક જ ચિંતા રહે છે કે સંસારના લોકો કઈ રીતે સુખી થાય, દરેક ઘરમાં પ્રેમભાવના કેવી રીતે વધે અને ઘરનું વાતાવરણ સ્વર્ગ જેવું સુંદર કઈ રીતે બને ? ચાર ભુજાઓવાળા, હાથમાં શંખચક્ર, ગદા અને કમળવાળા વિષ્ણુ ભગવાનનાં દર્શન કર્યાં. આપણાં કાર્યો શંખ જેવા હોવાં જોઈએ જે બીજાઓને જગાડે. ચક્રની જેમ આપણે સતત ગતિશીલ રહીએ, સતત કર્મ કરતા રહીએ. ગદા દંડ આપવા માટે છે. વિદ્યાર્થીને તથા વાનપ્રસ્થને ધર્મદંડ આપવામાં આવે છે. આ સમાજને જ્ઞાન, ઉપદેશ તથા સમજાવટથી સુધારી શકાય છે, પરંતુ કેટલાક લોકો એવા હોય છે કે જેઓ સમજાવવાથી માનતા નથી. તેથી તેમને ડરાવવા માટે હથિયારની જરૂર પડે છે. આથી ભગવાનના એક હાથમાં ગદા હોય છે. ભગવાન રામ અને કૃષ્ણે દુષ્ટોને મારી નાખ્યા હતા. આપણી પાસે પણ દંડ આપવાની ક્ષમતા હોવી જોઈએ.

નારદજીએ વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરી. ભગવાનને કહ્યું કે તમે ક્યા હેતુથી અહીં આવ્યા છો તે કહો. હે નારદ, તમારા મનમાં જે હોય તે નિઃસંકોચે કહો. દેવર્ષિ નારદજીએ કહ્યું કે, હું મૃત્યુલોકમાં ગયો હતો. ત્યાં મનુષ્યોને મેં અનેક પ્રકારનાં દુઃખો ભોગવતા જોયા લોકો દિવ્ય આત્મા જેવું જીવન જીવતા નથી, પરંતુ મચ્છર, માખી તથા વીંછી જેવું જીવન જીવી રહ્યા છે. મનુષ્યો હોવા છતાં તેઓ કૂતરાં, બિલાડાં જેવું પશુમય જીવન જીવી રહ્યા છે. પાપના માર્ગે ચાલવાના કારણે તથા કુકર્મો કરવાના કારણે બધા લોકો દુઃખી છે.

નારદજીએ કહ્યું કે હે ભગવાન, એમનાં દુઃખો દૂર થાય એવો કોઈ ઉપાય બતાવો જેથી એમના આત્માને શાંતિ મળે. એવો સરળ ઉપાય બતાવો કે જેથી કર્મફળનો નિયમ પણ ન તૂટે અને છતાં બધાંનું કલ્યાણ થાય. જેમની ઉપર ભગવાનની કૃપા થાય છે એમનાં દુઃખ દૂર થઈ જાય છે અને જેમની ઉપર ભગવાનની કૃપા નથી થતી તેઓ વાસના અને તૃષ્ણાઓથી ઘેરાયેલા રહે છે.

જેમની ઉપર ભગવાનની કૃપા થાય છે એમને દુઃખો કે કષ્ટો સતાવી શકતાં નથી. સ્વપ્નમાં ભગવાનનાં દર્શન થવાં તે ભગવાનની કૃપા નથી. ભગવાન મનુષ્યના અંતરમાં રહે છે અને એને સન્માર્ગ બતાવતા રહે છે. ભગવાન વિષ્ણુએ કહ્યું કે તમારો પ્રશ્ન ઉત્તમ છે કારણ કે તમે એ લોકમંગલની ભાવનાથી પૂછ્યો છે. જેનામાં લોકકલ્યાણની ભાવના હોય છે એનો મોહ છૂટી જાય છે. હસવું અને લોટ ફાકવો એ બેઉ કામ એક સાથે થઈ શકતાં નથી. એ જ રીતે લોકકલ્યાણનું કામ કરવાની ઈચ્છાવાળા મનુષ્યે મોહ છોડી દેવો જોઈએ.

શંકરાચાર્યે માનો મોહ તોડી નાખ્યો હતો. સમર્થ ગુરુ રામદાસે લગ્નનો મોહ તોડ્યો હતો. મોહ આપણને સન્માર્ગે આગળ વધવા દેતો નથી. એના કારણે મનુષ્ય સેવા, પરોપકાર, તપ કશું જ કરી શકતો નથી. ભગવાને નારદજીને કહ્યું કે હું તમને એક એવું વ્રત બતાવું છું કે જે મનુષ્યના મોહને દૂર કરે. શ્રી સત્યનારાયણનું વ્રત એવું છે કે જે વિધિપૂર્વક કરવાથી મનુષ્ય સુખી થાય છે અને મોક્ષ મેળવે છે. આપણે બધા કામ, ક્રોધ, લોભ વગેરેથી બંધાયેલા છીએ. એ બંધનો તોડી નાખવાથી જીવતા મનુષ્યને પણ મોક્ષ મળે છે. સત્યનારાયણ ભગવાનનું વ્રત એવું છે જે મનુષ્યને ધીરે ધીરે મુક્તિ સુધી પહોંચાડે છે. માત્ર કથા સાંભળવાથી કોઈને વૈકુંઠ મળતું નથી. સત્યને ભગવાનનું સ્વરૂપ માનીને જીવનમાં ધારણ કરવું જોઈએ તો જ એ વૈકુંઠ મળે. ગાંધીજી સત્યને ભગવાન માનતા હતા. એના બળે તેઓ રાષ્ટ્રપિતા બની ગયા. ગાંધીજીને સાંભળવા માટે લાખો લોકોની ભીડ જામતી હતી.

નારદજીએ ભગવાનને પૂછ્યું કે પ્રભુ, સત્યનારાયણના વ્રતથી શું ફળ મળે છે, એ વ્રત કરવાની શું વિધિ છે તથા આ વ્રત પહેલાં કોણે કોણે કર્યું હતું તે મને વિસ્તારથી જણાવો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભગવાને કહ્યું કે હે નારદ, મૃત્યુલોકમાં લોકો સત્યની ઉપેક્ષા કરવાના કારણે જ દુઃખી થાય છે તથા અનેક કષ્ટો ભોગવે છે.

નારદજી બોલ્યા કે હે ભગવાન, સત્યધર્મનું વ્યવહારિક સ્વરૂપ કયું છે ? સત્યધર્મ ધારણ કરનારનું આચરણ કેવું હોવું જોઈએ ? આ સાંભળી ભગવાને કહ્યું કે હે નારદ, માત્ર વચનથી જ સત્યનું પાલન નથી થતું. સત્ય તો એને કહેવાય કે જેનાથી ધર્મનું રક્ષણ થાય અને પ્રાણીમાત્રનું હિત પણ સધાતું હોય.

એક કસાઈ ગાય પાછળ દોડતો હતો. રસ્તે એક ઋષિ જઈ રહ્યા હતા. એમણે ગાયને ભાગતાં જોઈ. કસાઈએ એમને પૂછ્યું કે તમે અહીંથી એક ગાયને ભાગતી જોઈ ? ઋષિએ જવાબ આપ્યો કે જેણે જોઈ છે તે બોલતી નથી અને જે બોલે છે તેણે જોઈ નથી. કસાઈ આનો અર્થ સમજી ના શક્યો તેથી ત્યાંથી જતો રહ્યો.

માત્ર સાચું બોલવું એને જ સત્ય નથી કહેવાતું. કદી એવી ઈચ્છા ન કરો કે જે અસત્ય પેદા કરે. સત્યને જીવનમાં ઉતારવું જોઈએ. એવું ના વિચારવું જોઈએ કે નોકરીમાં લાંચ લઈને પૈસા ભેગા કરી દઈશું. પોતાના કર્તવ્યનું સારી રીતે પાલન કરવું એ જ સત્ય છે. મહેનત કરીને કમાવું અને પોતાના માટે ઓછામાં ઓછો ખર્ચ કરવો એ સત્ય છે. વધારાની કમાણીને લોકકલ્યાણ માટે વાપરવી તે સત્ય છે. આ બધાં સત્યવ્રતીનાં લક્ષણો છે. જેને સત્યમાં નિષ્ઠા હોય છે તે આ લોકમાં સુખશાંતિ અને પરલોકમાં સદ્‌ગતિ પ્રાપ્ત કરે છે. સત્યવ્રતવાળો મનુષ્ય દોષો તથા દુર્ગુણોથી દૂર રહીને પોતાના વ્યક્તિત્વને શ્રેષ્ઠ બનાવે છે. સત્યવ્રતીની વાણીમાં મધુરતા હોય છે. તેની વાણી પ્રિય અને હિતકર હોય છે.

સત્યવ્રતીએ વિવેક, સંયમ, સેવા અને સાહસ વગેરે સદ્‌ગુણોને પોતાના વ્યવહારમાં ઉતારવા જોઈએ. બધાની સાથે મધુર વ્યવહાર કરવો તથા હંમેશાં શુભ કર્મો કરવાં એને જ સત્યવ્રતધારી મનુષ્ય ભગવાનની સાચી પૂજા માને છે. તે આ સંસારને ભગવાનનું વિરાટ સ્વરૂપ માનીને બધાં પ્રાણીઓની સેવા તથા તેના હિતના જ વિચાર કર્યા કરે છે. તે પોતાના શરીર અને મનના આરોગ્યનું પણ પૂરતું ધ્યાન રાખે છે. તે પોતાની વાણી, મન, ઈન્દ્રિયો તથા આચરણથી કદી ખોટું કામ કરતો નથી. જેણે સત્યનું વ્રત લીધું હોય તે ખોટું કઈ રીતે બોલી શકે ? સત્યને માત્ર બોલવા પૂરતું મર્યાદિત રાખવાના બદલે એનું એકેએક કાર્ય સત્યમય હોવું જોઈએ. સત્યને આચરણમાં ઉતારવું જોઈએ જે અસત્યના માર્ગે જાય છે તે દુઃખી થાય છે. જેમ જેમ અસત્યને છોડીને સત્યના માર્ગે આગળ વધતા જઈએ તેમ તેમ સુખ પ્રાપ્ત થતું જાય છે.

જે નીતિ-વ્યવહારમાં, મર્યાદાઓમાં, ધર્મકર્તવ્યમાં સત્યનો આશરો લે છે એનાં દુઃખો દૂર થતાં જાય છે. ભગવાને કહ્યું કે હે નારદ, મનુષ્યોને કહો કે જો તેઓ સુખી રહેવા ઈચ્છતા હોય તો છળકપટ છોડી દે. જો તમે ભગવાન સુધી પહોંચવા ઈચ્છતા હો તો જીવનનું એકે એક આચરણ સત્યમય હોવું જોઈએ. જેઓ જીવનમાં સત્યને ધારણ કરે છે એમની ઉપર જ મને પ્રેમ રહે છે અને તેઓને હું મળીશ. સત્ય જ મારું સ્વરૂપ છે. તેથી મને શોધવો હોય તો સત્યમાં જ શોધે.

સત્યવ્રતધારી મનુષ્ય પાસેથી બધી મુશ્કેલીઓ ડરીને ભાગી જાય છે. ભવબંધનમાંથી તેને મુક્તિ મળી જાય છે અને તે દેવોની જેમ સુખ અને સંતોષભર્યું જીવન વિતાવે છે. હે નારદ, તમે મૃત્યુલોકમાં જઈને આ ઉત્તમ વ્રતનો સંદેશ પહોંચાડો. આ વ્રત સાંભળીને લોકો એનું વ્યવહારમાં આચરણ કરશે તો એમનાં બધાં જ કષ્ટો અને મુશ્કેલીઓ દૂર થઈ જશે અને બધાં સુખ અને સંતોષનું જીવન વિતાવશે. બધાનાં કર્મો સત્યમય બનશે. લોકો એકબીજાનું હિત કરશે, પ્રેમ, સહકાર અને સદાચારમાં વૃદ્ધિ થશે. તેઓ વ્યક્તિગત સ્વાર્થની વાત નહિ વિચારે, બધાનાં હિતનો વિચાર કરશે ત્યારે કોઈ દુઃખી નહિ રહે.

卐 卐 卐 卐 卐



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## ગો-સંવર્ધન

# ગૌરક્ષાનું નિરાકરણ સ્થિતિને અનુરૂપ શોધવું પડશે

**સં**પૂર્ણ ગૌહત્યાબંધીનો કાયદો ઘડી કાઢવાથી ગાયનું રક્ષણ થઈ શકે નહીં. ગાયના રક્ષણ માટે આપણે બારીકાઈપૂર્વક અને ગહનતાથી એ પરિસ્થિતિઓ પર વિચાર કરવો પડશે, કે જેના કારણે ગૌવંશની દયાજનક દુર્દશા થઈ રહી છે. તે કારણોને ખતમ કરીને જ ગાયના રક્ષણનો અસરકારક ઉપાય નીકળી શકે છે. તેને માટે નીચેના મુદ્દાઓ પર વિચાર કરવાની આવશ્યકતા છે :

**(૧) ગાય પાળનારા તથા ગાયને માતા કહેનારા દેશમાં શા માટે ભેંસપાલનને પ્રોત્સાહન મળી રહ્યું છે ? :**

ભારતના લોકોના મગજમાં દૂધની ક્વોલિટીમાં ચીકાશનું પ્રમાણ કેટલું છે તે માપવાની વૃત્તિ ઘર કરી ગઈ છે. બજારમાં દરેક જગ્યાએ ભેંસના દૂધની માગ છે, કારણ કે તેમાં ચીકાશનું પ્રમાણ વધારે હોવાથી સ્વાદિષ્ટ લાગે છે, છાસ, દહીં, ઘી, માવો વધારે નીકળવાના કારણે તે લાભદાયક પણ જણાય છે. ગાયનું દૂધ પાતળું હોય છે, એટલા માટે તેનું મહત્ત્વ ઘટાડી દેવામાં આવે છે અને લેવા માટે આનાકાની કરવામાં આવે છે, જે ખરીદે છે તેઓ ગાયનું દૂધ જોઈને જેટલી કિંમત આપવી જોઈએ તેના કરતાં ઓછી કિંમત આપે છે. એવી સ્થિતિમાં ગાય પાળનારને લાભ ઓછો થાય છે, જેથી એ પણ ગાયની ઉપેક્ષા કરે છે. પાળવા માટે ખરીદવા માટે આનાકાની કરે છે અને જે લોકો પાળે છે તેઓ પણ છેલ્લી કક્ષાનું ખાણ-ઘાસચારો નીરે છે. ફળ સ્વરૂપે જેટલું દૂધ મળી શકે તેમ હતું, એમાં પણ ત્રુટિ આવી જાય છે. ગાય પાળનાર અને દૂધ ખરીદનાર બંનેની દૃષ્ટિમાં ગાયના દૂધનું મહત્ત્વ ઘટી જવાના કારણે ગાયોની સંખ્યા ઘટતી જાય છે. જેટલી મહેનત ગાય માટે કરવી પડે છે, એટલી જ ભેંસ માટે. એ ખાણ તથા ખાણ તથા ઘાસચારો જરૂર ઓછો ખાય છે, પરંતુ રહેવા માટે જગ્યા તથા સેવાચાકરી એકસરખી કરવી પડે છે. **અર્થાત એની જગ્યા ભેંસ લઈ જાય છે, કારણ કે ભેંસ પાળવાથી વધારે લાભ થાય છે.**

લોકોના મનમાં ઊંડે સુધી એવી ભ્રમણા ઘર કરી ગઈ છે, કે ભેંસના દૂધની સરખામણીમાં ગાયનું દૂધ હલકા પ્રકારનું છે, કારણ કે તે પાતળું છે, મલાઈ ઓછી આવે છે. જ્યારે વાસ્તવિકતા એનાથી વિપરીત છે, કારણ કે પોષક તત્ત્વોની દૃષ્ટિએ ગાયનું દૂધ લગભગ એટલું જ ઉપયોગી છે, કે જેટલું માતાનું દૂધ. એમાં એ બધાં જ રસાયણો પૂરતા પ્રમાણમાં મળી આવે છે, કે જેની મનુષ્ય શરીરને વધુમાં વધુ આવશ્યકતા રહે છે. ઘટ્ટ અથવા પાતળું હોવું એ ગૌણ વાત છે. અગર ચીકાશની વધુ માત્રાને જ મહત્ત્વ આપવામાં આવે તો સોયાબીન, મગફળી, તલ, સરસવ વગેરે તેલમાંથી એનાથી પણ વધુ તથા સસ્તા પ્રમાણમાં ચીકાશ મળી શકે છે. આપણા શરીર માટે ચિકાશની વધુ માત્રા લાભદાયક નથી, પરંતુ તે વધારે નુકસાનકારક છે. એનાથી શરીરની સ્થૂળતા વધે છે અને ધમનીઓના અંદરના ભાગમાં ચરબીના પડળ જામી જાય છે તથા હૃદયરોગ થવાની શક્યતા રહે છે. પાચનમાં મુશ્કેલી પડે છે. આહારમાં ચીકાશનું પ્રમાણ જેટલું વધારે હશે, એટલો જ તે પચાવવામાં ભારે બનશે. આ રીતે ભેંસનું દૂધ જ્યાં મોંઘું પડે છે, ત્યાં બીજી બાજુ તે એટલું લાભદાયક પણ નથી. ભલેને તે ઘટ્ટ અથવા સ્વાદિષ્ટ લાગે.

સમગ્ર દુનિયાએ ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ હોય છે, એવો એક મતે એ વાતનો સ્વીકાર કર્યો છે. ભેંસ આફ્રિકા ખંડને બાદ કરતાં બાકીના અન્ય દેશોમાં ઓછી સંખ્યામાં મળી આવે છે. ત્યાં ચીકાશને દૂધનો રાસાયણિક ગુણ સમજવામાં આવે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. ભેંસના દૂધમાં રહેલા આરોગ્યવર્ધક ગુણોથી જન-જન પરિચિત છે. ત્યાં ભેંસના દૂધને તેલની શ્રેણીમાં ગણવામાં આવે છે તથા પીવા માટે દરેક વ્યક્તિ ગાયના દૂધનો ઉપયોગ કરે છે. સમૃદ્ધ તથા પ્રગતિશીલ કહેવાતા અમેરિકા, રશિયા, ડેન્માર્ક, સ્વિટ્ઝરલેન્ડ, ઓસ્ટ્રેલિયા જેવા દેશો કે જ્યાં ગાય પ્રત્યે માતૃભાવના અથવા હત્યા કરવાની મનાઈ ન હોવા છતાં પણ તેઓ પીવા માટે માત્ર ગાયના દૂધનો જ ઉપયોગ કરે છે. પરંતુ આપણે જ એવા અભાગી છીએ કે જય બોલીએ છીએ ગાયમાતાની અને દૂધ માંગીએ છીએ ભેંસનું આ એક દંભ જ કહેવાય.

ઉપરોક્ત ભ્રમ તથા જાણકારીના અભાવના ફળસ્વરૂપે એનું દુષ્પરિણામ એ આવ્યું, કે ન માત્ર ગૌવંશની ઉપેક્ષા તથા હ્રાસ થયો, પરંતુ એના બદલે ભેંસપાલનને પ્રોત્સાહન મળ્યું.

**(૨) ગૌવંશ શા માટે કતલખાને જાય છે ?**

**(અ) દૂધનો વ્યાપાર પ્રચલનમાં આવી જવાના ફળ સ્વરૂપે જ ગાયની ઉપયોગિતાનો માપદંડ બની ગયો છે.**

આઝાદી પછી શહેરોમાં જેમ-જેમ મોટા ઉદ્યોગો લાગવા લાગ્યા તેમ તેમ કામધંધાની શોધમાં ગામડાંના લોકો માટે શહેરો જ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનવા લાગ્યા. લોકોની શહેર તરફની નિરંતર દોડના ફળસ્વરૂપે શહેરની વધી રહેલી વસ્તી માટે દૂધની આવશ્યકતા તથા માગ વધી ગઈ. દૂધનું ઉત્પાદન અને ભરપાઈના એકમાત્ર સાધનરૂપ ગામડાઓમાંથી ન માત્ર દૂધના વ્યાપારીઓ દ્વારા દૂધનું વેચાણ શરૂ થયું, પરંતુ ધીરે ધીરે વ્યવસ્થિત રીતે વેચાણની વ્યવસ્થાનું માળખું તૈયાર થઈ જવાના કારણે ગરીબ ખેડૂત માટે દૂધનું વેચાણ જીવન જીવવાનું સાધન બનતું ગયું અને એક એવા વ્યાપારમાં બદલાતું ગયું કે જેમાં દૂધના ઘટતા પ્રમાણની સાથે ગાયની ઉપયોગિતા પણ ઘટતી દેખાવા લાગી અને ઓછું દૂધ આપવાના કારણે અથવા દૂધ આપવા માટે અયોગ્ય બની જવાની સ્થિતિમાં બિનઉપયોગી સમજવામાં આવી. દૂધનો વ્યાપાર વધી જવાના ફળસ્વરૂપે ભેંસના પાલન માટે આકર્ષણ વધતું ગયું. આજે ગામડાઓમાં ઘેર ઘેર સ્થિતિ એવી છે, કે મોટાભાગનાં કુટુંબો પોતાનાં બાળકોને દૂધ પિવડાવી શકતાં નથી, પરંતુ જીવવનો નિર્વાહ ચલાવવા દૂધના વેચાણ માટે જ ભેંસ જેવાં ઢોર પાળે છે. આજે ગામડાઓમાં ઘરે ઘરે દૂધનું વેચાણ કરવું એ એક પ્રથા બની ગઈ છે. દૂધના વ્યાપારની પ્રથાથી ન માત્ર ગાય પાળવા તરફનો દૃષ્ટિકોણ સંકુચિત થયો, પરંતુ દૂધનું ઉત્પાદન કરનારાઓના બાળકોના કુપોષણનું પ્રમાણ પણ વધ્યું. દૂધનું ઉત્પાદન ગામડાંના લોકો કરે છે અને પીવે છે શહેરવાળા.

**(બ) ડીઝલ દ્વારા ચાલતા પમ્પિંગ સેટ, ટ્રૅક્ટરના ભ્રમમાં બળદની ઉપયોગિતા અને આવશ્યકતા ભૂલતા જવું :**

ખેતરનું ખેડાણ, વાવણી, કાપણી, પીલાણ, ઉપણવા તથા જમીનમાંથી પાણી ખેંચી કાઢવા વગેરે કામ માટે જ્યારથી ટ્રૅક્ટર, પમ્પિંગ સેટ અને અન્ય પ્રકારનાં મશીનોનો વપરાશ વધવા લાગ્યો છે, ત્યારથી સામાન્ય રીતે ખેડૂતોના મગજમાં એ વાત બેસતી ગઈ છે, કે ખેતી માટે બળદ રાખવાની આવશ્યકતા નથી, ઊલટાનું તેનું પાલનપોષણ બિનજરૂરી બોજ જેવું જણાય છે. ભાડાનું ટ્રૅક્ટર અને વેચાતા પાણીથી ખેતી કરવી સગવડતાભરી લાગે છે. એવી પરિસ્થિતિમાં બળદની ઉપયોગિતા ન માત્ર મગજમાં ઓછી થઈ રહી છે, પરંતુ તે નીકળતી જઈ રહી છે. ગાય પાળનારા ખેડૂતની પાસે અગર જો કોઈ પણ ઉંમર ધરાવતો બળદ અથવા વાછડો હોય તો તેનો ઉપયોગિતાનો દૃષ્ટિકોણ માત્ર વ્યાપાર જ બની જાય છે. બીજી પણ એ વાત છે કે, આ આ મતિભ્રમના કારણે ન માત્ર બળદ તથા વાછરડાઓ કતલખાને પહોંચે છે, પરંતુ તેની ખેતી પણ પરાવલંબી બનવાની સ્થિતિ સર્જાય છે તથા ખેતીનાં તમામ કાર્યો સમયસર ન થઈ શકવાના કારણે મોંઘા તથા બિનલાભદાયક બની જાય છે અને કેટલાયે નાના-નાના મધ્યમ કક્ષાના ખેડૂતો ખેતીવાડી છોડવા અથવા અન્ય મજૂરી પર આધાર રાખવા માટે વિવશ બની જાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**(સ) રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓની છતના ભ્રમમાં છાણ અને ગૌમૂત્રનું ખાતર તથા જંતુનાશક દવા રૂપે ઉપયોગિતા, આવશ્યકતા ભૂલતા જવું :**

પાછલાં ૩૦ વર્ષના સમયગાળા દરમિયાન ખેતીમાં રાસાયણિક ખાતરોના પ્રચાર-વિસ્તાર તથા વપરાશે, ખેડૂતોને એનો ઉપયોગ કરવાની એવી આદત પાડી દીધી છે, કે તેઓ એને સંપૂર્ણ વિકલ્પ સમજી છાણ-ગૌમૂત્રનાં ખાતરની જરૂરિયાત જ ભૂલી ગયા છે.

આ વિચારસરણી તથા ભોળવાઈ જવાના કારણે એક બાજુ કુદરતી આહાર ન આપવાના કારણે, આપણી જમીનની ફળદ્રુપતા જર્જરિત બની ગઈ છે. તો બીજી બાજુ ખાતર તથા જંતુનાશક દવા રૂપે ગૌવંશના છાણ તથા મૂત્રનો જે ઉપયોગ થતો હતો એ ઉપયોગ લુપ્ત થતો ગયો અને આજે પરિસ્થિતિ એ સર્જાણી છે, કે દૂધ આપવા માટે બિનઉપયોગી અથવા ઓછું દૂધ આપનાર ગાયો અને ઘરડાં બળદોને માત્ર ખાતર માટે રાખવા, પાળવા પોષવા ઉપયોગી સમજવામાં આવતા નથી. જ્યારે તે ઉપજાઉ તથા કુદરતી ખેતીનો મુખ્ય આધાર છે.

**(દ) છાણ-ગૌમૂત્રની વાસ્તવિક ઉપયોગિતા ભૂલી જવાના કારણે ગૌરક્ષાને માત્ર શ્રદ્ધા તથા અંધવિશ્વાસ સાથે જોડી દેવાની માનસિક સ્થિતિનું વધતા જવું :**

ગાયના છાણમાં લક્ષ્મીનો તથા મૂત્રમાં ગંગાનો વાસ છે, એવું જે અનુપમ ગુણો તથા વિશેષતાઓના કારણે કહેવામાં આવ્યું છે. આ ધીરે ધીરે ગુણોના આધારે વિભિન્ન ઉપયોગોની માહિતી તથા પ્રચલન ઓછું થઈ લુપ્ત થઈ જવાના કારણે, તેનો ઉપયોગ માત્ર દૂધ સુધી જ મર્યાદિત રહી ગયો છે. તથા એવું સમજવામાં તથા માનવામાં આવતું રહ્યું છે કે અંધવિશ્વાસ અથવા શ્રદ્ધાવશ ગાયના મહત્ત્વની અને રક્ષણની વાત કરવામાં આવે છે, જે વાત ભૌતિકવાદી દૃષ્ટિકોણ સામે વ્યક્તિઓની ગળે ઉતરી શકતી નથી.

તબીબી જગતની જાણકારીમાં મનુષ્ય-શરીરનો કોઈ એવો રોગ નથી, કે, જેનો ઉપચાર છાણ-ગૌમૂત્રની સરળ-સસ્તી તથા ખાતરીદાયક ચિકિત્સા પદ્ધતિ (આયુર્વેદિક ચિકિત્સા) દ્વારા ન કરી શકાય, પરંતુ એલોપૈથિક ચિકિત્સા પદ્ધતિના વધતા પ્રભાવના કારણે એની માહિતી તથા પ્રચલન લગભગ સમાપ્ત થઈ ગયું છે.

છાણ તથા ગૌમૂત્રવાળી ભારતની ખેતપદ્ધતિમાં ઉપયોગિતાની વાસ્તવિકતાને કેન્દ્રીકરણ કરવામાં આવેલી અર્થવ્યવસ્થામાં નિર્ણય લેવાવાળાઓ અથવા એ નિર્ણયોને પ્રભાવિત કરનારી વ્યક્તિઓ દ્વારા અથવા તો અજ્ઞાનતાવશ અથવા જેમને ગામડાંની ખેતીવાડી સાથે કોઈ લેવાદેવા ન હોવાના કારણે અથવા અંગત સ્વાર્થવશ એ મર્યાદા સુધી નકારવામાં આવે છે, કે ગૌરક્ષાના મુદ્દાને સાંપ્રદાયિકતાનો વિષય ગણાવી તેને દૂર ધકેલી દેવામાં આવે છે.

**આર્થિક સુદૃઢતા તથા આરોગ્યના આધારસ્તંભ રૂપે તેના ઉપયોગની જાણકારી તથા પ્રચલનના અભાવે ભૌતિકવાદી દૃષ્ટિકોણ ધરાવતી વ્યક્તિઓ માટે ગાય માત્ર શ્રદ્ધા તથા અંધવિશ્વાસ સુધી માતા બનીને રહી ગઈ છે, તો પછી એને વેચીને અથવા કતલ કરીને આર્થિક આવક ઊભી કરવામાં હિચકિચાટ શા માટે ? આજે એ જ થઈ રહ્યું છે.**

**એ તથ્ય હજારવાર સમજી લેવું જોઈએ કે સાહસ વિના ગતિ નથી. જ્યાં ગતિ નથી ત્યાં પ્રગતિ કેવી ? અધ્યાત્મનું પહેલું સૂત્ર છે સાહસી થવું.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બિનજરૂરી નારીસજ્જા તેને ડૂબાડી દેશે

સૌંદર્યના અવલોકન, પ્રદર્શન અને સાન્નિધ્યની ઈચ્છા સ્વાભાવિક પણ છે અને ઉચિત પણ. આ કલાત્મક અભિરુચિ મનુષ્યના લાલિત્યનો પરિચય આપે છે, પરંતુ તે સૌમ્ય અને સતોગુણી હોવી જોઈએ. ત્યારે જ તેની ઉત્કૃષ્ટતા છે અને પ્રશંસા પણ, પરંતુ જો તે વિકૃત થવા લાગે તો અમૃતમાંથી વિષ પણ બની શકે છે. સજાવનાર તથા સંપર્કમાં આવનારને સાપની જેમ દંશ પણ આપી શકે છે.

પ્રકૃતિએ નારીને નરની તુલનામાં સ્વાભાવિક રીતે વધુ સુંદર બનાવી છે. તેના પર શાલીનતા અને સ્વચ્છતાનો પણ થોડો રંગ ઉમેરાઈ જાય તો એ તેની ચુંબકીય શક્તિથી કોઈને પણ ખુશ કરી શકે છે, પરંતુ સાથે જ કડવું સત્ય એ પણ છે કે, જો તેના પર મદિરા જેવી માદકતાનો રંગ ચઢી જાય તો પ્રસ્તુતકર્તા અને દર્શક બંને સર્વનાશની ખાઈમાં ઊતરી જશે. પછી નારીનું રમણી અને કામિની જેવું સ્વરૂપ નાગિન અને ડાકણની ભૂમિકા નિભાવવા લાગશે. તેનાથી પાપ અને પતનનો માર્ગ જ મોકળો થશે.

તેથી જેટલી જરૂર માનસિક સુંદરતાની છે તેટલી શારીરિક સુંદરતાની નથી. વસ્ત્ર અને આભૂષણો ગમે તેવાં કીમતી અને ઉચ્ચ સ્તરનાં કેમ ન હોય, ડિગ્રીઓ અને યોગ્યતા ભલે ઊંચી હોય, પરંતુ વ્યક્તિત્વને નિખાર આપનાર અને આકર્ષક બનાવનાર સદ્‌ગુણ 'શાલીનતા' ન હોય તો બધું વ્યર્થ છે. વ્યક્તિત્વ, વિકાસ માટે શારીરિક શાલીનતા એમાં નિખાર લાવે છે. નારીનું તો આ સાચું આભૂષણ છે, જેનો પ્રભાવ પરિવાર, વ્યક્તિ અને સમાજ પર પડ્યા વિના રહેતો નથી.

સૌંદર્યનું વિકૃત સ્વરૂપ છે - કામુક શ્રૃંગારિકતાનું વરવું પ્રદર્શન. આને બીજા શબ્દોમાં ફેશન પણ કહે છે. શરીર, વસ્ત્ર અને વાળને જ્યાં સુધી સુરુચિ, સ્વચ્છતા તથા સુસંસ્કારિત સુધી મર્યાદિત રાખવામાં આવે ત્યાં સુધી તે સુસંસ્કારિતા અને ખાનદાનીનો પરિચય આપે છે, પરંતુ જ્યારે તે દર્શકોમાં ઉત્તેજના વધારવાનો ઉદ્દેશ અપનાવવા લાગે ત્યારે સમજવું જોઈએ કે તેણે પોતાની ઉત્કૃષ્ટતાનો પરિત્યાગ કરી દીધો. આવી સજધજને જ ફૅશન કહે છે. એમાં નારીસુલભ લજ્જાના અંગઅવયવોને એવી રીતે પ્રદર્શિત કરવામાં આવે છે કે જેથી નિર્લજ્જતા છલકાય છે. આ નટનટીઓની સંસ્કૃતિ છે, જેની ભારતીય પરંપરામાં ક્યારે પણ પ્રશંસા કરવામાં આવી નથી.

સુંદરતા વધારવી એ નારીનો મૌલિક અધિકાર તો છે, પરંતુ શ્રૃંગાર એક મર્યાદાની અંદર જ રહેવો જોઈએ. આધુનિકતાના નામે પહેરવેશમાં જો તે અંગોનું અશોભનીય પ્રદર્શન કરે તો એ તેની રુગ્ણ માનસિકતાનું પ્રતીક જ માનવામાં આવશે. જે નવીનતાને તે એકરસતા દૂર કરનારી માને છે, લગભગ એ જ તેના ગળાનો ફાંસો બની જાય છે. ચમકદમકની ભડકદાર અને ઉત્તેજક ફૅશન જોઈને વ્યક્તિ એમની પ્રત્યે આકર્ષિત થાય છે અને એમની પ્રશંસા કરે છે, પરંતુ આ ખોટી પ્રશંસા પછીનાં જે દુષ્પરિણામો એમને ભોગવવાં પડે છે તે તો ભોગવનાર જ જાણે છે.

આધુનિક ફૅશનમાં ઓછાં કપડાં પહેરવાં, અંગોનું પ્રદર્શન કરવા અને ચુસ્ત કપડાં પહેરવામાં છોકરીઓ તો શું પ્રૌઢ મહિલાઓ પણ પાછળ નથી. પરિણામ બધાની સામે છે.

કૉલેજમાં ફક્ત ફૅશનની વાતો વધારે થાય છે અને ભણતર ઓછું. પરિણામે મનમાં ઉદ્દંડતાની યોજનાઓ બને છે. ઉદ્દંડ જનમાનસ આ ઉત્તેજનાનો ભોગ બની એવાં પગલાં ભરે છે, જે આપણાં બધાં માટે દુઃખદાયક અને દુર્ભાગ્યપૂર્ણ છે. આ કારણથી જ છેડતી, અપહરણ, બળાત્કાર વગેરેની ઘટનાઓ દિવસે-દિવસે વધી રહી છે. એમાં મુખ્ય અને પ્રત્યક્ષ દોષી તો પુરુષ જ હોય છે. ઘટનાક્રમના હિસાબે પણ અને પુરુષ નારીની ઈજ્જતનો પહેરેદાર હોવાને કારણે પણ, છતાં મનોમન એ સ્વીકારવું પણ પડશે કે તેને ઉત્તેજના પ્રદાન કરનાર યુવતીઓની આ ફૅશન પણ ઓછી જવાબદાર નથી, જેને અર્ધ-અશ્લીલ અને અપ્રત્યક્ષ નગ્નતાની સંજ્ઞા આપી શકાય છે. નારીએ એનાથી બચવું-બચાવવું જ જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પર્યાવરણ સંરક્ષણ

# યજ્ઞ-અગ્નિહોત્ર દ્વારા વાયુમંડળનું સંશોધન

આ વિચિત્ર યુગ છે. મનુષ્યની બુદ્ધિ વધી છે, સાથે જ આવક અને વિલાસની ઈચ્છા પણ. વૈજ્ઞાનિક પ્રગતિ આ કાર્ય માટે જ પ્રયોજવામાં આવી. કારખાનાઓ, વધતી જતી વસતિ, ધૂમ્રપાન અને વૃક્ષોની બેફામ કાપણી કરવાથી વાયુમંડળમાં ઑક્સિજનનું પ્રમાણ ઘટી ગયું છે અને પ્રદૂષણ વધી ગયું છે. અણુવિસ્ફોટોથી પેદા થતું વિકિરણ પણ આ વિષમયતાને વધારે છે. આ રીતે આપણે ધીરે-ધીરે એવા કાદવમાં ફસાતા જઈ રહ્યા છીએ કે જેમાં શુદ્ધ વાયુ મળવાનું મુશ્કેલ બની રહ્યું છે. આ ઉપક્રમ જે ઝડપે નિર્બાધ રીતે આગળ વધી રહ્યો છે તે જોતાં ભવિષ્ય અંધકારમય દેખાય છે.

અગ્નિહોત્રના ઘણા લાભ છે. એમાંથી એક એ પણ છે કે આકાશમાં વ્યાપેલી ગંદકી સાફ કરવાની એમાં અપૂર્વ ક્ષમતા છે. આ કથનથી મૂળ પ્રતિપાદનમાં કોઈ ફરક નથી પડતો કે અગ્નિહોત્રથી પેદા થતો કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાં ફેલાયેલ કાર્બન ડાયોક્સાઈડમાં ભળીને તેને વધારશે જ, ઘટાડશે કેવી રીતે ?

એ ઠીક છે કે, અગ્નિ જ્યાં પણ બળશે, ત્યાં ઑક્સિજન બળશે અને કાર્બન ડાયોક્સાઈડ પેદા થશે, છતાં એમ માનવું ન જોઈએ કે ગંદકીથી પેદા થયેલો તથા સુગંધમાંથી પેદા થયેલો કાર્બન-ડાઈ-ઑક્સાઈડ એક જ સ્તરના છે. એમાં ધરતી-આકાશ જેટલો ફરક છે. એટલું જ નહીં, એ પરસ્પર વિરોધી પણ છે. એમનામાં કાપવાની જ નહીં, બનાવવાની પણ ક્ષમતા છે. તલવારનો ઉપયોગ આક્રમણ માટે જ નથી થતો, તેનાથી આત્મરક્ષણ પણ થઈ શકે છે. સર્વમાન્ય સિદ્ધાંત છે- **'વિષસ્ય વિષમૌષધમ્'** એક વિષ બીજા વિષને કાપે છે. હોમિયોપેથીના સિદ્ધાંતમાં તો આ તથ્યને સંપૂર્ણપણે અપનાવવામાં આવ્યું છે. એમાં રોગોની ઉત્પત્તિનું કારણ પણ વિષને માનવામાં આવ્યું છે અને નિવારણ પણ તેને જ ઔષધિના રૂપમાં આપીને કરવામાં આવ્યું છે. આ જ વાત અગ્નિહોત્ર દ્વારા, કાર્બન ડાયોક્સાઈડ દ્વારા વાતાવરણની વિષમયતાના શમનનું પ્રયોજન પૂરું થતું જોવાયું છે.

વધતા પ્રદૂષણની સાથોસાથ જળ અને આહારમાં પણ વિષમયતા ભરાઈ રહી છે. આ બધાનું નિરાકરણ અગ્નિહોત્ર દ્વારા જતું જોવા મળ્યું છે. પ્રદૂષણનું પ્રમાણ તપાસીને જો અગ્નિહોત્ર કરવામાં આવે તો પાછળથી તેનો બીજો જ પ્રભાવ જોવા મળ્યો છે. એ પ્રદૂષણ ઊડી જાય છે અને વાયુની શુદ્ધતા સ્પષ્ટ પ્રગટ થાય છે. જો મોટી સંખ્યામાં યજ્ઞ થાય અને તેમની શ્રૃંખલા સતત ચાલતી રહે તો તેના આધારે વધેલું વાયુપ્રદૂષણ, જે દમ, કૅન્સર, અનિદ્રા, તણાવ, હૃદયરોગ અને મધુમેહ ઉત્પન્ન કરે છે તેનું શમન થઈ શકે છે. વિશાળ અંતરિક્ષના વાતાવરણનું પરિશોધન કરવા માટે ઓછા પ્રમાણમાં કરવામાં આવેલ અગ્નિહોત્ર પણ ઉપયોગી થઈ શકે છે. એ જરૂરી નથી કે તેટલી મોટી સંખ્યામાં જ તૈયારી કરવામાં આવે. બીમારીઓ સમગ્ર શરીરના પ્રગટ અને અપ્રગટ અવયવોમાં સમાયેલી હોય છે, પરંતુ તેમનું નિરાકરણ દવાની નાની માત્રા જ કરી શકે છે. એ જરૂરી નથી કે શરીરના ભાર કે વિસ્તાર જેટલી દવાનો જ પ્રયોગ થાય. આ રીતે એ વિચારવું પણ વ્યર્થ છે કે જ્યારે સમગ્ર વાતાવરણ વિકૃતિઓથી ગ્રસિત થઈ રહ્યું છે ત્યારે થોડી માત્રામાં અગ્નિહોત્ર દ્વારા શુદ્ધિ કેવી રીતે થઈ શકશે ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાસ્તવમાં વૃક્ષ અને છોડ વાતાવરણના સ્થૂળ ભાગના પરિશોધન સુધી જ મર્યાદિત છે. સૂક્ષ્મ વાતાવરણના પરિશોધન માટે યજ્ઞ-અગ્નિહોત્ર સૌથી સશક્ત અને મહત્ત્વપૂર્ણ ઉપાય છે. એમાંથી નીકળતી દિવ્ય ઔષધિઓની ઊર્જા અને સૂક્ષ્મીકૃત ઔષધિઓનો ધુમાડો પોતાના પ્રભાવથી વાયુપ્રદૂષણનું નિવારણ કરી શકવામાં સમર્થ છે. જાડી બુદ્ધિવાળા લોકો કહેતા સાંભળવામાં આવ્યા છે કે, ધુમાડો કોઈપણ જાતનો હોય, એ કાર્બન ડાયોક્સાઈડ નામનો ગૅસ પેદા કરે છે અને પ્રાણવાયુનો નાશ કરે છે, પરંતુ આ વાત સર્વથા એવી નથી. જ્યારે યજ્ઞપ્રક્રિયામાં પણ કારખાનાઓની ચિમનીઓમાંથી નીકળે છે તેવો વિષયુક્ત ધુમાડો નીકળતો હોય તો જ આ વાત સાચી માનવામાં આવશે. યજ્ઞાગ્નિને જ વૈજ્ઞાનિક ઢબે નિરંતર પ્રજ્વલિત રાખવાનો નિયમ છે, તેનાથી માત્ર ઊર્જા નીકળે છે. ધુમાડો નહીં. સુગંધિત, પોષક અને રોગનાશક ઔષધિઓ દ્વારા વિનિર્મિત યજ્ઞ-ઊર્જા વાતાવરણના વિપરીત પ્રભાવનો નાશ કરે છે. દુર્ગંધયુક્ત સ્થળોએ સુગંધિત વસ્તુઓ બાળીને તેમનું પરિમાર્જન કરવામાં આવે છે. બધાં ધાર્મિક સ્થળોમાં કોઈને કોઈ રૂપમાં સુગંધિત વસ્તુઓ બાળવી તે પૂજાવિધિનું એક અંગ માનવામાં આવે છે. અગરબત્તી, ધૂપબત્તી, લોબાન વગેરે બાળીને કમરા, મંદિર કે અન્ય પૂજાનાં સ્થળો સુગંધિત બનાવવામાં આવે છે. સુગંધિત વાતાવરણમાં પ્રવેશ કરનારાઓ પ્રસન્નતાનો અનુભવ કરે છે, માનસિક ઉલ્લાસ પ્રાપ્ત કરે છે.

હોમિયોપેથીના સિદ્ધાંતમાં પણ 'વિષસ્ય વિષમૌષધમ્' ના સિદ્ધાંતને માન્યતા આપવામાં આવે છે, વિષને વિષનું મારણ કહેવામાં આવે છે. આ સિદ્ધાંત મુજબ ઝેરી ધુમાડાથી પેદા થતી વિકૃતિનું નિરાકરણ સુગંધિત ઊર્જા અને યજ્ઞના ધુમાડા દ્વારા થવાની વાત સહજતાથી સમજી શકાય છે. એવાં કેટલાંય પ્રમાણો છે જે બતાવે છે કે, યજ્ઞથી વાયુની અશુદ્ધિ વધવાની માન્યતા બધી રીતે ખોટી છે. હકીકત એ છે કે, એનાથી વાયુનું સંશોધન જ થાય છે, વ્યાપેલી વિષમયતાનું નિવારણ જ થાય છે.

અગ્નિહોત્ર પ્રક્રિયામાં જ્યારે સમિધાઓ કે હવિષ્ય ઔષધિઓનો હોમ કરવામાં આવે છે ત્યારે નીકળતો યજ્ઞનો ધુમાડો ઔષધિમિશ્રિત હોય છે. એમાં કાર્બન ડાયોક્સાઈડ ઘણી ઓછી માત્રામાં એટલે કે યાજકના મગજના તંતુઓને ઉત્તેજના આપવા માટે અનિવાર્ય હોય એટલી જ રહે છે. હોમવામાં આવેલ ઔષધિઓના મુખ્ય તત્ત્વો સિવાય ક્રિઓજોટ, ફિનૉલ, એસીટિલિન, ઓઝોન વગેરે પણ આ પ્રક્રિયામાં નીકળતા હોય છે. અહીં આપણે એ સમજવું પડશે કે યજ્ઞની જ્વલન પ્રક્રિયા ભઠ્ઠીમાં સંપન્ન થતી ક્રિયાઓથી ઘણા અર્થોમાં ભિન્ન છે. ભઠ્ઠીમાં તાપમાનને મહત્તમ સીમા સુધી લઈ જવામાં આવે છે કે જેથી ઈંધન ઝડપથી બળીને મહત્તમ ગરમી આપી શકે. યજ્ઞકુંડ એ રીતે બનાવાય છે કે તેની અગ્નિ ઉદ્દીપન પ્રજ્વલન પ્રક્રિયા ભઠ્ઠી કરતાં જુદી હોય છે. અગ્નિહોત્ર પ્રક્રિયામાં અગ્નિના સમન્વયથી નિર્મિત ઊર્જાને કારણે પદાર્થ નાના-નાના કણોમાં વિભક્ત થતો રહે છે. એક રીતે આ રાસાયણિક વિખંડનની પ્રક્રિયા છે. આનાં બે પરિણામ નીકળે છે - આવેશિત કણને ધારણ કરી રાખતા ઔષધિના ઘટક બાષ્પીભૂત થઈ જાય છે અથવા તો અવશિષ્ટ ભસ્મનો એક અંગ બની જાય છે. જોકે પ્રજ્વલન પ્રક્રિયા ધીમી છે, તેથી જે ધુમાડો બને છે તે કાર્બન ડાયોક્સાઈડ અને મોનોક્સાઈડ રહિત હોય છે. ગૅસોની જે માત્રા હોય છે એમાં પણ ઈથીલીન ઑક્સાઈડ, પ્રૉપલીન ઑક્સાઈડ, ફાર્મલ્ડીહાઈડ તથા બીટાપ્રોપિયો લેક્ટેન અને એસીટિલીનનું પ્રમાણ વધુ હોય છે. આ વાયુશોધક સંમિશ્રણ છે જે વૃક્ષ-વનસ્પતિઓની વૃદ્ધિ પણ કરે છે અને પર્યાવરણનું સંશોધન નિયમન કરીને ઘાતક જીવાણુ-વિષાણુઓની વૃદ્ધિને રોકે છે. પ્રયોગો બતાવે છે કે વ્યાપક સ્તરે કરવામાં આવેલ આવો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપચાર જ્યારે વાતાવરણમાં ધુમાડાનાં વાદળાં બનીને પહોંચે છે ત્યારે વાદળાંને આકર્ષિત કરવાની ક્ષમતા ધરાવે છે. એમનામાં વાયુનું દબાણ ઓછું કરીને વરસાદ પેદા કરવાનું સામર્થ્ય પણ હોય છે. પુણેના ફર્ગ્યુસન કૉલેજના વૈજ્ઞાનિકોને પ્રયોગોપરાંત જાણવા મળ્યું કે ૬x૬x૨.૫ ઈંચ ઊંડા સામાન્ય તાંબાના પાત્રમાં આંબાની સમિધાઓથી યુગ નિર્માણ યોજના દ્વારા તૈયાર કરવામા આવેલ સામાન્ય વનૌષધિના સંમિશ્રણથી કરવામાં આવેલ અગ્નિહોત્ર એક વખતની ૧૦૮ આહુતિઓ દ્વારા ૩૬x૨૨x૧૦ ફૂટના હૉલની ૯૦૦૦થી પણ વધારે ઘનફૂટ વાયુમાં કૃત્રિમ રૂપથી પેદા કરેલ ધુમાડો અને વાયુપ્રદૂષણ સમાપ્ત કરવામાં સફળ રહ્યો. નિયમ મુજબ વાયુના નમૂના લઈને ગૅસ લિકવીડ ક્રોમેટોગ્રાફ પર તપાસીને જોવામાં આવ્યું કે પરીક્ષિત વાયુ સંપૂર્ણપણે શુદ્ધ થઈ ગયો.

ગુગળ, કૂપર વગેરે પદાર્થોના ગુણ સર્વવિદિત છે. એમને રોગાણુવાળાં સ્થળોમાં બાળવામાં આવે છે. ઘીના દીવામાં પણ એ જ વિશેષતા છે. ગોળ અને ખાંડથી પણ ફક્ત રોગનાશક જીવાણુઓ-વિષાણુઓનો જ નાશ થાય છે, સજાતીય જીવાણુઓ નાશ પામતા નથી, જ્યારે એન્ટી-બાયોટિક દવાઓ સજાતીય અને વિજાતીય બંને પ્રકારના જીવાણુઓને મારીને નફો-નુકસાન બરાબર કરી દે છે.

યજ્ઞના લાભ અનંત છે. તેના દ્વારા મન અને આત્મા પર પડતા પ્રભાવને ન માનો તો પણ શોધો દ્વારા એ તથ્ય તો પ્રકાશમાં લાવી જ શકાય છે કે યજ્ઞીય ધૂમ્રમાં વાયુના ઝેરી તત્ત્વોને નષ્ટ કરવાની વિલક્ષણ ક્ષમતા છે. ઋષિ આ વાતને સારી રીતે જાણતા હતાં. અથર્વવેદમાં ક્હેવામાં આવ્યું છે, વાયુઃ અંતરિક્ષ સ્યાધિપતિ (૫/૨૪/૮) એટલે કે વાયુજ્ઞાનથી સંબંધિત વિજ્ઞાન જ યજુર્વેદ છે. વેદશાસ્ત્રોમાં ઘણાં સ્થળોએ એ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે વાતાવરણને શુદ્ધ રાખવા માટે અગ્નિહોત્ર યજ્ઞ આવશ્યક છે. યજ્ઞમાં હોમવામાં આવેલ ઔષધિઓ ફક્ત દૂષિત તત્ત્વો, કૃમિ-કીડાઓને જ મારી ભગાડે છે એટલું જ નહીં પણ પૌષ્ટિક તત્ત્વોની વૃદ્ધિ પણ કરે છે. આથી, વાતાવરણને દૂષિત થતું બચાવવા અને જીવધારીઓ તથા વૃક્ષ-વનસ્પતિઓની જીવનરક્ષા માટે યજ્ઞ જ એકમાત્ર સાધન છે.

પરીક્ષણ માટે પણ જો પરમાણુ વિસ્ફોટોનો સિલસિલો ચાલતો રહ્યો તો માનવીનું અસ્તિત્વ રહેશે કે નહીં એ સંબંધમાં કોઈ ચોક્કસ મંતવ્ય આપવાનું અશક્ય બનશે. એ સ્થિતિની પૂર્વ સુરક્ષાના જો કોઈ સમર્થ સાધન હોય તો તે યજ્ઞ જ હશે, માટે યજ્ઞ પરંપરાનો, જેટલો વધુ વિસ્તાર થશે, તેટલી જ વિશ્વ સંસ્કૃતિની સુરક્ષાની સંભાવનાઓ તીવ્ર બનશે.

વૈજ્ઞાનિક શોધોથી યજ્ઞોની મહત્તા પર વધુ પ્રકાશ પડચો છે કે યજ્ઞોમાં બાળવામાં આવતી ઔષધિઓ પણ વિકિરણ પેદા કરે છે, પરંતુ એ ફક્ત પૌષ્ટિક અને સ્વાસ્થ્યવર્ધક પદાર્થોનું જ વિકિરણ હોતું નથી પણ એમાં 'જીન્સ'ને શુદ્ધ, સંસ્કારી અને સ્વસ્થ બનાવવાની ક્ષમતા પણ ઝેરી તત્ત્વોમાં પ્રદૂષણ ઉત્પન્ન કરવાની ક્ષમતા જેટલી જ પ્રબળ હોય છે, સાથે જ મંત્રની ધ્વનિઓ એ વાયુભૂત શુદ્ધતાને તરંગિત કરીને સંપૂર્ણ આકાશમાં ફેલાવી દે છે. તેથી જે રીતે બૉમ્બનું અણુવિકિરણ સંપૂર્ણ સંસારને પીડા અને પાગલપણા તરફ ધકેલે છે તેવી જ રીતે યજ્ઞનો પણ ઓછો કે વધારે લાભ સંપૂર્ણ સંસારને મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં યજ્ઞીય પરંપરા પાછળ સમગ્ર વૈજ્ઞાનિક આધાર છે. એનું પ્રમાણ હવે વૈજ્ઞાનિક પરીક્ષણો દ્વારા મળી રહ્યું છે. આ પુરાતન પરંપરાનો શુભારંભ ફરીથી કરી શકાય તો વાતાવરણના પરિશોધનની સાથે જ રેડિયો સક્રિયતા જેવી વિનાશિકાઓથી બચવાની પૂરેપૂરી સંભાવના છે. યજ્ઞ-વિજ્ઞાન પર આજે ગહન વૈજ્ઞાનિક શોધની આવશ્યક્તા છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અહંકારની ચુંગાલમાં જકડાયેલો સંસાર

ભગવાને દુનિયા બનાવી. તેની સુંદરતા જોઈ તેઓ સ્વયં મુગ્ધ થઈ ગયા. વિચારવા લાગ્યા કે આવા સુંદર ઉદ્યાનનો કોઈ માળી હોવો જોઈએ તેથી એમણે મનુષ્યની રચના કરી નાખી.

મનુષ્યે ધરતી જોઈ તો ખુશ થઈ ગયો. ધરતીએ મનુષ્ય મેળવ્યો તો તેના આનંદનો પાર ન રહ્યો. પરંતુ આ સ્થિતિ લાંબો સમય ચાલી નહીં. મનુષ્ય એ ભૂલી ગયો કે તેને કોણે અને શા માટે બનાવ્યો છે. એણે પોતાને ધરતીના દરેક ચીજનો સ્વામી ઘોષિત કર્યો અને આત્મશ્લાઘાભર્યા અહંકારનાં ગીતો ગાવા લાગ્યો. અધિકાર, અધિકાર, અધિકાર અને એ સિવાય તેને બીજું કશું સૂઝ્યું જ નહીં. કર્તવ્યને તો જાણે એણે પૂર્ણપણે ભુલાવી જ દીધું.

ઘણા દિવસો પછી ભગવાન ધરતીનું નિરીક્ષણ કરવા આવ્યા. એમને મનુષ્યની હરકતો જોઈને ખૂબ દુઃખ થયું. એમણે નવા પ્રતિનિધિ મોકલવાનું વિચાર્યું. મંદિરમાં જ્ઞાનદીપને સંસારનો માર્ગદર્શક બનાવીને તેની પ્રતિષ્ઠા કરી અને એ દેવદૂતને કહ્યું– તમે જ્ઞાનનો આલોક ફેલાવો કે જેથી પ્રાણીઓને સાચું માર્ગદર્શન મળતું રહે. શાસ્ત્ર, ધર્મ અને ગુરુઓના રૂપમાં દીપકમાંથી અગ્નિ, તેલ અને એકત્રિત પ્રકાશ આલોકિત થવા લાગ્યો.

થોડા દિવસો વીત્યા હશે કે દીપકની અંતઃસ્થિતિ ગૃહકલહથી ભરવા લાગી. અવયવોમાં અહંકાર ફૂટ્યો અને તેઓ પોતાનું વર્ચસ્વ સિદ્ધ કરવા માટે આતુર રહેવા લાગ્યા. જે કાંઈ થઈ રહ્યું છે તે મારા કારણે જ છે, અન્ય બધું તો તુચ્છ છે, આવી ગર્વથી ભરેલી વાતો સાથીઓ સહન કરી ન શક્યા. એમનો અહંકાર જાગૃત થયો તો છાતી કાઢીને ઊભા થઈ ગયા અને કહ્યું – અમે પણ શું કાંઈ ઓછા છીએ ?

કલહ સંવાદમાં તર્કો અને તથ્યોનો ભરપૂર પ્રયોગ કરવામાં આવ્યો. વાટ કહેતી, અગ્નિને મેં ધારણ કરી રાખ્યો છે. હું બળું છું. અજવાળું તો હું જ ફેલાવું છું. બાકીના સહયોગીઓ તો અમસ્તા મારી સાથે જોડાયેલા છે.

તેલ બોલી ઊઠયું-રૂની ચિંદરડી ડંફાશ મારીશ નહીં. તને સ્નિગ્ધ કરનાર હું જ છું. પોતે દીવામાં પડ્યો રહું છું અને બળું છું એનું શ્રેય અને સન્માન તું મેળવે છે અને ઘટતી કે નાશ પામતી પણ નથી. માટીનો દીવો કેમ પાછળ રહે ? એ બોલ્યો- તમારો છેવટે આધાર શું છે ? શેના પર ટકેલા છો? મારા અભાવે તમારું મિલન પણ શક્ય નથી. અગ્નિદેવતા કંઈક બોલવા જ જતા હતા કે ત્રણે એકસ્વરે બોલી ઊઠ્યા- આપ તો માત્ર દેખાવ પૂરતા જ છો, અસ્તિત્વ વિનાના. અમે બધા બળીએ છીએ, પરંતુ નમન આપનું થાય છે. માથું પછાડીને અગ્નિદેવ ચુપ તો થઈ ગયા, પરંતુ એમનો આક્રોશ એ જ કહેતો રહ્યો- મૂર્ખાઓ ! મારા વિના તમે નકામા સાધન માત્ર છો. મોટી મોટી ડંફાશો મારતા રહી નાના મોઢે મોટી વાતોનું ઉદાહરણ રજૂ કરો છો.

આ વિવાદ મંદિરની મૂર્તિ શાંતિથી સાંભળતી રહી. તે પેલા ફિલસૂફ પ્રતિપાદનને સાકાર થતું જોઈ રહી, જેમાં કહેવામાં આવ્યું છે કે, 'બુદ્ધિશાળીની જીભ હૃદયમાં અને મૂર્ખનું હૃદય જીભમાં હોય છે.' આ મૂર્ખાઓને એટલું જ સમજાતું નથી કે જ્ઞાનદીપનું મહત્ત્વ દેવાલયમાં સ્થાપિત થવાને કારણે જ છે. આ જ દીવો જો શૌચાલયમાં મૂક્યો હોત તો કોને કયું અને કેટલું શ્રેય મળવાનું હતું ?

ભગવાનને વિશ્વાસ હતો કે મનુષ્ય દ્વારા નહિ તો દેવાલય દ્વારા પણ સંસારને સન્માર્ગ બતાવવાનું કાર્ય તો થઈ જ રહ્યું હશે. શાસ્ત્ર, ધર્મ અને વિદ્વાનોની ભેગી શક્તિએ હું ઈચ્છતો હતો તેવું જ વાતાવરણ ઉત્પન્ન કર્યું હશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતાની આશા પ્રત્યક્ષ જોવાની આકાંક્ષા લઈને ભગવાન ફરી સ્વર્ગલોકમાંથી ધરતી પર ઉતર્યા. એમણે પહેલા મંદિરમાં પદાર્પણ કર્યું, કેમ કે એમની અભિલાષાનું કેન્દ્ર ત્યાં જ કેન્દ્રીભૂત કરવામાં આવ્યું હતું.

ગૃહકલહનો વિવાદ એમણે દેવપ્રતિમામાં પ્રવેશ કરીને ધ્યાનપૂર્વક સાંભળ્યો. તેલ, વાટ અને દીપક જ નહીં, અગ્નિમાં પણ જ્યારે આ અહંકાર જોયો ત્યારે એમને પોતાના કાન પર વિશ્વાસ ન થયો. જેમને સંસારમાં અજવાળું પેદા કરવાનું હતું તેઓ પોતે જ અંધકારમાં ભટકી ગયા, પછી માર્ગદર્શન કોનું કરશે ?

અહંકાર એક ખૂણામાં ઊભો ભગવાન પર જોરદાર વ્યંગ કરી રહ્યો હતો અને કહી રહ્યો હતો કે આપ ભલે પરમેશ્વર છો, ભલે આપે સંસાર બનાવ્યો હોય કે મનુષ્ય સર્જન કર્યું હોય. મંદિરો સ્થાપ્યાં કે જ્ઞાનદીપ પ્રગટાવ્યા હોય. જ્યાં સુધી મારો વશ ચાલશે ત્યાં સુધી આપની ઈચ્છા પૂરી થવા નહિ દઉં. એવું કશું થઈ જ શકશે નહીં કે જેના પર આપ સંતોષ વ્યક્ત કરી શકો.

ભગવાન વિચારવા લાગ્યા કે અહંનું સર્જન કરીને મેં કેવી ભૂલ કરી. ત્યારથી અત્યાર સુધી તેઓ એ જ વિચારમાં છે કે, અહંકારની ચુંગાલમાં ફસાયેલી આ સંસારની સુંદરતાને કેવી રીતે બચાવી શકાય ?

## દયાળુપણાનો દંભ

એક પાદરી સ્કૂલ પણ ચલાવવા હતા. તેઓ બાળકોને રોજ શીખ આપતા કે કોઈ દયાનું કામ જરૂર કરવું જોઈએ. શીખ આપીને ઘણા દિવસો થયા બાદ એમણે વિચાર્યું કે છોકરાઓને પૂછીએ કે કોઈ દયા ધર્મના પાલન માટે ઉત્સાહિત થયો કે નહીં ?

તે દિવસે પાદરીએ પૂછી જ નાખ્યું - જેમણે આ મહીને કોઈ દયાના કામ કર્યાં હોય તેઓ હાથ ઉપર ઉઠાવે.

ત્રણ છોકરાઓએ હાથ ઉપર કર્યા. પાદરીએ એમને પાસે બોલાવીને પ્રેમથી પૂછ્યું - બાળકો ! એ બતાવો કે તમે દયાળુતાના ક્યાં ક્યાં કામો કર્યાં ?

પહેલા છોકરાએ કહ્યું કે એક જર્જરિત વૃદ્ધ સ્ત્રીને મેં હાથ પકડીને સડક પાર કરાવી. પાદરીએ તેની પ્રશંસા કરી.

બીજાને પૂછવામાં આવ્યું તો એણે પણ એક વૃદ્ધ સ્ત્રીનો હાથ પકડીને સડક પાર કરાવવાની વાત કહી. પાદરીએ એને શાબાશી આપી.

ત્રીજાએ પણ જ્યારે એ જ વૃદ્ધ સ્ત્રીનો હાથ પકડીને સડક પાર કરવાની વાત કહી ત્યારે પાદરીને શંકા થઈ અને આશ્ચર્ય પણ. એમણે પૂછ્યું, બાળકો ! ક્યાંક તમે એક જ વૃદ્ધાનો હાથ પકડીને સડક તો પાર નથી કરાવી.

બાળકોએ એક જ સ્વરમાં કહ્યું - હા, હા, બિલકુલ એમ જ કર્યું હતું. હવે પાદરીનું આશ્ચર્ય વધી ગયું. એમણે ફરીથી પૂછ્યું- ભલા એક જ વૃદ્ધ સ્ત્રીને પાર કરાવવા માટે તમને ત્રણેયને કેમ જવું પડ્યું ?

છોકરાઓએ કહ્યું - અમે એમને કહ્યું હતું કે અમારે દયા ધર્મનું પાલન કરવું છે, ચાલો અમે તમને હાથ પકડીને સડક પાર કરાવીશું. એ વૃદ્ધ સ્ત્રી રાજી ન થઈ. એણે કહ્યું- મારે જ્યાં જવાનું છે તે આ કિનારા પર જ છે. સડક પાર કરવાની મારે જરાય જરૂર નથી. આ સાંભળીને અમે ત્રણેય એમને ચોંટી પડ્યા અને તેનો હાથ પકડી ઢસડીને લઈ ગયા અને સડક પાર કરાવીને જ રહ્યાં.

છોકરાઓ દ્વારા ખોટા આત્મસંતોષ માટે કરવામાં આવેલ આ ધૃષ્ટ પરોપકારથી પાદરી ખૂબ દુઃખી થયો. તેઓ થોડી વાર સુધી મોઢું લટકાવીને બેસી રહ્યા, પરંતુ એ વિચારીને શાંત થઈ ગયા કે **દુનિયામાં લોકસેવાના નામે આવી જ વિડંબના તો ચાલી રહી છે, એકલાં બાળકો જ તો ગુનેગાર નથી.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પ્રજ્ઞાપુરાણ સ્તંભ

# જનજાગરણનાં કેન્દ્ર-તીર્થ અને દેવાલય

દેવસંસ્કૃતિમાં મંદિરો, તીર્થસ્થાનો તથા પૂજાસ્થળોનું ઘણું મહત્ત્વ છે. ભારતમાં જ નહીં, અન્ય જે દેશોમાં મૂર્તિ-પૂજાનું પ્રચલન નથી ત્યાં પણ મંદિર, મસ્જિદ, મઠ, ચર્ચ, સ્તૂપ અને વિહારના રૂપમાં આ દેવસ્થાનો બનાવવામાં આવે છે. આ રીતે તીર્થયાત્રાનું મહત્ત્વ પણ બધા સંપ્રદાયોમાં છે. મુસ્લિમ સંપ્રદાયમાં મક્કા-મદીનાની હજયાત્રા, ખ્રિસ્તીઓમાં જેરૂસલેમ, બૌદ્ધોમાં બૌદ્ધગયા વગેરે સ્થળોએ જઈને મનુષ્ય પોતાને ધન્ય માને છે. હિંદુ ધર્મમાં તો અનેક સંસ્કૃતિઓનો સંગમ છે. તેથી માન્યતાઓને અનુરૂપ મંદિર તથા તીર્થો પણ ઘણાં છે. સવાલ એ ઊભો થાય છે કે આ પૂજ્ય સ્થળોના નિર્માણમાં તથા તીર્થયાત્રાઓમાં સમય પણ જાય છે અને ધન પણ ખર્ચાય. પરિશ્રમ પણ કરવો પડે છે અને કષ્ટ પણ ભોગવવાં પડે છે. તો પછી આ બધાને આટલું મહત્ત્વ કેમ આપવામાં આવે છે ? આ શંકાનું સમાધાન કરતાં પૂજ્ય ગુરુદેવ પ્રજ્ઞાપુરાણના ચતુર્થ ખંડના ચતુર્થ અધ્યાયમાં લખે છે -

“સાંસ્કૃતિક ચેતનાનો આલોક દિગ્દિગંતમાં ફેલાય એ માટે દેવસંસ્કૃતિનાં નિર્ધારણો અદ્વિતીય છે. બાળકોના નવનિર્માણ તથા ચરિત્રનિર્માણ માટે ગુરુકુળો તથા સેવા નિવૃત્ત વાનપ્રસ્થીઓ માટે તીર્થાલયો અને આશ્રમોની વ્યવસ્થા કરવામાં આવી અને ઘર ગૃહસ્થીમાં જોડાયેલા સર્વ-સામાન્ય માટે મંદિર તથા તીર્થોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે લોકો ગૃહસ્થીની સમસ્યાઓથી ઘેરાયેલા છે, આવવા-જવાની વિશેષ સુવિધાઓ એમની પ્રસુપ્ત ચેતનાને ચેતનવંતી બનાવવા માટે ગામેગામ અને નગર-નગરમાં એમની આસ્થાને અનુરૂપ મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ, મઠ વગેરે સ્થાપવામાં આવ્યાં કે જ્યાં જઈને મનુષ્ય તેની શ્રદ્ધા, નિષ્ઠા અને સદાચરણનું સંવર્ધન કરી શકે. પૂજાનો સમય પણ સવારનો અને સાંજનો રાખવામાં આવ્યો. પ્રાતઃકાળે મંદિરમાં શંખ, ઘંટ, ઝાલર, મસ્જિદની અજાન, ગુરુદ્વારાઓની સબદ અમૃતવાણી, ચર્ચના ઘંટ વગાડી-વગાડીને જાગરણનો સંદેશ આપી મનુષ્યને દિવસભર સત્કાર્ય કરવાની પ્રેરણા આપે છે, તો સાંજની પૂજા-આરતી, અર્ચના અને વંદના દિવસભરનાં કાર્યોનો હિસાબ માગે છે અને પછી દિવસભરનો થાકેલો રાહી થાક દૂર કરવા માટે વિશ્રામદાયિની નિદ્રારાણીના ખોળામાં માથું મૂકી સપનાંઓની દુનિયામાં ખોવાઈ જાય છે.‘દરરોજ નવો જન્મ, દરરાત નવું મોત’ ના રહસ્યને મનુષ્ય સમજી શકે તો ખોટાં કાર્યો કરી જ શકતો નથી.’

પૂજા, આરતી, વંદન, નમાજ વગેરે માટે જે ધર્માચાર્યોની નિયુક્તિ કરવામાં આવે છે એમને પૂજારી, પુરોહિત, કાજી, મૌલવી, બિશપ, પાદરી, ફાધર, મહંત વગેરે કહીને સન્માનિત કરવામાં આવે છે. આ વિષયમાં ગુરુદેવ લખે છે કે, જેમ મામલતદાર તાલુકો અને કલેક્ટર જિલ્લો સંભાળે છે તેમ ધર્મક્ષેત્રની સુવ્યવસ્થા, ઉપયોગિતા તથા આધ્યાત્મિક પ્રગતિ માટે આ ધર્મગુરુઓની નિયુક્તિ કરવામાં આવે છે. પ્રાચીનકાળમાં આ સ્થળો ધર્મતંત્રનાં કાર્યાલયો હતાં તથા આ સ્થળોએ ફક્ત દેવપૂજન જ નહીં, પરંતુ રચનાત્મક કાર્યો પણ કરવામાં આવતાં હતાં, જે જનકલ્યાણ માટે આવશ્યક હતાં. ઘરમાં પૂજા માટે સ્થાન મળી શકતું નથી, તેથી મનને એકાગ્ર કરી શ્રદ્ધા અને પૂજાનિષ્ઠા જગાડીને ચરિત્રનિર્માણ માટે આ મંદિરો દીવાદાંડી જેવાં હતા. ધર્મતંત્રના આ સંરક્ષકો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શાસન વ્યવસ્થાને પણ નિયંત્રિત રાખતા હતા. રઘુવંશીઓને વશિષ્ઠ ઋષિનું માર્ગદર્શન પ્રાપ્ત હતું, તો જનકને શતાનંદનું. ગુપ્ત સામ્રાજ્યનું નિર્માણ ચાણક્ય દ્વારા કરવામાં આવ્યું, તો છત્રપતિ શિવાજીને સમર્થ ગુરુએ જ નીતિનિષ્ઠ બનાવ્યા હતા. ભારતને સ્વતંત્ર કરાવવામાં પણ શ્રી અરવિંદ, મહર્ષિ રમણ તથા મહાત્મા ગાંધીએ ચેતના જાગૃત કરી હતી. પ્રજ્ઞાપુરાણમાં ગુરુદેવે દેવાલયોની શૃંખલા રાજ્યતંત્ર પર પ્રભાવ, વિજ્ઞાનક્ષેત્રે ભારત, સામાજિક ક્ષેત્રમાં ચેતના વગેરે શીર્ષકો દ્વારા એ સિદ્ધ કર્યું છે કે મંદિર તથાં તીર્થસ્થાનોમાં રહેતા આ ઋષિઓ લોકકલ્યાણ માટે સતત જાગૃત રહેતા હતા તથા રાજ્યતંત્ર, વિજ્ઞાન, ચિકિત્સાવિજ્ઞાન તથા સામાજિક ક્ષેત્રમાં પણ જનતાને માર્ગદર્શન આપતા હતા.

આ ધર્મકેન્દ્રોનાં બે રૂપ છે. એક ક્ષેત્રીય નગર-નગર અને ગામે ગામમાં, જેમને મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ કહે છે. બીજું, નગર અને ગામથી દૂર કોઈ પવિત્ર સ્થાન, જેને તીર્થ કહે છે. જે રીતે ધર્મગુરુ મંદિર, મસ્જિદની વ્યવસ્થા સંભાળે છે, તેવી જ રીતે વાનપ્રસ્થી, પરિવ્રાજક અને સંન્યાસી દરેક સ્થળે ભ્રમણ કરી ભૂલી-ભટકી ગયેલી જનતાને 'જાગતા રહો'નો સંદેશ આપે છે, કારણ કે અજ્ઞાનાવસ્થા જ સુષુપ્તિ છે તથા જાગૃતાવસ્થા સદ્જ્ઞાન અને સદ્કર્મની સ્થિતિ છે. આ સંતો મંડળી બનાવીને તીર્થસ્થાનોમાં કથા, કીર્તન અને સત્સંગનાં આયોજનો પણ કરતા હતા તથા વ્યક્તિગત સમસ્યાઓનું સમાધાન પણ કરતા હતા. આ પરંપરા પણ અતિપ્રાચીન છે. ગુરુદેવે આ પરંપરામાં સૌ પ્રથમ સ્થાન દેવર્ષિ નારદને આપ્યું છે, જેઓ બે ઘડી કરતાં વધુ સમય ક્યાંય રોકાતા ન હતા અને આમતેમ ભ્રમણ કરી દુઃખીઓનાં દુઃખ દૂર કરતા હતા. એમણે ધ્રુવ તથા પ્રહ્‌લાદ જ નહીં, રત્નાકર જેવા ડાકુને મહર્ષિ વાલ્મીકિ બનાવી દીધા હતા. જગદ્‌ગુરુ શંકરાચાર્ય, સંત જ્ઞાનેશ્વર, સંત એકનાથ, ચૈતન્ય મહાપ્રભુ, સ્વામી રામતીર્થ, ઋષિ દયાનંદ અને મહાત્મા ગાંધીએ દેશના ગામેગામ ભ્રમણ કરીને લાખો પતિતોનો ઉદ્ધાર કર્યો હતો. સંત વિવેકાનંદે તો વિદેશોમાં પણ ધર્મપ્રચાર કર્યો હતો. પ્રજ્ઞાપુરાણમાં સંતોની તીર્થયાત્રા, તીર્થયાત્રાનું પુણ્ય, ઈસુની તીર્થયાત્રા, કૃષ્ણ પગપાળા ગયા વગેરે ઉદાહરણો આપીને ગુરુદેવે તીર્થયાત્રા તથા પરિવ્રાજકોની મહાનતા પ્રદર્શિત કરી છે. પરમાર્થ હેતુ ચાલતા રહેવું એ જ દેવ સંસ્કૃતિનો ઉદ્દેશ છે. ચરૈવેતિ, ચરૈવેતિનો મહામંત્ર પણ આ નિમિત્તે જ આપવામાં આવ્યો છે.

આ રીતે તીર્થ તથા પૂજાસ્થળોનું મહત્ત્વ અને ઉદ્દેશ પ્રતિપાદિત કર્યા પછી ગુરુદેવે એમની આધુનિક સ્થિતિ પર ખેદ પ્રગટ કર્યો છે. ભારતીય સંસ્કૃતિના પૂજારી ગુરુદેવે અનેક સ્થળે ભ્રમણ કરી આ તીર્થો તથા પૂજાસ્થાનોની સ્થિતિનું ગંભીર અધ્યયન કર્યું હતું. તેમનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી તેઓ એ નિષ્કર્ષ પર પહોંચ્યા હતા કે પ્રાચીનકાળમાં જાગરણનો સંદેશો આપનારાં આ સજીવ તીર્થો હવે પ્રભાવહીન બની ગયાં છે. મધ્યકાળમાં તેમની સ્થિતિ ખૂબ જ દયાજનક બની ગઈ. દક્ષિણમાં સુંદર સ્ત્રીઓને દેવદાસીના રૂપમાં રાખવામાં આવતી તો ઉત્તરમાં કાશી કરવતની પ્રથા શરૂ થઈ, એટલે કે એવો ભ્રમ પેદા કરવામાં આવ્યો કે ચારે ધામની યાત્રા કરી કાશીમાં મૃત્યુ થાય તો સીધું સ્વર્ગ મળે છે. ભગવાન શિવના પ્રસાદરૂપે ભાંગ બનાવી પીવાની પરંપરા ચાલી, તો માતા કાલીના મંદિરોમાં બકરા તથા પાડાઓનો પશુબલિ આપવામાં આવતો. શ્રાદ્ધના નામે મંદિરો અને તીર્થસ્થાનોમાં મોટા મોટા બ્રહ્મભોજ તથા દાનદક્ષિણાના આયોજનોની શરૂઆત થઈ. એનું દુષ્પરિણામ એ આવ્યું કે પંડા પૂજારીઓ ધન પ્રત્યે આકર્ષિત થતા ગયા, મંદિરોમાં પ્રચુર સંપત્તિ એકઠી થતી ગઈ, પંડિતોના આચરણની પ્રામાણિક્તા ખતમ થઈ ગઈ અને જનતાની શ્રદ્ધાભાવના ખતમ થતી ગઈ. તીર્થયાત્રાનું સ્થાન મનોરંજને લઈ લીધું અથવા સ્વર્ગ, મુક્તિ પામનારા અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેવઅનુગ્રહ માટે પૂજાપાઠ કે તીર્થયાત્રાઓ થવા લાગી. આપણા પૂર્વજોએ જે ઉદ્દેશ સાથે પૂજાસ્થળો કે તીર્થસ્થળો બનાવ્યાં હતાં તે ક્યાંય ખોવાઈ ગયો. આ અંગે ગુરુદેવ તેમની પીડા અભિવ્યક્ત કરતાં લખે છે -જેમ રેડિયો કે ટી.વી.નો બ્રોડકાસ્ટીંગ સ્ટેશન સાથેનો સંપર્ક તૂટી જાય ત્યારે ન કોઈ ધ્વનિ સંભળાશે કે ન સંદેશ, ન કોઈ ગીત કે ન સમાચાર, એવી જ સ્થિતિ આ દેવાલયોની છે. મનની એકાગ્રતા, ધ્યાન વગેરેના અભાવે પૂજાસ્થળ પૂજાઘર રહેતું નથી. મનની ભાવદશા તથા બાહ્યસ્થાનનું વાતાવરણ બંને અનુકૂળ હોય તો બહાર અને અંદર સમાન સંતુલન પેદા થાય છે, પરંતુ બાહ્ય આડંબરોની અધિકતા જોઈને કેટલાક લોકો આને નિરર્થક સમજીને છોડી દે છે. કેટલાક એમાં જ ડૂબીને વાસ્તવિક ઉદ્દેશથી ભટકી જાય છે. ધૂપ, દીપ, નૈવેદ્ય, કંકુ અને ચોખાથી દેવતા પ્રસન્ન થતા નથી. એમને પ્રસન્ન કરવા માટે મનનો દીપક પ્રગટાવવો પડે છે. માત્ર ચિહ્નપૂજા કરવી એ ધન તથા સમય બંનેનો દુરુપયોગ છે. એનાથી નાસ્તિક્તા અને નિરાશા બંને વધે છે. પ્રજ્ઞાપુરાણમાં **માળી નહીં સંત, પૂજાની આવશ્યકતા, અમે ત્રણ તમે ત્રણ** વગેરે પ્રેરક કથાઓ દ્વારા ગુરુદેવે સાચી પૂજાનું મહત્ત્વ બતાવ્યું છે.

તીર્થસ્થળો અને પૂજાસ્થળોની ગિરદી જોઈને તેનું વાસ્તવિક મૂલ્યાંકન કરતાં ગુરુદેવ પ્રજ્ઞાપુરાણમાં લખે છે કે આ સ્થળોની ગિરદી જોઈને એમ નહીં સમજવું જોઈએ કે ધાર્મિક શ્રદ્ધાળુઓની સંખ્યા વધી છે, કારણ કે આવી ગિરદીમાં વાસ્તવિક ભક્તો ઓછા તથા યાચક વધારે હોય છે, જેઓ માનતાઓ માગવા માટે ત્યાં પહોંચે છે અને કેટલાક લોકો માનતા પૂરી થયા બાદ પોતે કરેલા વાયદા પૂરા કરવા માટે પહોંચે છે. જો ઇચ્છા પૂરી ન થાય તો એક દેવતા છોડીને બીજા કે ત્રીજા દેવતાની શરણમાં જવામાં પણ આવા લોકોને સંકોચ થતો નથી. આવા લોકોને ભક્ત કહી ન શકાય. માનતા પૂરી થયા પછી મહાપ્રસાદ ચઢાવી દેશે, યજ્ઞ કરાવી દેશે અથવા કથા કરી નાખશે. આવી લાલચ આપીને ભગવાનને મનાવી શકાતા નથી, જ્યારે આજે આવા જ લોકોની સંખ્યા વધુ છે. દુર્ભાગ્યે ધર્મગુરુઓ પણ પોતાનું કર્તવ્ય ભૂલીને ફક્ત ભૌતિક ચમકદમકમાં ખોવાઈ રહ્યા છે. નકલી દાઢી-મૂંછ અને જટાઓ ખરીદી ભગવાં કપડાં પહેરીને કોઈપણ બાબા બની બીજાની આંખમાં ધૂળ નાંખી શકે છે. આ સ્થિતિને જોતાં ભારતીય સંસ્કૃતિના પૂજારીઓએ આ દેવાલયો તથા તીર્થોની ગરિમા સ્થાપિત કરવાનો સંકલ્પ લીધો.

પ્રજ્ઞાપુરાણમાં પૂજ્ય ગુરુદેવે અનેક સંતોના આદર્શોનું નિરૂપણ કર્યું છે, જેમણે મંદિરોમાં પૂજાપાઠના સ્થાને પાઠશાળા, ગૌશાળા, યોગશાળા તથા સંસ્કારશાળા બનાવી. સમર્થ ગુરુએ દીનહીન જનતાનું આત્મબળ તથા શારીરિક બળ વધારવા માટે ૮૦૦ હનુમાન મંદિર બનાવ્યાં હતાં કે જેથી જનશક્તિ સંગઠિત થઈ. અન્નાજીએ ઝાંસીમાં વ્યાયામ મંદિર બનાવ્યાં, ગોરખપુરમાં આરોગ્ય મંદિરની સ્થાપના થઈ, સ્વામી કેશવાનંદજીએ પાઠશાળાઓ ખોલાવી, સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશન બનાવી મંદિરોને સેવાઆશ્રમમાં ફેરવી દીધાં, મહાત્મા ગાંધીએ સાબરમતી તથા સંત વિનોબા ભાવેએ પવનારમાં આશ્રમ સ્થાપ્યા, જેથી રાષ્ટ્રભાષા જેવાં આંદોલનોને બળ મળ્યું અને જનતામાં દેશપ્રેમની ભાવનાનો ઉદય થયો. પ્રજ્ઞાપુરાણમાં **સમર્થનું સામર્થ્ય, આદિવાસી ગહિરા ગુરુ, કેવલ્યધામ, વિવેકાનંદવીલ, ગુરુ ગોવિંદસિંહનાં ગુરુદ્વારાઓ, સંત વિનોબા, ઉપેક્ષિતોનો મસીહા રિચર્ડ એલન, મહાન વિદ્વાન દામિયેન અપંગોની સેવામાં, બ્રાહ્મણ ચિકિત્સક ગાંધીજી** જેવા અનેક સંતોના ઉદાહરણો દ્વારા એ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે જો આ મંદિરોમાં મૂર્તિની જગ્યાએ દીન, દુઃખી અને દલિતવર્ગ જેવા દરિદ્રનારાયણની પૂજા કરવામાં આવે તો દેશનું કલ્યાણ થઈ શકે છે.

તીર્થ તથા દેવાલયોમાં દાનપરંપરા પણ પ્રાચીનકાળથી પ્રચલિત છે. જ્યારે નાના કાર્યમાં પણ ધનની આવશ્યક્તા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોય છે તો મંદિરો અને તીર્થો માટે પણ સાધન તો જોઈએ જ. એ માટે શ્રદ્ધાળુ લોકો પોતપોતાની ભાવના અનુસાર દાન આપે છે. કેટલાક સમૃધ્ધ લોકો ધર્મશાળાઓ બનાવે છે, કોઈ આશ્રમ બનાવે છે, કોઈ કૂવો ખોદાવે છે તો કોઈ વૃક્ષો ઉગાડે છે, સદાવ્રત માટે અનેક સ્થળોએ ભંડારા પણ કરવામાં આવે છે. આ દાનનો સંબંધ પણ પુણ્ય સાથે જ જોડવામાં આવે છે. આ દાનવ્યવસ્થા પર પોતાના વિચાર પ્રગટ કરતાં ગુરુદેવ કહે છે કે, **દાન પણ સુપાત્રને જ આપવું જોઈએ. જેનું ધન શ્રેષ્ઠ કાર્યોમાં ખર્ચાય છે તેમના ક્રિયાકલાપોથી તીર્થ ધન્ય બની જાય છે.** આજે સદાવ્રત તથા ભંડારાઓમાં જે ભીડ જોવા મળે છે તેનું દુષ્પરિણામ એ આવે છે કે મફતનું ભોજન મળવાથી તંદુરસ્ત અને કામ કરી શકે એવા લોકો પણ નકામા બની જાય છે. નકલી દાઢીમૂછ અને જટા લગાવીને વાતો બનાવીને આ ઢોંગી લોકો અફીણ, ગાંજો વગેરે પીને મસ્ત થઈને આમતેમ ફરે છે. કબીરદાસની જેમ પૂજ્ય ગુરુદેવે પણ આવા લોકોની ટીકા કરી છે. આવા લોકોને કારણે એક તરફ નિરક્ષરતા અને બેરોજગારી વધે છે, તો બીજી તરફ ભીખ માગનારાઓની સંખ્યા વધે છે. તેથી આ મંદિરોની જગ્યાએ અનાથાલય, વિદ્યાલય, હોસ્પિટલ, સ્વાવલંબન કેન્દ્ર,વ્યાયામશાળાઓ, યોગસાધના કેન્દ્ર અને બાળસંસ્કારશાળાઓ બનાવવામાં આવે તો આ દેવાલયો ફરીથી જનજાગરણનાં કેન્દ્ર બની શકે છે. **અનુગ્રહ નહીં અનુદાન, આદર્શો માટે અનુદાન, સુદામાનું ગુરુકુળ** વગેરે પ્રેરક દૃષ્ટાંતો દ્વારા ગુરુદેવે આ તીર્થો તથા મંદિરોનો વાસ્તવિક ઉદ્દેશ સમજાવવાનો સફળ પ્રયાસ કર્યો છે.

સમયની માગને જોતાં પૂજ્ય ગુરુદેવે **મથુરામાં ગાયત્રી તપોભૂમિ તથા અખંડ જ્યોતિ સંસ્થાન** તથા હરદ્વારમાં ગંગાના ખોળામાં અને હિમાલયની છાયામાં **શાંતિકુંજ તીર્થ અને બ્રહ્મવર્ચસની** સ્થાપના કરી, જ્યાં ઋષિઓ દ્વારા સંપાદિત કાર્યક્રમો દરરોજ ચલાવવામાં આવે છે. યાજ્ઞવલ્કયની જેમ **યજ્ઞ સંસ્કાર**, વિશ્વામિત્રની **ગાયત્રી સાધના તથા નવયુગનું નિર્માણ**, વ્યાસની જેમ **સત્સાહિત્યનું સર્જન**, ભગીરથની જેમ **જ્ઞાનની ગંગાધારા**, ચરકની જેમ **આયુર્વેદીય ઔષધિઓ દ્વારા રોગોપચાર** વગેરે અનેક કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. બ્રહ્મવર્ચસ્ સંસ્થાનમાં યજ્ઞોપેથી તથા વૈજ્ઞાનિક ઉપકરણો દ્વારા તપાસ કરવામાં આવે છે. ગાયત્રી તપોભૂમિ, મથુરામાં સાહિત્યનું પ્રકાશન, મુદ્રણ, જ્ઞાનયજ્ઞની યોજનાઓ, પત્રાચાર પાઠ્યક્રમ અને સપ્તસૂત્રી આંદોલનનું સંચાલન કરવામાં આવે છે. દેશવિદેશમાં અનેક શક્તિપીઠો બનાવવામાં આવી છે, જ્યાં બાળસંસ્કાર શાળાઓ, પ્રૌઢશિક્ષણ, વ્યાયામશાળાઓ તથા સ્વાવલંબન કેન્દ્રો ચાલી રહ્યાં છે. એ આનંદની વાત છે કે, અન્ય સમાજસેવી સંસ્થાઓ પણ હવે આ તરફ ધ્યાન આપી રહી છે. મંદિરો તથા તીર્થસ્થાનો પર ધન ખર્ચ કરવાને બદલે અનાથાલય, વિદ્યાલય, હોસ્પિટલ અને યોગવ્યાયામ કેન્દ્ર ખોલવામાં આવી રહ્યાં છે. **કલ્યાણં કરોતિ** નામની સંસ્થામાં અપંગજનોને જરૂરિયાત મુજબ વ્હીલ ચેઅર વગેરે સાધનો પણ વિના મૂલ્યે આપવામાં આવે છે. ભારત સેવાસમાજ, સેવાભારતી, ભારત વિકાસપરિષદ, આર્યસમાજ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તથા અન્ય સમાજસેવી સંસ્થાઓ પણ આ શુભકાર્યમાં લાગેલી છે. આ વિષયમાં ગુરુદેવ લખે છે કે મંદિરોમાં પર્યાપ્ત જગ્યા પણ રહે છે અને પૂજારી તથા સમાજ સેવાની ભાવના ધરાવતા લોકો સમયદાન પણ આપી શકે છે. દાનમાં આપેલ અંશદાન પણ કેટલાંક મંદિરોમાં પ્રચુર પ્રમાણમાં છે. તેથી આ સ્થળોએ પ્રૌઢશિક્ષણ, બાળસંસ્કાર શાળાઓ, સ્કૂલો અને સ્વાવલંબન કેન્દ્રો ચલાવી શકાય તો દેશનો કાયાકલ્પ થઈ શકે છે.

યુગસંધિની આ પુણ્યવેળામાં આપણે બધા પૂજ્ય ગુરુદેવના આદેશ મુજબ જ મંદિર તથા તીર્થસ્થાનનું નિર્માણ કરવાનો સંકલ્પ લઈએ. પ્રજ્ઞાવતારના પ્રજ્ઞાપુત્ર હોવાની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રામાણિક્તા સિદ્ધ કરવા માટે આપણે આત્મવિશ્લેષણ કરીએ અને દેવાર્ચન માટે એ પુરુષોત્તમ શ્રીરામનું અનુકરણ કરીએ કે જેમણે ભુજા ઉઠાવીને પૃથ્વીને નિશાચર રહિત કરવાના શપથ લીધા હતા. એ પાર્થસારથિ ભગવાન શ્રીકૃષ્ણનું અનુકરણ કરીએ કે જેમણે અધર્મનો વિનાશ તથા ધર્મની સ્થાપના કરવાનો સંકલ્પ લીધો હતો. આપણે આંબલખેડાની એ પાવનભૂમિની તીર્થયાત્રા કરીએ, જ્યાં યુગઋષિએ ચોવીસ વર્ષ સુધી ફક્ત જવની રોટલી અને છાશ ખાઈને માનવીમાં દેવત્વનો ઉદય કરવા માટે માતા ગાયત્રીનાં ચોવીસ પુરશ્ચરણોની પુર્ણાહુતિ કરી. આપણે આધ્યાત્મિક સ્નાન માટે પવિત્ર તીર્થ શાંતિકુંજ, હરિદ્વાર જઈએ, જ્યાં જ્ઞાનની ગંગા વહે છે તથા હિમાલયના ઋષિઓની છત્રછાયામાં યુગનિર્માણના સર્જન સૈનિકોનું નિર્માણ કરવામાં આવે છે. આપણે સમાજસેવી સંસ્થાઓ પાસે પહોંચીએ કે જ્યાં અપંગો તથા દીનદુઃખીઓની સેવા કરવામાં આવે છે. આ બધા દેવાત્માઓની કૃપા પ્રાપ્ત કરી આપણે એમના પગલે ચાલીએ તથા દેશવિદેશમાં યાત્રા કરી પરમ પૂજ્ય ગુરુદેવના વિચારો ફેલાવીએ. આ જ આપણી દેવપૂજા છે તથા આ દેવાલયો અને તીર્થસ્થાનો પર દીનદુઃખીઓની સેવા કરવી એ જ સાચી અને સશક્ત યાત્રા છે.

**પરપીડાથી છલકાય આંસુ, એ આંસુ જ ગંગાજળ છે,**
**દુઃખ હરવા હરખાઈ ઊઠે મન, એ હરખ કંકુ ચોખા છે !**
**લક્ષ્યહીનને લક્ષ્ય બતાવવા, જન મંગલ પથ પર પહોંચાડવા,**
**ચાલીએ શ્રેયપંથે પ્રજ્ઞાસુત, એ પ્રચલન જ તીર્થાટન છે !**

## સારો કે ખરાબ આપણો દૃષ્ટિકોણ

*સંસારમાં જે કંઈ છે તેની અનુભૂતિ આપણે આપણા માપદંડથી જ કરીએ છીએ. ગુરુએ યુધિષ્ઠિરને એક ખરાબ માણસ લઈ આવવા માટે મોકલ્યો. તેઓ ઘણા દિવસ ફર્યા અને શોધ કરતા રહ્યા, પરંતુ તેમને બધામાં સદ્ગુણો જ દેખાયા અને પાછા આવીને ગુરુને પોતાની અસફળતા બતાવી. બીજા દિવસે દુર્યોધનને મોકલવામાં આવ્યો અને તેમને એક સારો માણસ શોધી લાવવા માટે મોકલવામાં આવ્યા. ઘણા દિવસની શોધ પછી એમણે એ જ સૂચના આપી કે આ નગરમાં એક પણ સારો માણસ રહેતો નથી. આમ તો એ નગરમાં બંને પ્રકારના લોકો રહેતા હતા, પરંતુ તેમના દૃષ્ટિકોણ મુજબ બંનેને ફક્ત એક જ પ્રકારના લોકો દેખાયા. સંસાર સારો કે ખરાબ જેવો પણ દેખાય છે એમાં વાસ્તવમાં પોતાનો જ દૃષ્ટિકોણ કામ કરે છે. જો તેને સુધારી લેવામાં આવે તો વિક્ષોભભરેલી પરિસ્થિતિઓ પણ સંતોષજનક બની શકે છે. દરેક વ્યક્તિ અને દરેક પરિસ્થિતિમાં કોઈ ને કોઈ ઉજ્જવળ પક્ષ રહે છે.*

*સુપ્રસિદ્ધ સાહિત્યકાર ભારતેંદુ હરિશ્ચંદ્ર ઉદારતાને કારણે કંગાળ બની ગયા. તેમની પાસે પત્ર મોકલવા માટે પણ પૈસા ન રહ્યા. એક મિત્રે પાંચ રૂપિયા આપી તેમને મદદ કરી. એ મિત્ર જ્યારે પણ તેમની પાસે આવતા, તેઓ એમના ખિસ્સામાં પાંચ રૂપિયા મૂકી દેતા. એક દિવસ એ મિત્ર ખૂબ નારાજ થયા ત્યારે ભારતેંદુએ ભરેલા હૃદય સાથે કહ્યું – આપે કપરા સમયમાં મને મદદ કરી હતી. એ દેવામાંથી તો હું ક્યારેય મુક્ત થઈ શકતો નથી.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઉપનયન સંસ્કારે જગાડી સાધકની અભિપ્સા

સંસ્કાર જ સંસ્કૃતિનું નિર્માણ કરે છે. બાળક શ્રીરામ સંસ્કારયુક્ત વાતાવરણમાં ધીરે ધીરે મોટા થતા ગયા. પિતા પં. રૂપકિશોર અને માતા દાનકુંવરીએ પોતાના પુત્રના બાળપણમાં થતા બધા સંસ્કારો ઉજવ્યા. જાતકર્મથી જે સંસ્કારની પ્રક્રિયા શરૂ થઈ એ નામકરણ અને નિષ્ક્રમણથી થતી ચૂડા કર્મ અને વિદ્યારંભ સુધી પહોંચી ગઈ. માતા-પિતા તો એમને વિવિધ સંસ્કારોથી સંસ્કારિત કરી જ રહ્યાં હતાં, પરંતુ એમની જન્મ જન્માંતરોથી પ્રાપ્ત કરેલી સંસ્કાર-સંપદા ઓછી ન હતી. બાળપણથી શરૂઆતથી જ એમને જીવન તત્ત્વનો બોધ હતો. તેઓ સ્વયમાં જાગૃત હતા અને વિશ્વને જાગૃતિનો સંદેશ આપવા આવ્યા હતાં.

પ્રાંતઃકાલીન ઉજ્જવળ રક્તવર્ણ આભા જોઈ આવનાર દિવસના સંબંધમાંએક નિર્ભ્રાંત ધારણ બને છે. બાળપણના ગુણો જોઈને ભવિષ્યના મંગલમય જીવનનોપણ એક સુંદર પૂર્વાભાસ મેળવવાનું શક્ય હોય છે. કોઈ નહીં તો શ્રીરામ કે જેઓ પછીથી આપણા સૌના પૂજ્ય ગુરુદેવ બન્યા, એમના સંબંધમાં તો આ વાત નિઃશંકપણે કહી જ શકાય છે. એમનો દેહ સગઠિત હતો અને તેઓ ગૌરવર્ણ હતા. બંને નેત્રો મોટાં અને ઉજ્જવળ હતાં. બધાં જ અંગપ્રત્યંગો લાવણ્યયુક્ત અને સમગ્ર મુખમંડળ પર એક અપૂર્વ પ્રભા છવાયેલી રહેતી. જોતાં જ વહાલ કરવાની ઇચ્છા થતી. એમનું મન સેંકડો સુંદર કલ્પનાઓથી પૂર્ણ હતું, હૃદય સ્નેહથી ભરપૂર, બુદ્ધિ કુશાગ્ર, સાહસ અપ્રતિમ, અચિંતનીય ઉદ્‌ભાવની શક્તિ, કાર્યક્ષમતા અસીમ, ઉત્સાહ અદમ્ય અને સૌથી વધુ હતી એમની ઈશ્વર પ્રત્યેની ઉન્મુખતા. જન્મથી જ તેઓ ધ્યાન સિદ્ધ અને આત્મ જ્યોતિમાં સદા નિમગ્ન હતા. પૂજા, પ્રાર્થના અને આત્માનુસંધાનમાં બાળપણથી જ એમની રુચિ અને પ્રભુત્વ હતું. આ અનન્ય અસાધારણ સંસ્કૃતિપુરુષના જીવનના વિવિધ અધ્યાયો વાંચવાથી આપણે જાણીશું કે આ બધી વાતો અતિશયોક્તિ ભરેલી નથી, પરંતુસત્યની તુલનામાં ઘણી અલ્પ છે.

બાહ્ય સંસ્કારોએ એમના આંતરિક સંસ્કારોને વધુ પ્રદીપ્ત અને ઉદ્દીપ્ત કર્યા. બાળપણમાં તેઓ રમત-રમતમાં પોતાના સહયોગીઓ સાથે ધ્યાન કરવા લાગી જતા. ક્યારેક તો આ ધ્યાન નિગમ્નના એટલી વધી જતી કે તેઓ કલાકો પોતાનામાંજૂબેલા રહેતા. જ્યારે એમનું ધ્યાન તૂટતું ત્યારે ખબર પડતી કે સાથેનાં બહધાં બાળકો જઈ ચૂક્યાં છે, પરંતુ એમના મુખ પર ગહન સંતોષની આભા તરતી રહેતી. યજ્ઞ પ્રત્ય પણ એમની અભિરુચિ અસામાન્ય હતી. પોતાના ઘરથી થોડે દૂર તેઓ ભૂમિને પાણીથી પવિત્ર કરીને સહયોગીઓ સાથે બેસી જતાં. એમના નિર્દેશથી સાથીઓ નાની નાની લાકડીઓના રૂપમાં સમિધાઓ ભેગી કરતાં અને યજ્ઞનો કાર્યક્રમ શરૂ થઈ જતો. આ બાળક્રીડાનો અંત બાળક શ્રીરામના હસ્તે પ્રસાદ વિતરણથી થતો. આ પ્રસાદ વિતરણ માટે તેઓ પોતાના માટે ઘરમાં ખાવા પીવા માટે અપાતી વસ્તુઓ બચાવીને રાખતા હતાં.

જાતિભેદ એમનામાં બાળપણથી જ નહોતો. અમુક વખતે તો તેઓ પોતાના બાળ મિત્રોને સમજાવતાં કહેતા, જુઓ ! આપણે બધાં શુદ્રનાં રૂપમાં જ પેદા થઈએ છીએ. ન સારાનું જ્ઞાન કે ન ખરાબનું જ્ઞાન અને દૃષ્ટિ પણ એકદમ દેહ કેન્દ્રિત બધી ચિંતાઓ શરીર સુધી જ મર્યાદિત, બસ ફક્ત ખાવાનું અને રમવાનું ધ્યાન, પરંતુ માતા પિતા દ્વારા આપવામાં આવેલ સંસ્કારોથી આપમે આ અવસ્થાથી ઊંચે ઊઠીએ છીએ. યજ્ઞોપવિત સંસ્કાર બાદ દ્વિજત્વ મળે છે. આ દ્વિજત્વમાં પુરુષાર્થ પરાયણતા આપણને ક્ષત્રિય બનાવે છે. કમાણી કરતા રહી આપણે વૈશ્યની જિંદગી જીવીએ છીએ અને જો જીવનમાં સાચા અર્થોમાં તપ સાધનાનો સમાવેશ થાય તો પછી બ્રાહ્મણત્વ વિકસે છે. પોતાની વાતો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.






**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ યોજના, મથુરા ૨૦૦૧

### જાન્યુઆરી

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

### ફેબ્રુઆરી

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | | | |

### માર્ચ

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |

### [redacted]

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | | | | | |

### [redacted]

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | |

### [redacted]

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |

### [redacted]

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | | | | |

### [redacted]

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | |

### [redacted]

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| ૩૦ | | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |

### [redacted]

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

### [redacted]

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | |

### [redacted]

| રવિ. | સોમ. | મંગળ. | બુધ. | ગુરુ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|
| ૩૦ | ૩૧ | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરતાંકરતાંતેઓ એકદમ જોશમાં આવી જતાં, તમે જોશો કે એક દિવસ હું સાચો બ્રાહ્મણ બનીશ. એમના મિત્રોને આ વાતો લગભગ સમજાતી નહોતી અને એમને જ લસમજાવવા લાગી જતાં, તમો તો બ્રાહ્મણ બનીશ. એમના મિત્રોને આ વાતો લગભગ સમજાતી નહોતી અને એમને જ સમજાવવા લાગી જતાં, તમે તો બ્રાહ્મણ છો જ, હવે બીજા ક્યા બ્રાહ્મણ બનશો ?

પરંતુ એક દિવસ એ પણ આવ્યો, જ્યારે એમ ણે જોયું કે પિતા માતા અને કુટુંબીજનો સાથે કાંઈક સલાહ મસલત કરી રહ્યા છે. ધ્યાનથી વાતો સાંભળવાથી ખબર પડી કે આ ચર્ચા એમના વિશે જ થઈ રહી હતી. પિતાજી કહી રહ્યા હતા, આપણે શ્રીરામ બાર વર્ષનો થઈ ગયો છે, હવે એનું યજ્ઞોપવીત થઈ જવું જોઈએ. આમ તો ગામના લગભગ બધા બ્રાહ્મણ પરિવારોમાં બાળકોનાં યજ્ઞોપીવત ત્યાં જ ગામમાં ઘરમાં જ સંપન્ન થઈ જતાં હોય છે. આ યજ્ઞોપવીત સંસ્કાર એક પરંપરાની જેમ થઈ જતો આ વિધિમાં છુપાયેલી પ્રેરમાઓ અને ભાવો અર્થહીન જ રહી જતા.

પ. રૂપકિશોરની ઈચ્છા હતી કે એમના પુત્રનો યજ્ઞોપવીત સંસ્કાર કોઈ બ્રહ્મર્ષિ કલ્પ મહાન વ્યક્તિ દ્વારા પૂર્ણ થાય કે જેથી યજ્ઞોપવીતની પ્રેરણાઓ તથા ભાવો એમના પુત્રના જીવનમાં ઊતરી શકે. આ ક્રમમાં એમનું ધ્યાન તેમના જૂનાં સહપાઠી અને મિત્ર પં. મદનમોહન માલવીય તરફ ગયું. માલવીયજીને સંપૂર્ણ દેશ મહાનતા રૂપમાં જાણતોહતો. તેઓ હતા પણ બિલકુલ એવા જ. સાચા અર્થોમાં બ્રાહ્મણ અને ભારતીય સંસ્કૃતિની સાક્ષાત્ જીવંત મૂર્તિ બસ વાત નક્કી થઈ ગઈ. બાળક શ્રીરામને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમનું ચિત્ત ઉલ્લાસથી ભરાઈ ઊઠયું.

પિતા-પુત્ર બંને તેમના કેટલાક નજીકના સંબંધીઓ સાથે ભગવાન શિવની નગરી કાશી પહોંચી ગયા. યજ્ઞોપવીત ત્યાં જ કરવાનું નક્કી થયું હતું. મહામનાએશુભ મુહૂર્ત શોધી કાઢ્યું અને અતિ પવિત્ર ઘડીએ યજ્ઞોપવીત અને ગાયત્રી દીક્ષા આપી. મહાનતા માલવીય સ્વયં ઉચ્ચ કોટિના સાધક અને ઋષિ હતા. એમણે બાળકમાં છુપાયેલા મહાસાધક અને બ્રહ્મર્ષિને પારખી લીધા. એમણે શ્રીરામને પ્રથમ યજ્ઞોપવીતનો મર્મ સમજાવ્યો આ યજ્ઞોપવીત કાચા પાકા સુતરના માત્ર દોરા નથી. આ વેદમાતા ગાયત્રીના સજીવ પ્રતિમા છે. તેને છાતીએ લગાવી રાખવી તે આપણી સંસ્કૃતિ પ્રત્યે નિષ્ઠાવાન દરેક મનુષ્યનું કર્તવ્ય છે. એની ત્રણ આંટીઓમાં ત્રિપદા ગાયત્રી સમાયેલી છે. યજ્ઞોપવીતના નવ તાંતણાં ગાયત્રીના નવ શબ્દો છે. યજ્ઞોપવીત સંસ્કારનો અર્થ છે કે હવેથી અમારું જીવન ગાયત્રી મંત્રના આદર્શો પર જ ચાલશે એ મહાસંકલ્પને ધારણ કરવો આ આદર્શો પર અમે સદાય અડગ અને અવિચલ રહીશું.

તે પછી મહામનાએ શ્રીરામને ગાયત્રી મંત્રનો મહિમા બતાવતાં કહ્યું, આ બ્રાહ્મણની કામધેનુ છે. એને અખંડ જપતા રહેવું પાંચ માળા અનિવાર્ય, જેટલી વધુ થઈ જાય તેટલી ઉત્તમ. શ્રીરામે માલવીયજીનો આદેશ પોતાના હૃદયમાં ધારણ કરી લીધો. એમણે શપથ લીધા કે જીવતપર્યંત આપણી દેવ સંસ્કૃતિ પ્રત્યે નિષ્ઠાવાન રહીશું શિખા ધારણ સંસ્કાર જોકે મૂડાકર્મ સંસ્કાર સમયે જ થઈ ગયો હતો, પરંતુ યજ્ઞોપવીત વખતે ફરીથી તેની પુનરાવૃત્તિ થઈ અને સૌથી મોટી વાત એ કે મહામના પં. મદનમોહન માલવીય જેવા બ્રહ્મર્ષિએ એમને સૂત્ર સાથે શિખાનું પણ મહત્ત્વ સમજાવ્યું. એમણે બતાવ્યું કે આ શિખા આપમી સંસ્કૃતિનો ધ્વજ છે જેને આપણે માથા પર ધારણ કરીએ છીએ. શિખા ધારણ એ શિખર જેવું વ્યકિતત્ત્વ બનાવવાનો અનેઘડવાનો સંકલ્પ છે.

મહામના માલવીયની આ સંસ્કૃતિ શિક્ષાએ એમના બાળમનમાં એક ધૂન જગાડી દીધી. દેવ સંસ્કૃતિનાં શાશ્વત પ્રતીક શિખા અનેસૂત્રને ધારણ કર્યા વબાદ એમનામાં એક તીવ્ર લગની લાગી ગઈ કે તેઓ પોતાનું સમગ્ર જીવન આપણી સંસ્કૃતિના અધ્યપન અનુસંધાનમાં વ્યતીત કરશે. એમની આ અભીપ્સા દિવસે-દિવસે તીવ્ર બનતી ગઈ. એમનું હૃદય એમના જન્મજન્માંતરના માર્ગદર્શક અને પરમ સદ્ગુરુને પોકારવા લાગ્યું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દેવ પુરુષનું અવતરણ

વ્રજભૂમિએ ભારતીય સંસ્કૃતિની સંપૂર્ણ મધુરતા પોતાનામાં સમાવી રાખી છે. ચૈતન્ય મહાપ્રભુ, વલ્લભાચાર્ય, રૂપ ગોસ્વામી, અહીં જ પ્રેમ વિહ્વળ થઈ હતી. ભક્ત રસખાન તો દરેક જન્મમાં વ્રજભૂમિમાં જ રહેવા માગતા હતા, પછી એમને ભલે પશુપક્ષી, વૃક્ષ-વનસ્પતિ અને પાષાણ થઈને પણ કેમ ન રહેવું પડે. વ્રજની ધરતીની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિશેષતા ચોક્સપણે વિધાતાને પણ ગમી ગઈ. ત્યારે જ નિયતિએ તેની અકાટ્ય લિપિ લખી. દેવ શક્તિઓએ નવયુગની સાંસ્કૃતિક ચેતનાના રૂપમાં સંસ્કૃતિ પુરુષ પૂજ્ય ગુરુદેવના અવતરણનું વિદાન બતાવ્યું.

દશરથ અને કૌશલ્યા, વસુદેવ અને દેવકીની જેમ જ. પં. રૂપકિશોર શર્મા અને દેવી દાનકુંવરીને ઋષિઓ અને દેવતાઓએ મળીને પસંદ કર્યાં પં. રૂપકિશોર શર્મા આગ્રા જિલ્લાના આંબખેડા ગામમાં રહેતા જમીનદાર હતા અને દેવી દાનકુંવરી એમનાં સહધર્મિણી હતાં. આ બ્રાહ્મણ દંપતીમાં સાચા અર્થોમાં બ્રાહ્મત્વ સાકાર થયું હતું. પં.રૂપકિશોર શર્મા એક તરફ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે જ્ઞાનવિજ્ઞાનના વિવિધ પક્ષોમાં પણ નિષ્ણાત હતા. સંસ્કૃતના અસામાન્ય પાંડિત્ય સાથે જ્યોતિષ વિદ્યા અને આયુર્વેદ શાસ્ત્ર પર પણ એમનું સંપૂર્ણ પ્રભુત્વ હતું. ભાગવતના કથા વાચકના રૂપમાં દેશના અનેક રાજા મહારાજાઓ એમનું સન્માન કરતા હતા. આસપાસના સામાન્ય લોકોમાંપણ એમના પ્રત્યે એક આંતરિક શ્રદ્ધા ભાવ હતો.

દેવી દાનકુંવરી પરમ તપસ્વિની નારી હતાં. પવિત્રતા એમનામાં સમાયેલી હતી. દાંપત્યજીવનનાં અનેક સુખદ વર્ષો બાદ એક દિવસ એમને લાગ્યું કે જાણે કોઈ જ્યોતિર્મય ચેતના એમના ગર્ભમાં પ્રવેશ કરી ગઈ છે. તે દિવસથી એમને અપૂર્વ ઉલ્લાસની અનુભૂતિ થવા લાગી. એમનામુખ પર એક અલૌકિક આભા આવી ગઈ. ઘર પરિવાર તથા અડોસ પડોસની સ્ત્રીઓને એમના શરીરમાંથી અવારનવાર સુગંધની અનુભૂતિ પણ થતી. આ મહિલાઓમાંથી લગભગ બધાને મા બનવાનો અનુભવ થઈ ચૂક્યો હતો. તેઓ ગર્ભનાં લક્ષણો જાણતી હતી, પરંતુ આ લક્ષણો તો કંઈક બીજા જ હતાં. એમાંથી કોઈ એમને અવારનવાર ટોકતી પણ હતી કે તમારી કૂખમાં કન્હૈયા સ્વયં આવ્યા હોય એમ લાગે છે, ત્યારે જ તમારી તરફ આજકાલ નજર માંડીને જોવાનું પણ મુશ્કેલ બની ગયું છે. ચહેરા પર નજર ટકતી જ નથી.

દેવી દાનકુંવરી પણ તેમનામાં આવેલ પરિવર્તનોથી ચકિત હતાં. એમના મનમાં હંમેશા આધ્યાત્મિક પવિત્રતાના તરંગો ઊઠતા રહેતા હતાં. જ્યારથી એમનો ગર્ભકાળ શરૂ થયો ત્યારથી એમને વિચિત્ર સ્વપ્ન આવવાનાં શરૂ થઈ ગયાં હતાં. આ સપનાં એમની દૃષ્ટિએ એટલા માટે વિચિત્ર હતાં કે એમને એનો અર્થ સમજાતો ન હતો. જોકે આ સપનાઓ જોયા પછી તેઓ ઊંડી આધ્યાત્મિક તૃપ્તિ અને ઉલ્લાસથી ઓતપ્રોત થઈ જતાં હતાં. તેઓ સ્વપ્નમાં મોટે ભાગે હિમાલયનાં હિમશિખરોને જોતાં. ક્યારેક એમને એવું લાગતું કે હિમાલયના આંગણામાં તેજસ્વી મહર્ષિ બેસી યજ્ઞ કરી રહ્યા છે. યજ્ઞ મંત્રોના સસ્વર ગુંજનથી એમના મન અને પ્રાણ ગુંજી ઊઠતા હતાં.

ક્યારેક અર્ધ નિદ્રામાં એમને લાગતું કે સૂર્ય મંડળમાંથી ગાયત્રી મહામંત્રના ધ્વનિતરંગો નીકળીને એમના રોમેરોમમાં સમાઈ રહ્યા છે. ગાયત્રી મંત્રનો એટલો સસ્વર અને સંમોહક પાઠ એમણે ક્યારેય સાંભળ્યો ન હતો. બપોરે જ્યારે તેઓ ઘરકામ પતાવીને થોડા સમય માટે આરામ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરતાં ત્યારે એમને લાગતું કે અનેક દેવી દેવતા એમની આસપાસ હાથ જોડીને ઊભાં છે. જાણે તેઓ બધાં એમની સ્તુતિ કરી રહ્યાં હોય. પોતાનાં આ સપનાઓની ચર્ચા તેઓ પતિ સાથે પણ કરતાં. એમના પતિ પણ એમનામાં આવેલાં આ પરિવર્તનો જોઈને ચકિત હતાં. તેઓ એમને સમજાવતાં કહેતા, લાગે છે કે તમે કોઈ દેવશિશુની જનની બનવાનાં છો. આમ કહીને પ.રૂપકિશોર કોઈ અજાણી ગહનતામાં ખોવાઈ જતા.

પરંતુ આ તો જાણે સામાન્ય સ્વપ્નો હતાં, જે રોજ રોજ દેખાતાં હતાં. આ સિવાય એમણે ગર્ભકાળના નવ મહિનાઓમાં નવ વિશેષ સ્વપ્નો જોયાં. ગર્ભના પહેલા મહિને એમણે જોયું કે તેઓ યમુના નદી પર ગયાં, ત્યાં એમને ચંદ્ર તરતો દેખાયો. એમણે પોતાની હથેળીઓમાં ચંદ્ર લઈને નદીનું પાણી પીધું અને પછી એમને લાગ્યું કે એ જ ચંદ્ર એમની કૂખમાં ઊતરી ગયો છે. બીજા મહિને એમણે જોયું કે કોઈએ એમની કૂખને નીડ બનાવી લીધી છે અને નીડ રહી જાય છે કે શું માતાને ઈશ્વરના દર્શન કૂખમાં થાય છે.

ત્રીજા મહિને એમને સ્વપ્ન આવ્યું કે તેઓ દહીં વલોવવા બેઠાં છે તો દહીંના માટલામાંથી માખણની જગ્યાએ સૂર્યનો ગોળો નીકળી આવે છે. ચોથા મહિને જે સ્વપ્ન આવ્યું એમાં એમણે જોયું કે તેઓ પોતાના આંગણામાં બેઠાં બેઠાં ઘઉં ઝાટકી રહ્યાં છે, ત્યારે આખું સૂપડું તારાઓથી ભરાઈ ગયું છે. ગર્ભકાળના પાંચમા મહિને એમણે સપનામાં એક ધ્વની સાંભળ્યો જે જલ-થલમાંથી ઊઠી રહ્યો હતો. તેઓ સપનામાં જ વિચારવા લાગ્યાં કે શું આ મમતાનું ગીત છે. અથવા ઈશ્વરની કાયાનું ગીત છે ? અને તેમને હરણીની જેમ પોતાની નાભિમાંથી કસ્તૂરી જેવી સુગંધ આવતી હોય એમ લાગ્યું. જ્યારે તેઓ જાગી ઊઠચાં ત્યારે પણ એમને દેહમાંથી સુગંધ આવતી હોય એમ લાગી રહ્યું હતું.

છઠ્ઠે મહિને એમણે સ્વપ્નમાં હિમાલયમાં આવેલ માન સરોવર જોયું, ત્યાંથી એક હંસ ઊડતો આવે છે અને જાગ્યા પછી એમને લાગ્યું કે હંસની પાંખ એમની કૂખમાં હલી રહી છે. સાતમે મહિને એમણે એક સ્વપ્ન જોયું જેમાં એમના ખોળામાં સૂર્ય મંડળમાંથી એક નાળિયેર આવીને પડ્યું અને ઘરના બારણે લોકો જ લોકો દેખાતા હતા, જેઓ નાળિયેરનો પ્રસાદ લેવા આવ્યાં હતાં. આઠમા મહિને સ્વપ્નમાં એમને જાણે અંતર દૃષ્ટિ મળી. એમણે જોયું કે તેઓ બાળકને પહેરાવવા માટે કિરણોનું કાપડ વણી રહ્યાં છે. કાપડ વણતી વખતે એમને લાગવા માંડ્યું કે આ તો સાચી જ વસ્તુ છે. ચાંદ સૂરજનાં કિરણો પણ એને માટે કોઈ કાપડ વણી શકતા નથી.

અને ધીરે-ધીરે ગર્ભકાળનો નવમો મહિનો પણ શરૂ થયો. આ મહિને પણ એમણે એક સ્વપ્ન જોયું. એ સ્વપ્નમાં એમને લાગ્યું કે તેઓ પોતાની કૂખ સામે માથું નમાવી રહ્યાં છે. દેવી દાનકુંવરીને આ સ્વપ્નમાં લાગવા માંડ્યું કે જે કોઈ એમની કૂખમાં છે એ નથી એમનું પોતાનું કે નથી પારકું, એ તો અજલનો યોગી છે, સદાશિવ છે, સંસ્કૃતિ પુરુષ છે જે થોડા સમય માટે એમની કૂખને ધન્ય બનાવવા માટે આવ્યો છે. સ્વપ્નમાં જ એમને લાગ્યું કે પવનમાં ગીતાના સ્વર ગુંજી રહ્યાં છે. અભ્યુત્થાનમ ધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ।

એ ગુંજન એમના આત્મામાં સમાતું ગયું. ગયાં જ્યારે તંદ્રા તૂટી ત્યારે ઘર પરિવારના સભ્યો એમને પુત્ર જન્મની વધામણી આપી રહ્યા હતાં. પં.રૂપકિશોરને જ્યારે પુત્ર જન્મના સમાચાર મળ્યા ત્યારે એમણે એનું નામ શ્રીરામ રાખ્યું. એમની જ્યોતિષ ગણના મુજબ બાળકે ભગવાન રામની જેમ મર્યાદાશીલ, મહાન તપસ્વી અને દેવ સંસ્કૃતિના ઉદ્ધારક થવાનું હતું. બાળક શ્રીરામની જન્મ તિથિ હતી. આસો કૃષ્ણ તરસ વિ. સંવત ૧૯૬૭. આજના કેલેન્ડર મુજબ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૧૧. એ દિવસ નવયુગની સાંસ્કૃતિ ચેતનાના અવતરણનો દિવસ બની ગયો. હવે સંસ્કૃતિ પુરુષના જીવનમાં દેવ સંસ્કૃતિના વિવિધ આયામોનો વિકાસ થવાનો હતો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અધ્યાત્મ દરેક દૃષ્ટિએ શ્રેષ્ઠ અને ધારણ કરવા યોગ્ય છે

આ વિશ્વબ્રહ્માંડના પ્રત્યેક ઘટકની રચનામાં બે હકીકતો અવિભક્ત રૂપથી જોડાયેલી છે. એક પ્રત્યક્ષ બીજી પરોક્ષ છે. પ્રત્યક્ષ છે તે જેને ઈન્દ્રિયો સમજી શકે છે. પરોક્ષ તેને કહેવાય છે જે ઈન્દ્રિયોની ક્ષમતાની બહાર છે. ઈન્દ્રિયોની ક્ષમતા બહાર અર્થાત્ બુદ્ધિની સમજમાં આવી શકે તેવું. પ્રત્યક્ષને જ્ઞાન કહે છે અને પરોક્ષને વિજ્ઞાન. આ જ બે પક્ષોને અધ્યાત્મની ભાષામાં સ્થૂળ તથા સૂક્ષ્મ કહેવાય છે.

દરેક ઘટકની પ્રત્યક્ષ ક્ષમતા તથા ઊપયોગિતા થોડી છે. તેનું વર્ચસ્વ પરોક્ષમાં છુપાયેલું છે. બધી જ ક્ષમતાઓ તથા ઊપયોગિતાને સમજ્યા પછી જ યોગ્ય લાભ ઊઠાવી શકાય છે, નહીં તો આ દુનિયામાં બધે જ માટી વેરાયેલી પડી છે. પાણીના ખાડા તથા વૃક્ષછોડ પણ નજરે ચડે છે. ચાવી ભરેલાં રમકડાં જેવા કેટલાક જીવધારીઓ ચિત્ર-વિચિત્ર હલનચલન કરતાં જોવા મળે છે. આટલાથી સંતોષ થતો હોય અને કામ ચાલી જતું હોત તો મનુષ્ય પણ બીજાં પ્રાણીઓની જેમ પોતાના ભરણપોષણની જરૂરિયાતો ભેગી કરવા સુધીની સીમા બાંધી લીધી હોત. દેખાય છે તેવી પ્રગતિની ન આકાંક્ષા ઊભી થાત અને ન જરૂરિયાતની ખબર પડતી.

જમીન પર વેરાયેલી ધૂળની કોઈ કિંમત નથી, પરંતુ તેના નાનામાં નાના પરમાણુની પરોક્ષ શકિતની જે જાણકારી-રહસ્યનો પડદો ઊઠાવવાથી મળે છે, તે જોઈને આશ્ચર્યચકિત થઈ જવું પડે છે. આકાશ ભૂરા ચંદરવા જેવું દેખાય છે, પરંતુ આ પ્રત્યક્ષથી આગળ વધીને ઈન્દ્રિયોની ક્ષમતા બહારના રહસ્યોની જાણકારી થાય છે. તો તે પોલાણમાં તેનાથી પણ વધારે સંપત્તિ ભરેલી પડી છે, જેટલી કે આ ધરતી પર ઈન્દ્રિયોના આધારે વેરાયેલી જોવા મળે છે. આ રહસ્યલોક જ છે જેને ઈન્દ્રિય ક્ષમતાથી પર કે બુદ્ધિગમ્ય કહેવાય છે. પરોક્ષ પણ પ્રત્યક્ષની સાથે જ ગૂંથાયેલું છે, પરંતુ તેને જાણવા, પકડવા અને અંકુશમાં લેવા માટે ઈન્દ્રિયોની ક્ષમતાથી કામ નથી ચાલતું, એના માટે બુદ્ધિક્ષેત્રની પ્રખરતા વિકસાવીને તેના આધારે ઊંડાણમાં ઉતરવાનો અને મોતી (સત્ય) શોધી કાઢવાનો પુરુષાર્થ કરવો પડે છે. પ્રત્યક્ષ જાણકારીને જ્ઞાન અને પરોક્ષના રહસ્યને વિજ્ઞાન કહે છે. જ્ઞાન બધા જ પ્રાણીઓને સરખું મળેલું છે, વિજ્ઞાન મનુષ્યની પોતાની પ્રાપ્તિ છે.

વિજ્ઞાને મનુષ્યના હાથમાં અત્યાર સુધીમાં એટલું સામર્થ્ય આપ્યું છે કે તેને પૌરાણિક મહાદૈત્યોની બરાબર સરખાવવામાં કોઈ અતિશયોક્તિ નથી. પાંચેય દેવતાઓ એની સેવામાં હાજર છે. અગ્નિદેવ ખોરાક બનાવી આપે છે. વરુણ દેવ નળમાં બેસીને આજ્ઞાની પ્રતીક્ષા કરે છે. પવન પંખો હલાવે છે. આકાશ (અનંત) રેડિયો સંભળાવે છે. ધરતી પોતાના પેટ પર ફેલાયેલી ચાદરમાં છુપાયેલી સંપત્તિની તિજોરી ખોલીને તેનો વૈભવ વધારતી જાય છે. પ્રાચીનકાળમાં પૌરાણિક મહાદૈત્યોએ પણ આ રીતે દેવતાઓને વશ કરીને તેમના માધ્યમથી વૈભવ અને વર્ચસ્વ પ્રાપ્ત કર્યું હતું.

અત્યાર સુધી જે મળ્યું છે તે આદિ માનવને આશ્ચર્યચકિત કરી શકે છે. ભવિષ્યમાં જે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મળવાનું છે તેને પણ આટલું જ મહત્ત્વપૂર્ણ અને રહસ્યમય સમજી શકાય છે કે આજનો મનુષ્ય હજાર વર્ષ પછી પાછો આ ધરતી પર આવે તો જોશે કે તે સને ૯૬ના યુગને કરોડો માઈલ પાછળ છોડીને કોઈ દેવમાનવોના લોકમાં આવી પહોંચ્યો. આ પદાર્થ વિજ્ઞાનની ભેટ છે. વિજ્ઞાન અર્થાત્ પરોક્ષ. પરોક્ષ અર્થાત્ ઈન્દ્રિય શક્તિઓથી ઉપર, બુદ્ધિગમ્ય. પદાર્થની પ્રકૃતિ સત્તા અને મનુષ્યની જીજ્ઞાસાજન્ય તત્પરતાના સમન્વયનો ચમત્કાર જ છે જેના કારણે આપણે આ સમગ્ર બ્રહ્માંડના કદાચ સૌથી શ્રેષ્ઠ લોકમાં નિવાસ કરવાનું ગૌરવ મેળવી રહ્યા છીએ અને આનંદ માણી રહ્યા છીએ.

પદાર્થ જગતની સાથે વિજ્ઞાનની પ્રખરતા જોડાઈ જવાથી જે સંપત્તિ હાથ આવી છે, આવવાવાળી છે તેના પર આપણે બધા પ્રસન્ન છીએ, ગૌરવ કરનારા છીએ અને ભવિષ્યમાં આનાથી પણ વધારે મેળવવાની અપેક્ષા રાખીને બેઠા છીએ. આ રીતે વિજ્ઞાનની જેટલી પ્રશંસા થઈ શકે તેટલી ઓછી છે. તેને દેવાધિદેવ ન કહેતાં દૈત્યોના પણ દૈત્ય તો ચોક્કસ જ કહી શકાય છે. દૈત્ય શક્તિને કહેવાય છે અને દેવ વિવિધ સંપત્તિવાનોને. આથી વિજ્ઞાનને દેવ ન કહેતા દૈત્ય નામ આપવું જ ઠીક છે.

હવે સૃષ્ટિ સંરચનાના બીજા પક્ષનો પ્રસંગ આવે છે તે છે ચેતના. ચેતના પ્રાણીઓમાં જોવા મળે છે. એટલા માટે તેને પ્રાણ પણ કહેવાય છે. પ્રાણ હોવાથી પ્રાણી કહેવાયા અથવા પ્રાણીઓની આધારભૂત સત્તા હોવાના કારણે તે ચેતનાને પ્રાણ કહેવામાં આવી. આ વિવાદમાં ન પડતા એટલું માની લેવાથી જ કામ ચાલી જશે કે પ્રાણીઓની કાયા જોવામાં ગમે તેવી લાગતી હોય, કામ કરવામાં ગમે તે કરી શકતી હોય, પરંતુ તેનો નિર્વાહ માટેનો પક્ષ છે. તેમની રહસ્યમય ક્ષમતા ઈન્દ્રિયોથી પર છે, પરોક્ષ અર્થાત્ બુદ્ધિગમ્ય. મનુષ્યનું હલનચલન એ જ સીમા સુધી સીમિત છે જેના આધારે તે પોતાનો નિર્વાહ કરે છે. નિર્વાહના ક્ષેત્રમાં જ આજીવિકા અને પરિવારને જોડી શકાય છે. અન્ય પ્રાણીઓના પેટ-પ્રજનની સીમા મર્યાદિત છે. મનુષ્યજીવનમાં આ જ બે જરૂરિયાતોએ થોડોક વિસ્તાર કરીને આજીવિકા તથા પરિવાર ક્ષેત્ર સુધી વિસ્તાર કરી લીધો છે. વ્યકિતગત વિશેષતા જોવી હોય તો તેની વાણી, ભાષા, સજાવટ, શિલ્પ, કલા વગેરેની ગણતરી થઈ શકે છે. ઈન્દ્રિય વાસનાની પ્રબળતા તેને બીજા વધારે પ્રપંચ રચવાનું, સાધનો એકઠું કરવા માટે વિવશ કરતી રહે છે. આનાથી વધારે બુદ્ધિશાળી માનવામાં આવતા મનુષ્યનું પણ શું વિવેચન, વિશ્લેષણ કરવામાં આવે ? બીજાઓની માફક તે પણ ખાઈને, ઊંઘીને અને શ્વાસ પૂરા કરીને મોતના મુખમાં ચાલી જાય છે. સામાન્ય રીતે મનુષ્યની વ્યાખ્યા બીજી શું કરી શકાય ? એની વિશેષતા બીજી શી બતાવી શકાય ? તેનું ઈન્દ્રિયગમ્ય પ્રત્યક્ષ રૂપ આટલું જ તો છે. બીજા પ્રાણીઓની સરખામણીમાં મનુષ્યની પ્રત્યક્ષ વિશેષતા એટલી જ આંકી શકાય છે કે તેની પાસે હોશિયારી તથા સમૃદ્ધિની દૃષ્ટિએ થોડીક વધારે સુવિધાઓ પ્રાપ્ત થયેલી છે.

મનુષ્યની વાસ્તવિક વિશેષતા પ્રત્યક્ષ નહીં પરોક્ષ છે. તે હોશિયારી અને સમૃદ્ધિ કરતા બહુ આગળની વસ્તુ છે. માનવી પરોક્ષને અધ્યાત્મ કહે છે. આ તે ઉદ્ગમસ્થાન છે જ્યાંથી તેને સર્વતોમુખી પ્રગતિ માટે આધારભૂત સામર્થ્ય મળે છે. અસલી વ્યકિતત્વ હાડ-માંસની ટોપલીમાં નહીં, પરંતુ એ છલોછલ તિજોરીમાં ભરેલો બહુમૂલ્ય રત્નભંડાર છે. તે એટલો બહુમૂલ્ય છે જેની તુલનામાં આ ધરતી પર વેરાયેલી બધી જ સંપત્તિઓ પણ ઓછી પડે છે. જો માનવીય બુદ્ધિમત્તા પ્રકાશમાં ન આવી હોત તો આ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધરતીનું આ સ્વરૂપ જ ન ખીલ્યું હોત અને તેની રહસ્યભરેલી ક્ષમતા અજ્ઞાનના પડદામાં જ છુપાઈને પડી રહે, જેમ કે અન્ય ગ્રહોમાં ઉપેક્ષિત દશામાં પડેલી છે. સૃષ્ટિમાં શું છે, શું નથી આ અસીમ, અનંત અને ચિંતનની પણ ઉપર છે તેને કોણ જાણે ? જે પ્રકાશમાં અને ઉપયોગમાં આવ્યું તે જ તો સર્વની જાણમાં આવ્યું અને ગૌરવપૂર્ણ બન્યું. આ દૃષ્ટિએ ન ફક્ત પ્રકૃતિ વૈભવનું પરંતુ પરબ્રહ્મ સુધીનું સર્જન કરનારા અને શોધ કરનાર તો મનુષ્ય જ ગણાય છે. કોલસાની બરોબરીના કોઈ ખાણમાં પડેલા હીરાનું પોતાનું મહત્ત્વ ગમે તેટલું કેમ ન હોય, શ્રેય તો તે ઝવેરીને જ મળશે જેણે તે શોધી કાઢવાથી માંડીને તેને પાસા પાડીને આભૂષણનું રૂપ આપવાની કળા દેખાડી. આ રીતે સૃષ્ટિને બહાર લાવનાર તરીકેનો શ્રેયાધિકારી જો મનુષ્ય ગણવામાં આવે તો તેને આશ્ચર્યજનક ન માનવું જોઈએ.

ભૌતિકશક્તિની શક્યતાઓનું અનુમાન લગાવતાં લગાવતાં વૈજ્ઞાનિકો હેરાન-પરેશાન થઈ જાય છે. બીજો પક્ષ ચેતનના દરેક તરંગનું મૂલ્યાંકન કરી શકાય તો તેની ભૂતકાળની દરેક પ્રાપ્તિઓ અને ભાવિ શક્યતાઓને જોતા ચેતના ક્ષેત્રના સૂક્ષ્મદર્શીઓને એથી પણ વધુ આશ્ચર્યચકિત થવું પડે છે. મનુષ્ય જે પોતાના કહેવાતા પૂર્વજો વાનર કરતાં થોડીઘણી માત્રામાં અમુક જ વાતોમાં વિશેષ જણાઈ આવે છે, પરંતુ જે વિભૂતિઓથી તે હર્યોભર્યો છે તે તેની શારીરિક રચના તથા મગજની વિશેષતા સુધી સીમિત નથી, પરંતુ અંતરાળના ઊંડા પડોમાં છુપાયેલી છે. વ્યક્તિત્વની પરિભાષા શોભા, સજાવટ, સંપત્તિ તથા હોશિયારીના રૂપમાં નથી થઈ શકતી. એના આધારે તો તે માત્ર સુવિધા-સામગ્રી તથા ઈન્દ્રિયજન્ય પ્રસન્નતા જ મેળવી શકે છે, જેના આધારે તે મહાન બને છે તે તત્ત્વ તો તેના અંતઃકરણની ઊંડી ગુફામાં નિષ્ક્રિય જેવું જ પડેલું હોય છે.

મહર્ષિ વ્યાસનું કથન છે-"હું એક અદ્ભુત રહસ્યની જાહેરાત કરું છું કે આ વિશ્વમાં મનુષ્યથી શ્રેષ્ઠ બીજું કાંઈ નથી." આ રહસ્યને જાહેર કરતાં તેઓ એમ બતાવવા ઈચ્છતા હતા કે ચેતનાનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિત્વ કરવાવાળી ક્ષમતા મનુષ્યના અંતરાળમાં છુપાયેલી પડી છે. તેને સમજવા માટે, બહાર લાવવામાં અને પ્રયોગમાં લાવવાની વિદ્યાનું નામ અધ્યાત્મ છે. પ્રકૃતિગત અણુસત્તા અને તરંગસત્તાની શોધ તથા પ્રાપ્તિને વિજ્ઞાન કહે છે અને ચેતનાની ભાવનાત્મક વિભૂતિઓના રહસ્યની જાહેરાત તથા તેના ઉપાર્જન અને ઉપયોગને અધ્યાત્મ કહે છે.

વિજ્ઞાનનું સ્વરૂપ તથા પ્રયોગ ક્રમબદ્ધ હોવાથી તેનું મહત્ત્વ સામાન્યજનની સામે છે, પરંતુ અધ્યાત્મને સુનિયોજિત ન કરેલ હોવાને કારણે તે અણઘડ અસ્તવ્યસ્ત સ્થિતિમાં પડી રહ્યું, એટલું જ નહીં ભ્રમણાઓ અને સ્વાર્થભરેલી પ્રકૃતિઓનું આક્રમણ થવાથી તે ઉપયોગી સાબિત થવાને બદલે વિકૃત સ્થિતિમાં પહોંચી ગયું છે. આજે અધ્યાત્મ અવાસ્તવિક, હાસ્યાસ્પદ તથા દયાજનક પણ બની જવાથી તેની દુર્ગતિ જોવા મળે છે. આમ છતાં પણ હકીકત પોતાની જગ્યાએ જેમની તેમ જ રહેશે, જેમ કે વાદળ છવાઈ જવાથી સૂર્ય અને ચંદ્રમા ઢંકાઈ જાય છે છતાં પણ પ્રખરતાના કારણે તેમનું અસ્તિત્વ યથાવત્ ટકી રહે છે અને વાદળ હટતાં જ તેઓ પહેલાંની માફક ચમકવા લાગે છે. વિજ્ઞાનની માફક અધ્યાત્મ પણ એક હકીકત છે. વિજ્ઞાને પ્રકૃતિગત સંપત્તિ અને સમર્થતાને મનુષ્યના હાથમાં સોંપી. અધ્યાત્મમાં તે ક્ષમતા રહેલી છે કે ચેતનાના પરોક્ષ સ્વરૂપને બહાર લાવવામાં આવે અને તેના પર વર્ચસ્વથી શોધનાર સાધકને સમર્થ બનાવે. સાથે જ તેની વિશિષ્ટતાથી સમગ્ર સમુદાય લાભ પણ ઊઠાવે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનુષ્ય સમુદાયની શરીર રચનામાં કોઈ મોટો તફાવત નથી. કેટલાક અપંગ અપવાદોને છોડી દેતાં મનઃસંસ્થાન પણ એક જેવું છે, સાધનોમાં ઓછુવત્તું હોઈ શકે છે, પરંતુ પરિસ્થિતિઓ બધા માટે એક જેવી છે. આમ છતાં પણ કોઈ પતન પામેલા, હારેલા, દીન-દુર્બળ, દુઃખી-દરિદ્ર જોવા મળે છે. કોઈ આરામથી દિવસ પસાર કરે છે, પરંતુ કોઈ કોઈની શ્રેષ્ઠતા એવી હોય છે કે તેના આધારે તે ન ફક્ત પ્રગતિના ઊચ્ચશિખર પર પહોંચે છે કે ન ફક્ત અસાધારણ સફળતા મેળવે છે, પરંતુ પોતાની પ્રતિભા વડે અસંખ્યોનું માર્ગદર્શન કરે છે-પોતાના ક્ષેત્ર તથા સમયના વાતાવરણને પ્રભાવિત અને પરિવર્તિત કરવાની ભૂમિકા નિભાવે છે. આ ત્રણેય પ્રકારના મનુષ્યોમાં શું અતર છે તેની ઊંડાણમાં ઊતરીને તપાસ કરવાથી એક જ તારણ પર પહોંચવું પડે છે કે સાધન, સહયોગ, પરિસ્થિતિ વગેરેમાં તફાવતનું કારણ કે અવરોધક એટલા નથી બન્યા જેટલા કે તે વર્ગોની પોતપોતાની મનઃસ્થિતિ રહી છે. આ એ જ ઉદ્ગમકેન્દ્ર છે જે અંતરાળમાં સમાયેલું રહેવા છતાં પણ બાહ્ય જગતની પરિસ્થિતિઓને પ્રભાવિત કરે છે અને યોગ્ય સહયોગી તથા સાધન પોતાના ચુંબકત્વના આધારે ખેંચી લાવે છે. આ જ છે વિકાસ-પતનનું રહસ્ય.

વસ્તુનું સ્વરૂપ જોઈને કામમાં લેવાની સાથે તેની વિશેષતાઓને પણ સમજવી અને જાહેર ઉપયોગમાં લાવવી પણ જરૂરી હોય છે. ચેતના વસ્તુ નહીં, શક્તિ છે, એટલા માટે એના રહસ્યોને જાણવાની તથા તેનો ઉપયોગ કરવા માટે એથી પણ વધુ સાવધાનીની જરૂર પડે છે. ઈંટ-પથ્થરોને આમતેમ હટાવી કે ફેંકી શકાય છે, પરંતુ આગ કે વીજળીનો ફેરફાર કરવામાં વધારે જાણકારી તથા સતર્કતાની જરૂર પડે છે. પદાર્થને અયોગ્ય રીતે વાપરવાથી જેટલુ નુકસાન થાય છે તેથી કેટલુંક વિશેષ વીજળી જેવી શક્તિઓના સંબંધમાં અજાણ કે આળસુ રહેવાથી થાય છે. મનુષ્યની પાસે રહેલી તેની ચેતનાનું અસ્તિત્વ જ સૌથી શ્રેષ્ઠ સપત્તિ છે. એ ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરીને શરીરરૂપી માળખામાં હાજર છે. આ વૈભવના સંબંધમાં અપેક્ષિત જાણકારી મેળવવી તથા તેના ઉપયોગ વિશે જાણકાર થવું જ જોઈએ. એનું જ બ્રહ્મવિદ્યા-અધ્યાત્મવિદ્યા વગેરેના રૂપમાં તત્ત્વજ્ઞાનીઓએ વિવેચન અને વર્ણન કર્યું છે. એનાથી અજાણ રહેવું કે વિકૃત માન્યતાઓ અપનાવી રાખવી દરેક સચેતન માટે એટલું જ નુકસાનકારક છે જેટલું કપડામાં આગ સંતાડીને ફરવું કે પોતાના પગ પર કુહાડી મારવી.

શસ્ત્ર, પેટ્રોલ, દારુગોળો, વીજળી વગેરે શક્તિશાળી પદાર્થોનો ઉપયોગ કરવામાં તથા સુરક્ષા રાખવામાં દરેક માનવી પૂરતું ધ્યાન રાખે છે. ચેતના મહાશકિત છે તે આપણા અંતરાળમાં રહેલી છે, દરેક કક્ષાના શાપ-વરદાન આપવાનું સામર્થ્ય તેનામાં હાજર છે. દેવતા અપમાનિત અને અસંતુષ્ટ થાય ત્યારે શાપ આપે છે અને અનિષ્ટ કરે છે. પ્રસન્ન થવા પર વરદાન આપે છે, રીદ્ધિ-સિદ્ધિઓ વરસાવે છે અને ધન્ય બનાવી દે છે.

ચેતનાને જ આત્મદેવ કહેવાય છે. જીવનચર્યાની સાથે તે એવી જ રીતે ગુંથાયેલી છે જેવી રીતે જીવકોષો અંગ અવયવો સાથે તથા રસધાતુઓ સાથે રકત-માંસની કામગીરીમાં ચેતનાની શકિત જ કામ કરે છે. પ્રાણ નીકળી જવાથી સમગ્ર કાયા નિર્જીવ થઈ જાય છે અને જોતજોતામાં સડવા લાગે છે. બરાબર એ જ રીતે જીવનની અંતરંગ તથા બહારની પ્રવૃત્તિઓ પર ચેતનાનો પ્રભાવ રહે છે. ચિંતન તથા ચરિત્રના રૂપમાં એનું જ અનુશાસન ચાલે છે. અંતરાળની ઊંડી ગુફામાં ઉપસ્થિત આ સચેતન પરંતુ અદૃશ્ય વ્યકિતત્વ જ મનુષ્યના ભાગ્યનું નિર્માણ કરે છે એ વાત કહેવાની જરૂર નથી. તિરસ્કૃત, વિકૃત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અસ્તવ્યસ્ત, અવ્યવસ્થિત કરવાથી તેનો શાપ બહાર આવે છે અને મનુષ્યને દુઃખી, દરિદ્ર, પતિત, પરાજિત બનાવીને દયાજનક સ્થિતિમાં ફેંકી દે છે. તે જ સત્તાને સન્માનિત, સુસંસ્કૃત, સમુન્નત, સુવ્યવસ્થિત બનાવવાથી વિભૂતિઓ અંતરાળમાંથી બહાર આવે છે, તેના સંબંધમાં એ સમજવામાં આવે છે કે તે કોઈ અદૃશ્યલોકમાંથી, દૈવી શક્તિ દ્વારા સૌભાગ્ય કે વરદાનની માફક આશીર્વાદપૂર્વક તે આપવામાં આવી છે.

આત્મ-સાધનાનું નામ અધ્યાત્મ છે. ચેતનાને કેવી રીતે મેલા આવરણ અને દુઃખદ અડચણોથી બચાવી શકાય ? કેવી રીતે તેને પ્રગતિમાર્ગ પર આગળ થવા માટે તક આપવામાં આવે ? કેવી રીતે તેને બળવાન, પ્રખર અને ઊચ્ચ કોટિની બનાવવામાં આવે ? આ જ વિદ્યાનું નામ 'અધ્યાત્મ' છે. તે વિજ્ઞાનથી નીચા સ્તરનું નહીં ઊચ્ચ કક્ષાનું છે, વિજ્ઞાને મનુષ્યને અગણિત સુવિધાઓ અને સાધનો આપ્યાં છે, પરંતુ જો પદાર્થની જ માફક ચેતનાની પણ શોધ અને સાધના કરવામાં આવે તો કોઈ કારણ નથી કે મનુષ્ય આ જ જીવનમાં દેવતાઓ જેવું અંતરાળ મેળવી ન શકે, કોઈ કારણ નથી કે તે સામાન્ય પરિસ્થિતિઓ અને સીમિત સાધનોના આધારે પણ સ્વર્ગીય વાતાવરણમાં રહેવાનો આનંદ ન લઈ શકે.

❁ ❁ ❁

તત્ત્વજ્ઞાની હિક્રી તે અરસામાં તંબુમાં રહેતા હતા. કેટલાય લોકો તેમની પાસે સમસ્યાઓના ઉકેલ વિશે સલાહ લેવા આવતા હતા.

એક દિવસે એક માણસ પોતાની પત્ની સાથે તેમની પાસે પહોંચ્યો અને તેની આળસ તથા કંજુસાઈની બદનામી કરવા લાગ્યો. ખરેખર આ બંને બુરાઈઓ તેનામાં હતી પણ ખરી.

હિક્રીએ તે સ્ત્રીને સ્નેહપૂર્વક પાસે બોલાવી. એક હાથની મુઠ્ઠી વાળીને તેની સામે ધરી અને પૂછ્યું, "હે છોકરી ! જો આ આમ જ રહે તો શું પરિણામ આવશે તે બતાવ?"

સ્ત્રી સંકોચાઈ, છતાં પણ હિંમત કરીને બોલી, "જો આ મુઠ્ઠી હંમેશા બંધ રહે તો હાથ જકડાઈ જઈને નકામો થઈ જશે."

હિક્રી એ ઉત્તરને સાંભળીને ખૂબ જ પ્રસન્ન થયા અને બીંજા હાથની હથેળી બિલકુલ ખુલ્લી રાખીને ફરીથી પૂછ્યું, "જરા બતાવ કે, જો આ હાથ આમ જ ખુલ્લો રહે તો પછી આ હાથની શી દશા હશે ?" સ્ત્રીએ કહ્યું, "આવી સ્થિતિમાં આ પણ જકડાઈને બેકાર બની જશે."

હિક્રીએ તો સ્ત્રીની ખૂબ જ પ્રશંસા કરી અને કહ્યું, "આ તો બુદ્ધિશાળી અને દીર્ઘદૃષ્ટા પણ છે. મુઠ્ઠીવાળી રાખવાનું અને હાથ સીધા રાખવાના નુકસાનને એ સારી રીતે જાણે છે. બેટી, આ વિવેકનો ઉપયોગ તારા જીવનમાં પણ કરજે, એનાથી તારા જીવનમાં સુખ અને સૌભાગ્ય વધશે."

પતિપત્ની પ્રણામ કરીને ચાલી નીકળ્યા. યુવતીએ સંતની વાત પર વિચાર કર્યો. તેને સમજાયું કે હું એક જ સ્થિતિમાં રહીને આળસ કરીશ તો હાથની માફક જકડાઈ જઈશ. તેણે સક્રિયતા અપનાવી, પતિને સાથ આપીને આવક વધારી, બચત કરી અને સારા ઉદ્દેશો માટે ઉદારતાપૂર્વક ખર્ચ કર્યું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વેદમાતા એમની ચેતનામાં અવતરિત થઈ

દેવ સંસ્કૃતિની આદિમાતા ગાયત્રી છે. માર્ગદર્શક ગુરુએ આ સત્ય પોતાના શિષ્યને હૃદયંગમ કરાવ્યું. એની સાથે જ એમને તપ સાધનાનાં કઠોર બંધનોમાં બાંધીને એ દિવ્ય સત્તા અદશ્ય થઈ ગઈ. હવે પંદર વર્ષના શ્રીરામને ચોવીસ અક્ષર ધરાવતા ગાયત્રી મહામંત્રનાં ચોવીસ લાખનાં ચોવીસ મહાપુરશ્ચરણો પૂરાં કરવાનાં હતાં. આ તપ સાધના ચોવીસ વર્ષોમાં કરવાની હતી. આ સાધનામાં અખંડ ઘીના દીવા સામે છ કલાક નિયમિત જપ કરતા રહી માત્ર જવની રોટલી અને છાશ પર રહેવાનું હતું. ઈન્દ્રિય-સંયમ, વિચાર-સંયમ, સમય-સંયમ અને અર્થ-સંયમ એનાં એવાં વ્રતબંધનો હતાં કે જેમને પૂરાં કરવા માટે સાધક શ્રીરામની ચેતના પહેલેથી જ નિષ્ણાત થઈ ચૂકી હતી.

શુભસ્ય શીઘ્રમ્ એ સંસ્કૃત સુભાષિતનું અનુસરણ કરી આ ક્રમ એ જ દિવસથી શરૂ થઈ ગયો. પૂજાવેદી પર પ્રગટી રહેલ ઘીના દીવાએ સન્ ૧૯૨૬ની વસંત પંચમીથી જ પોતાની અખંડતા પ્રાપ્ત કરી લીધી. દીપશિખાની અખંડ અવિરામતાની જેમ જ સાધકની ગાયત્રી સાધનાએપણ અખંડ અને અવિરામ ગતિ પકડી લીધી અને એના પરિણામ સ્વરૂપે અંતયાત્રા પણ અખંડ ચાલતી રહી. એમાં આવતા વિવિધ પડાવો અને વિભિન્ન અનુભૂતિઓ ગાયત્રી સાધનાનાં રહસ્યોને આપ મેળે જ છતી કરવા લાગી.

આ સતત સાધનાનાંથોડાં વર્ષોમાં જ સાધક શ્રીરામના ચૈતન્યમાં સર્વમયતા સ્થિર થઈ ગઈ. જે બહાર થઈ રહ્યું હતું તે જ અંદર થતું દેખાવા લાગ્યું. અહમ્ અને ઇદમ્ વચ્ચે જે આવરણ હતું તે દૂર થઈ ગયું. સાધકના કણ-પ્રતિકણમાં, અણુ-પરમાણુમાં જે અવ્યક્ત નાદ છે એ સંભળાવવા લાગ્યો. ક્યારેક વાગતી, ક્યારેક મૃદંગ, ક્યારેક વીણા તો ક્યારેક શંખ ધ્વનિ થતો અને ક્યારેક બધું મળીને એક અલૌકિક સંગીતની સૃષ્ટિ કરતા. સાધનામાં સર્વત્ર અણુપરમાણુઓનાં વિદ્યુતકણોનું નૃત્ય ધૂર્ણન થતું દેખાતું. એમનું સતત વેધન, ધ્વંસ અને નવા-નવા સમુદાયોથી અનંત પદાર્થોની સૃષ્ટિ, વિકાસ અને સમાપ્તિની હારમાળાઓ અંતઃકરણમાં પ્રતિબિંબિત થવાલાગી. જપકાળમાં સાધકના પિંડમાં અયસ્કાંત મણિઓ સક્રિય થઈ ગયા... ગુરુત્વાકર્ષણ પહેલાંપણ હતું, ચુંબક બધામાં હોય છે જ, પરંતુ હવે એ ચુંબક એમનામાંસો ગણું શક્તિશાળી થઈ ગયું.

એમની ધ્યાનસ્થ ચેતનામાં પર્વતો ઉપર ઊઠવા લાગ્યા, તુષારથી ઢંકાયેલાં શિખરો એમના ચિદાકાશમાં સમાઈ જતાં. એમના હૃદય પ્રદેશમાં ઈચ્છારૂપધારિણી ષડ્ઋતુઓ તેમના રંગો બતાવતી અને ધ્રુવપ્રદેશોમાં સાધકની ચેતના છ મહિનાનો દિવસ અને રાત્રિના અદ્‌ભુત દશ્યોમાં ખોવાઈ જતી. એમને કાળનો પ્રત્યેક ધબકારો સંભળાવા લાગ્યો. દિશાઓ એમની ઈચ્છા મુજબ નાની-મોટી થવા લાગી. એમનો ચિંતન પ્રવાહ અકંડ બની ગયો અને વિવેકના પ્રકાશથી વિચારણીય વિષયો સ્વયં પોતાનાં સમાધાનો સ્પષ્ટ કરવા લાગ્યા.

ગાયત્રી તપ સાધનાના આ સતત ક્રમમાં સાધક શ્રીરામને વિતર્ક, વિચાર, અસ્મિતા અને આનંદમાં સંપ્રજ્ઞાન સમાધિ લાગવા લાગી. તેઓ જ્યાં સુધી ઈચ્છતા ત્યાંસુધી પ્રકાશમય શૂન્યમાં દિવ્ય પક્ષીની ભ્રમણ કરતા રહેતાં. વૃત્તિ નિરોધથી એમના દ્વંદ્વો નાશ થતાં ગયાં. અવિદ્યા, અસ્તિતા, રાગ દ્વેષ અને અભિનિવેશ જ નહીં. સ્મૃતિ, ગ્લાનિ, શોક, ભય, જુગુપ્સા, લજ્જા, ગર્વ, ક્રોધ, વગેરે તેત્રીસ સંચારી અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આઠ સ્થાયી ભાવદિથી પણ ચિત્ત મુક્ત બની ગયું. એમનામાં ચેતના સર્વદા પ્રશાંત શારદીય ગંગાધારા શી વહેવા લાગી.

તેઓ ઇચ્છતા ત્યાં સુધી આજ્ઞાચક્રથી દૃષ્ટિ સંધાન કરી ચૈતન્ય અને પ્રક્રિયાઓનાં દર્શન કરતા રહેતા. ફરી તેઓ બ્રહ્મરંધ્રમાં પ્રવિષ્ટ થઈને પીયૂષપાન કરવા લાગતા. મૈત્રી, કરુણા, મુદિતા, શ્રદ્ધા, આહ્‌લાદ અને આનંદની અગાધતામાં એમનું મન કિલ્લોલ કરતું રહેતું. હવે તો મનની વૃત્તિઓ જ બદલાઈ ગઈ, તે નકારાત્મક ન રહેતા જ્યોતિષ્મતી અને સકારાત્મક બની ગઈ, પ્રજ્ઞા ઋતંભરા બની ગઈ.

ગાયત્રી મહામંત્રી પ્રભાવથી ચેતનાના કલેશ ક્ષીણ થી ગયા. સવિચાર-નિર્વિચાર સમાધિઓ સધાવા લાગી. હું શરીર નથી, એ સાધના શરૂ કરતી વખતે માત્ર એક પ્રત્યય હતો. જેની હવે પ્રતીતિ થઈ ગઈ. અનિત્યતા નિત્યતામાં, અશુચિ પાવનતામાં, દુઃખ સુખમાં અને અનાત્મ આત્મમાં રૂપાંતરિત થઈ ગયા. આદિશક્તિ માતા ગાયત્રીની અનુકંપાથી સમ્યક્ જ્ઞાન મળી ગયું, વિદ્યાની પરાકાષ્ઠા અને વિવેક ખ્યાતિ પામી ગયા. એમનો રાગ હવે પ્રાણીમાત્રના કલ્યાણની કામનાનો પર્યાય બની ગયો. એમની અંતર્ચેતના બ્રહ્માંડ સરોવરમાં બ્રહ્મ કમળની જેમ ખીલી ઊઠી. તેની અલૌલિક સુગંધ પણ ચારે દિશામાં પરિવ્યાપ્ત થવા લાગી.

સાધક શ્રીરામને હવે એનું ભાન થવા લાગ્યું હતું કે તેઓ શિવ છે, પૂર્ણ છે, શુદ્ધ છે. અનંત છે, સત્-ચિત્-આનંદ છે. એમને એ બોધ થઈ ગયો કે તેઓ ભૂમા છે, ભવ્ય છે અને સર્વાતીત આત્મ તત્ત્વ છે. તેથી આ બધી જે સૃષ્ટિ છે, પ્રાણી અને પદાર્થો છે તે એમનો આત્મ વિસ્તાર છે. આ જ્ઞાન સ્થાયી થવાથી સાધકની ચેતના દગ્ધ બીજ કલ્પ થઈ ગઈ અને એમાં સિદ્ધિઓ પ્રગટ થવા લાગી. લોક લોકાંતરો એમને માટે પોતાના જ ભવનના વિવિદ ખંડ જેવા બની ગયા.

હવે તેઓ જ્યારે પણ તેમની નિયમિત સાધનામાં બેસતા ત્યારે એમના સહસ્રચક્રમાં કણ-કોશિકાઓ અને કોષ્ઠકો વિદ્યુતની સતત ગતિથી ઇન્દ્રિયાતીત અનુભવો દશ્યોની સૃષ્ટિ કરતા અને ભૂત તથા ભવિષ્યને દર્પણમાં પ્રતિબિંબની જેમ પ્રસ્તુત કરતારહેતા. એમના હૃદય પુંડરિકની જરા ઉપર સ્થિત સૌષુમ્ન જ્યોતિ આપ મેળે પ્રકાશિત થતી રહેતી. એમને સમગ્ર બ્રહ્માંડની પોતાની અંદર વિદ્યુત બિંદુ અને અનાહત નાદ બિંદુના રૂપમાં અનુભૂતિ થતી અને તેઓ એ મહાદશ્યમાં નિમગ્ન થઈ જતાં. આદિમાતા ગાયત્રીના પ્રભાવથી એમને સમગ્રતા અને અદ્વૈતતા સ્થાયીરૂપે પ્રાપ્ત થઈ ગઈ. તેઓ ખંડબોધથી ઊંચે ઊઠીને અખંડ જ્ઞાનમાં પહોંચી ગયા.

વરસોની અવિરામ સાધના, પોતાના ગુરુ પ્રત્યે ગહન શ્રદ્ધા-ભક્તિ, તપના વિલક્ષણ પ્રયોગો આ બધાએ મળીને ફક્ત એમને માટે ચેતના જગતનાં બધાં જ દ્વાર ખોલી દીધાં એમ નહિ પરંતુ ગાયત્રીનો તત્ત્વબોધ પણ પ્રદાન કર્યો. એમણે અનુભવ થઈ ગયો કે ગાયત્રી સમસ્ત વેદજ્ઞાનને સાર છે. એના પ્રયોગથી માનવ પ્રકૃતિનું સમગ્ર પરિશોધન પરિમાર્જન શક્ય અને સુગમ છે. મનુષ્યના આચાર વિચારો જ નહીં. સંસ્કારો પણ ગાયત્રી સાધનાથી પરિવર્તિત-રૂપાંતરિત થાય છે. બીજી સાધના પદ્ધતિઓ અને બીજા મંત્રો લાભપ્રદ છે, પરંતુ એ લાભ તાત્કાલિક છે, સામયિક છે. એનાથી ચેતના આંશિકરૂપે જ પ્રભાવિત થાય છે, જ્યારે ગાયત્રી મહામંત્રનો પ્રભાવ શાશ્વત અને સમગ્ર છે.

ગાયત્રીના આ જ પ્રભાવને વૈદિક મહર્ષિઓએ જાણી લીધો હતો. પોતાના અનુભવથી જ એમણે ઘોષણા કરી હતી કે જો આણઘડ માનવીને સુસંસ્કારી બનાવવો હોય, તેની અંત ચેતનામાં દેવત્વની સૃષ્ટિ રચવી હોય તો ગાયત્રીથી વિશેષ અન્ય કોઈ મંત્ર નથી, કોઈ અન્ય તત્ત્વ નથી. વૈદિક મહર્ષિઓની આ અનુગૂંજ શ્રીરામની ચેતનામાં પણ થવાલાગી. ગાયત્રી મહામંત્રનાં મહાપુરશ્ચરણોની શૃંખલા ગાયત્રીના વૈજ્ઞાનિક પ્રયોગોની શૃંખલા પણ હતી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# એમણે સાંભળ્યો આર્ષ સાહિત્યનો પોકાર

વેદ ભારતીય ધર્મ પરંપરા અને જ્ઞાનસંપદાના વાહક છે. એમના મહત્ત્વને ધ્યાનમાં રાખીને ચાલીને તો પૂજ્ય ગુરુદેવે લુપ્ત થતી વૈદિક સંહિતાઓની સાથે ઉપનિષદ, આરણ્યક, દર્શન વગેરે આર્ષગ્રંથોને જનસુલભ બનાવીને સદીઓમાં થઈ શકતું કેટલું મહાન યુગીન કાર્ય કર્યું તે સરળતાથી સમજી શકાશે. વેદોના સંબંધમાં ધ્યાન રાખવા યોગ્ય પહેલી વાત એ છે કે અન્ય ધર્મોના શાસન ગ્રંથોની જેમ આ અલૌકિક સત્તાના કોઈ એક પ્રતિનિધિ વ્યકિતત્વની રચના નથી કે નથી અનુયાયીઓ માટે વિધિ-નિષેધની વ્યાખ્યા કરતાં પુસ્તકો. ભારતીય ધર્મ-પરંપરાનું પાલન કરનારાઓના આચાર વિચાર, રહેણીકરણી, વિશ્વાસ અને રીતિઓને જાણવા માટે તો આ ગ્રંથોનો સ્વીકાર છે, પરંતુ આ ગ્રંથ કોઈપણ વિષયમાં સ્પષ્ટ નિયમ-વ્યવસ્થા આપતા નથી. વેદોનું અધ્યયન અને તેના મંત્રોની આરાધના માનવીની અંદર સૂતેલી પ્રજ્ઞાને જગાડવા માત્રનું કામ કરે છે. એ પ્રજ્ઞાના આલોકમાં સાધક હિત-અહિત કે શુભ-અશુનું નિર્ધારણ પોતે જ કરી લે છે. આચાર્ય બલદેવ ઉપાધ્યાયે એમની ઉપયોગિતા જ્ઞાનના રૂપમાં નહીં, નેત્રના રૂપમાં બતાવી છે. એમણે લખ્યું છે, લૌકિક વસ્તુઓના સાક્ષાત્કાર માટે જે રીતે આંખોની જરૂર છે, તેવી જ રીતે દિવ્ય તત્ત્વોનું રહસ્ય જાણવાનું સામર્થ્ય વેદોથી આવે છે.

ઋષિ સત્તાઓ દ્વારા ગહન સમાધિ અથવા સાક્ષાત્કારની સ્થિતિમાં અનુભવ કરવામાં આવેલ આધ્યાત્મિક સત્યનું નામ વેદ છે. એ પ્રસિદ્ધ છે કે વેદમંત્રોની રચના છંદ શાસ્ત્રના નિયમોનું ધ્યાન રાખીને કરવામાં આવી નથી, પરંતુ આ અપૌરુષેય મંત્રોનો જે રૂપમાં ઉદ્ભવ થયો તેના આધારે જ છંદ, વ્યાકરણ, અલંકાર વગેરે પદ્ધતિઓનું સ્વરૂપ વિકસતું ગયું. એ પ્રસિદ્ધ છે કે ભારતમાં ઉદ્ભવેલી ધર્મ-પરંપરાઓ અને સાધનાઓનાં વિવિધ રૂપો વેદશાસ્ત્રો પર જ આધારિત છે. વેદશાસ્ત્ર એટલે કે ઋષિપ્રણીત અને પ્રમાણિત પ્રજ્ઞાદષ્ટિ. વીસ હજાર મંત્રોમાં ફેલાયેલી વૈદિક સંહિતા એ પ્રત્રાનું સ્થઈલ પ્રતીક છે. જ્યાં સુધી તે અંતઃચેતનામાં જાગૃત થતી નથી ત્યાં સુધી વેદશાસ્ત્રોથી જ પ્રમાણ લેવાનાં હોય છે. અધ્યાત્મવિદ્યા કે દર્શન શાસ્ત્રની બે વિપરીત ધારાઓ પણ વેદોથી જ પુષ્ટિ અને સમર્થન લે છે. પોતાના પક્ષનું સમર્થન કરતા બે વિરોધી સિદ્ધાંતોના પ્રતિપાદનમાં લાગેલા આચાર્યોને જો કોઈ યુક્તિ વેદ વિરુદ્ધ લાગે તો તેઓતેને તરત પાછી લે છે. વેદ સિવાય અન્યત્ર જવાનું સાહસ કરતા નથી. એ જ કારણે ઈશ્વરની સત્તાને મહત્ત્વ નહીં. આપનાર સાંખ્ય અને તેને બધું જ માનનાર મીમાંસા, વેદાંત અને વેદથી જ પોતાને માટે જરૂરી સમર્થન મેળવે છે. અન્ય પરંપરાઓમાં નાસ્તિકનો અર્થ ભલે ઈશ્વરને નહીં માનનારાના રૂપમાં કરવામાં આવતો હોય, પરંતુ ભારતીય પરંપરામાં વેદનું પ્રમાણ નહીં માનનારાઓને તથા અંત દષ્ટિની ઉપેક્ષા કરનારાઓને નાસ્તિક કહેવામાં આવ્યાં છે. નાસ્તિકો વેદ નિંદક, એટલે કે વેદની નિંદા કરનાર નાસ્તિક છે. એવી માન્યતા રહી છે.

એક સમય હતો જ્યારે શ્રુતિના આધારે સ્થાપિત વૈદિક વાઙ્મયના અધ્યયનનું વ્યાપક પ્રચલન હતું. ચારે વેદ અને તેમના અર્થ-ગાંભીર્ય સમજવા માટે જરૂરી બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ, સૂત્ર ગ્રંથ, વ્યાકરણ, નિઘંટુ, નિરુક્ત, છંદ, જ્યોતિષ, અનુક્રમણી વગેરે વેદાંગોનો વિપુલ વિસ્તાર હતો. ઉપનિષદ, દર્શનશાસ્ત્ર, સ્મૃતિ ગ્રંથ, મહાકાવ્ય અને પુરાણ વગેરે ગ્રંથો પણ વૈદિક જ્ઞાનના વિસ્તાર-વિવેચન માટે જ હતા. અધ્યયન-અધ્યાપન માટે ગુરુકુળ, આશ્રમ, દેવાલય તીર્થ, આરણ્યક, ઉપાશ્રમ જેવી વિભિન્ન વ્યવસ્થાઓ હતી. એવી વિભૂતિઓ પણ હતી કે જેમને કારણે વૈદિક અધ્યયન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રતિષ્ઠિત બન્યું. ઉદ્‌ગીથ માધવ ભટ્ટ, સાયણ, ઉબ્બટ, મહીધર, કુમારિવ, શંકર વગેરેએ વૈદિક વાઙ્મયને જીવતું રાખ્યું.

મધ્યકાળનો અંધકારયુગ આવ્યો. સંસ્કૃતિ દ્રોહીઓના હુમલાઓના પૂરને કારણે આપણી જ્ઞાનસંપદા નષ્ટ થવા લાગી. મોટા મોટાં વિશ્વ વિદ્યાલયો અને તીર્થોમાં મૂકવામાં આવેલી સાહિત્ય સંપદા તથા તેના મર્મને જાણનાર વિદ્વાનો ધ્વંસ થવા લાગ્યો. વિદ્યા પરંપરા તેમ છતાં જીવિત રહી. પોતાના જીવનની તુલનામાં લોકશિક્ષકોએ શાસ્ત્રોને પ્રાધાન્ય આપ્યું અને પોતાના સહયાત્રીને વારસો સોંપી આત્મ બલિદાન કરતા જનારાઓનો એક વિલક્ષણ ઈતિહાસ છે. શહીદ થયેલા આ સંસ્કૃતિ વીરોને કારણે જ વૈદિક પરંપરાના બીજ બચાવી લેવામાં આવ્યાં.

પરમ પૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે મધ્યકાળના વિનાશ અને ધોવાણના દિવસોમાં કેટલીક મનસ્વી અને તેજસ્વી વિભૂતિઓએ શાસ્ત્ર વિદ્યાને ધારણ કરી તેને બચાવી રાખી. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીમાં મેકસમૂલર, વિલસન, મેલ્ડનર જેવા પાશ્ચાત્ય વિદ્વાનો તથા મહર્ષિ દયાનંદ, પંડિત જયદેવ, રામગોવિંદ શાસ્ત્રી વગેરે પૂર્વના વિદ્વાનોએ વૈદિક સંહિતાઓને ફરીથી પ્રતિષ્ઠિત કરવાનો મહાન પુરુષાર્થ કર્યો.

લોકમાન્ય ટિળક, આનંદકુમાર સ્વામી, શ્રી અરવિંદ, શ્રીપાદ દામોદર સાતવલેકર, માધવાચાર્ય વગેરે વિદ્વાનોએ પણ વેદોના અનુશાસનને ફરીથી પ્રચલિત કરવાની તૈયારીઓ કરી. વેદોને સમજવા તથા સમજાવવા માટે આ વિદ્વાનો પાસે મૌલિક દૃષ્ટિ હતી. તેમના પ્રયાસો પણ વિલક્ષણ હતા. શાસ્ત્ર પરંપરાને બચાવી રાખતી વિભૂતિઓની જ્યારે પણ ચર્ચા થશે ત્યારે આ વિદ્વાનોનાં નામ આદર સાથે જરૂર લેવામાં આવશે, પરંતુ આ પ્રયત્નોની એક સીમા હતી. સ્વામી દયાનંદનાં વેદભાષ્યો સિવાય કોઈ બીજી ટીકા વ્યાખ્યા જનસુલભ થઈ ન શકી. સામાન્ય અનુવાદ પણ લોકો સુધી પહોંચી ન શક્યા. જે શાસ્ત્ર કે પંરપરાનો પરિચય પણ લોકોને નહીં થાય તે જનસુલભ થવાની આશા પણ કેવી રીતે રાખી શકાય ?

પૂજ્ય ગુરુદેવ કહેતા કે બ્રાહ્મણો કે વિદ્વાનોએ લગાવેલા પ્રતિબંધોને કારણે પમ વેદશાસ્ત્રોનું અનુશીલન બંધ થયું. આ વ્યવસ્થા કોઈ સંસ્કૃતિ દ્રોહીએ જ રચી અને મહર્ષિ ગૌતમના નામથી સમાજમાં પ્રચલિત કરી હશે કે શૂદ્રાએ વેદોનું અધ્યયનની ન કરવું જોઈએ. જો તે ચોરીથી વેદમંત્ર સાંભળતો પકડાઈ જાય તો તેના કાનમાં પીગળેલું સીસું ભરી દેવામાં આવે. શૂદ્રો એટલે શ્રમ અને સેવાથી નિર્વાહ ચલાવતો સમાજનો બહુમતી વર્ગ. સ્વામી દયાનંદે સૌથી પહેલાં આ માન્યતાનું ખંડન કર્યું. એમણે વેદોની બોધગમ્ય વ્યાખ્યા કરી. સામાન્ય લોકો તેનાથી ધર્મ, રાજનીતિ, અર્થ, મોક્ષ અને સફળતાનાં રહસ્યો સમજી શકે તે ધ્યાનમાં રાખીને તેમનો પ્રચાર કર્યો. પછી પચાસના દશકમાં પરમ પૂજ્ય ગુરુદેવ ગાયત્રી તપોભૂમિની સ્થાપના સાથે આર્ષ સાહિત્યના લોકોપયોગી ભાષ્યની યોજના હાથમાં લીધી. ચાર વેદેનો અનુવાદ માત્ર કરવા માટે લોકોનું સંપૂર્ણ જીવન પૂરું થઈ જાય છે. ગુરુદેવ વેદોની સાથે ૧૦૮ ઉપનિષદ છ દર્શન અને સ્મૃતિ ગ્રંથોનો અનુવાદ, ભાષ્ય અને સંપાદનનું કાર્ય થોડાં વર્ષોમાં જ પૂરું કરી દીધું. સન્ ૧૯૬૧માં ગાયત્રી જયંતીને દિવસે ચારે વેદોની ટીકા સાત ભાગોમાંઅને ૧૦૮ ઉપનિષદ ત્રણ ખંડોમાં પ્રકાશિત થયાં. આ ગ્રંથોનું મહત્ત્વ દર્શાવતાં પૂજ્ય ગુરુદેવે ભૂમિકામાં લખ્યું. વેદ-ઉપનિષદોને જીવનનું સર્વાંગપૂર્ણ દર્શન કહેવું જોઈએ. એમાં જીવન શાંતિ અને આનંદ સાથે જીવવાની તથા પ્રગતિના પંથે સતત વધતા રહેવાની વિદ્યાનું સારી રીતે વિવેચન થયું છે. લૌકિક અને પારલૌકિક, બાહ્ય અને આંતરિક તથા વ્યક્તિગત અને સામાજિક જીવનના બંને પક્ષો જે આધારે વિકાસશીલ બને તે મહત્ત્વપૂર્ણ જ્ઞાન એમાં ભરેલું છે.

પૂજ્ય ગુરુદેવ સંપાદિત આર્ષ સાહિત્યનું મહત્ત્વ થોડી લીટીઓમાં સમજવું હોય તો ડો. રાધાકૃષ્ણન્‌ની ટિપ્પણી ઉદ્ધૃત કરવી જોઈએ. સન્ ૧૯૬૧માં તેઓ ભારતના રાષ્ટ્રપતિ હતા. જ્યારે એમને આર્ષ સાહિત્યનો સેટ ભેટમાં આપવામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવ્યો ત્યારે વ્યસ્ત જીવનમાં સમય કાઢીને એમણે થોડા દિવસોમાં તેનું ઊંડું અધ્યયન કરી લીધું. તે પછી એમણે પોતાની સંમતિ લખી, જો આ જ્ઞાન નવનીત મને થોડાં વર્ષો અગાઉ મળી ગયું હોત તો હું કદાચ રાજનીતિમાં ન ગયો હોત. હું આ આત્મસાત્ કરી લેવા યોગ્ય ગ્રંથોના મનન-ચિંતનમાં જ લીન રહ્યો હોત. એ સર્વવિદિત છે કે ડૉ. રાધાકૃષ્ણન્ ભારતીય દર્શન અને વિદ્યાધારાઓના અધિકારી વિદ્વાન હતા. ઑક્સફોર્ડ અને કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયમાં એમણે ભારતીય દર્શન ભણાવ્યું. એમની અંગ્રેજી વ્યાખ્યાઓને યુરોપીય જગતમાં ભારતીય દર્શનની પ્રામાણિક અને અગ્રણી રચનાઓ માનવામાં આવે છે.

પૂજ્ય ગુરુદેવે આર્ષ સાહિત્યનાં સુલભ સંસ્કરણો થોડાંક વર્ષોમાં જ રજૂ કરી દીધા. એની ભૂમિકા તેઓ સ્વતંત્રતા આંદોલનમાં ભાગીદારીનાં દિવસોમાં જ બનાવી ચૂક્યાં હતાં. તેમની માર્ગદર્શક સત્તા પાસેથી દ્વિતીય સાક્ષાત્કાર સમયે જ એમના ખભા ઉપર આર્ષ સાહિત્યના ઉદ્ધારનો મહત્તમ ભાર આવી ગયો હતો. આગ્રામાં અખંડ જ્યોતિનું પ્રકાશન શરૂ કરતી વખતે ૧૯૩૭-૩૮માં ગુરુદેવે આ વિષયની સામગ્રી ભેગી કરવાનું શરૂ કરી દીધું હતું.

મહત્ત્વની મુશ્કેલી સંહિતા પાઠો ભેગા કરવાની હતી. સમગ્ર રૂપે ચારે વેદોની સંહિતાના પાઠ એક સ્થળે ક્યાંય ઉપલબ્ધ ન હતા. સ્વામી દયાનંદે વેદોના ઉદ્ધાર માટે પ્રચંડ પુરુષાર્થ કર્યો, પરંતુ એમની વ્યાખ્યા અને સંહિતા પણ કોઈ એક જગ્યાએ સુલભ ન હતી. જે સંસ્કરણો મળતાં હતાં, એમાં પાઠ ભેદ હતા અને વિભિન્ન વર્ગ એકને સાચો અને બીજાને અશુદ્ધ બતાવતા હતાં. સાર્વદેશિક આર્યસભા કાશી વિદ્વત્પરિષદ અને વૈદિક શોધ સંસ્થાન, હોશિયારપુરથી સંહિતાઓના પાઠ પ્રકાશિત થયા, પરંતુ એ પણ સમગ્ર ન હતા. સંપૂર્ણ સંહિતાના પાઠો ભેગા કરવા માટે પૂજ્ય ગુરુદેવે કાશી, નદિયા, પુણે, અડયાર, નાશિક વગેરે સ્થળોની યાત્રા કરી. આ સ્થળો વૈદિક વિદ્યાનાં કેન્દ્ર કહેવાય છે. અધ્યાય, સૂક્ત, મંત્ર, ઋચા વગેરે જે રૂપમાં જ્યાંથી મળ્યાં ત્યાંથી લીધાં અને પોતાની દિવ્ય ક્ષમતાની મદદથી એમના શુદ્ધ રૂપની તપાસણી અને પરખ કરી. પારખી લીધા બાદ એમને વ્યવસ્થિત-ક્રમબદ્ધ કર્યાં. ઉપનિષદોના સંકલન સંપાદનમાં પણ આ પ્રકારની જ મુશ્કેલી આવી. દસ-અગિયાર ઉપનિષદો જ પ્રખ્યાત છે. આદિ શંકરાચાર્યે આટલાનું જ ભાષ્ય કર્યું છે. પૂજ્ય ગુરુદેવ સામે એકસો આઠ ઉપનિષદો પ્રાપ્ત કરવાની જવાબદારી હતી. જે પાઠ મળતા હતાં, એમાં કેટલાંક તો વેદ વિરુદ્ધ અને ભારતીય અધ્યાત્મ પરંપરાનું શીર્ષાસન કરાવી દેતાં પ્રતિપાદનોથી ભરપૂર હતા એમને ઓળખવા અને જુદા કરવાની સાવધાની પણ રાખવાની હતી. ગુરુદેવે તમામ સાવદાનીઓ રાખી એમનાં પ્રામાણિક સંસ્કરણો તૈયાર કર્યાં.

વેદ-ઉપનિષદો સિવાય છ દર્શન, અઢાર પુરાણ, વીસ, સ્મૃતિઓ, ચોવીસ ગીતાઓ આરણ્યક, બ્રાહ્મણ, નિરુક્ત વ્યાકરણ વગેરે ગ્રંથ પણ આવે છે. પ્રત્યેક ખંડના સંકલન સંપાદનની ગાથા મોટો વિસ્તાર માગશે. એટલું જ સમજવું જોઈએ કે એક પુરાણના સંકલન, સંપાદન, પ્રકાશન અને પ્રસારમાં કેટલીય પેઢીઓ ખપી જાય છે, તેમ છતાં એવાં પરિણામો ઉત્પન્ન નથી થતાં જેવાં પૂજ્ય ગુરુદેવનાં આર્ષ તપના એક અંશથી શક્ય બન્યું છે. પૂજ્ય ગુરુદેવે જે અંત દષ્ટિથી પુરાણોને સંપાદિત અને રજૂ કર્યા. તે જોઈને બધા વિદ્વાનો મોઢામાં આંગળાં નાખવા લાગ્યા. વિભિન્ન સંસ્થાઓના ઉપદેશકો હવે ખૂબ ગર્વથી તેમના પ્રવચનોમાં પૌરાણિક ઘટનાઓને દૃષ્ટાંતોને દૃષ્ટાંત રૂપે રજૂ કરે છે. આર્ષ સાહિત્યને સર્વસુલભ કરાવવા માટે એક વખતે ટીકા કરનાર વિદ્વાનો હવે એમ પણ કહે છે કે, આચાર્યજી (ગુરુદેવ) એ આ યુગમાં વેદ વ્યાસની ભૂમિકા નિભાવી ન હોત તો આપમે આપણાં શાસ્ત્રો માટે પણ તરસી ગયા હોત.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જીવન-સાધનાનું એક મહત્ત્વ એક મહત્ત્વપૂર્ણ અંગ "આત્મવત્ સર્વભૂતેષુ"

ધર્મ-તંત્રથી લોકશિક્ષણના માધ્યમ દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવ પોતાના વિરાટ ગાયત્રી પરિવારના સભ્યોને એમ કહેવાની ઈચ્છતા હતા કે આધ્યાત્મિકતા પૂજા-પાઠ અને કથા-વાર્તા સુધી જ સીમિત ન રહે. તેને જીવન વ્યવહાર પણ સ્થાન મળે. આત્મ-કલ્યાણની સાધના અને લોકમંગલની પ્રવૃત્તિના સહયોગ દ્વારા સંપૂર્ણ ઉત્થાનની વાત પ્રત્યેક માનવી વિરાચવા લાગે. પરમ પૂજ્ય ગુરુદેવ અંતરની આ આગને અખંડ જ્યોતિ માસિકના ઓગસ્ટ-૧૯૬૯ના અંક વિચાર ક્રાંતિ અંકના રૂપમાં પ્રગટ કરી. આ અંકમાં સંસ્કૃતિ પુરુષના વ્યક્તિત્વનાં બે મહત્ત્વપૂર્ણ પાંસા દૃષ્ટિગોચર થાય છે. પહેલું વિચાર ક્રાંતિના માધ્યથી યુગ નિર્માણ યોજનાની સંઘર્ષાત્મક રચનાત્મક ગતિવિધિઓને જન્મ આપનાર સંગઠકનું બીજું એક એવા અભિભાવકનું જે પોતાનાં સગા-સંબંધીઓને છોડવાની વાત મનમાં ખૂબ દુઃખી થઈ જાય છે. તેઓની વ્યથા-વેદના આમ પ્રકટ થાય છે. અખંડ જ્યોતિ પરિવારમાં અમે ગણી-ગણીને શોધી શોધીને પારખી-પારખીને મણિ મોતી શોધ્યાં છે અને તેને સૂત્રબદ્ધકર્યાં છે. તેઓ ભલે અમને ભૂલી ગયા હોય પરંતુ અમે તેઓને ભૂલ્યા નથી. અમે તે બધાના પૂર્વ જન્મ અને ચરિત્રને પણ જાણી છીએ. તેઓની સાથે અમારા અત્યંત ઘનિષ્ઠ સંબંધ નિરંતર કેટલાય જન્મથી રહ્યો છે. તેથી વનમાંથી પાછી ફરતી ગાય જેમ પોતાના વાછરડાને જોતાં જ ભાંભરે છે વહાલથી ચાટે છે. તેવું જ કાંઈક અમારું મન પણ કરે છે.

ઉપર્યુક્ત પંકિતઓ અમારા આ અંકના મહાનાયક સંસ્કૃતિ પુરુષની મથુરાથી વિદાય લેવાને સમયે લખાઈ હતી. પરિજનોને પ્યાર, અનંત પરિમાણમાં સ્નેહ આ એક સંગઠક અભિભાવક અને પરિવારના વડાની એક એવી વિશિષ્ટતા છે, જેના પર એ સંગઠન, એ સમુદાય અને રાષ્ટ્રનો સાંસ્કૃતિક ઉત્કર્ષ ટકેલો હોવાનું માનવું જોઈએ. પરમ પૂજ્ય ગુરુદેવે માસિકમાં લખ્યાં - અમારી પ્રેમ સાધના અને તેની પરિણતિ ભાગ ૧ અને ૨ તેમાં તેઓએ લખ્યું છે કે, તેમની સાધનાની જે મૂળ ધરી છે તે છે અંતઃકરણમાં પ્રેમ તત્ત્વની વૃદ્ધિ. એ પ્રેમ તેઓએ પરમાત્માને કર્યો, ગુરુને કર્યો તેમ જ તેની ત્રીજી ધારા પરિવાર ક્ષેત્રમાં પ્રવાહિત કરી. તે પરિવાર તે પોતાનો ગાયત્રી પરિવાર યુગ નિર્માણ પરિવાર હતો. તેઓ લખે છે, અમારી ઉપાસના પદ્ધતિના અંતરાલમાં આ પ્રેમ-સાધના જ હતી, જે સામાન્યને અસામાન્યમાં અને તુચ્છતીને મહાનતામાં પરિણત કરવાનો ચમત્કાર બતાવી શકી. (અખંડ જ્યોતિ એપ્રિલ, ૧૮૬૯) તેઓ આ જ લેખ માળામાં લખે છે, ઈશ્વર ભક્તિને અભ્યાસ અમે ગુરુભક્તિની પ્રયોગશાળામાં વ્યાયામ શાળામાં શરૂ કર્યો અને ક્રમશઃ વિકાસ કરતાં પ્રભુ પ્રેમના ક્ષેત્રમાં જઈ પહોંચ્યા.

ઉપર્યુક્ત પંકિતઓ મનનીય છે. આજના ધર્મ-તંત્રના સ્વરૂપને આપણે જોઈએ તો કોરાં કર્મકાંડથી ભરેલું અથવા કપોલ-કલ્પિત પૌરાણિક કથા વાર્તાઓનું વિડંબનાયુક્ત એક નિર્જીવ શરીર જ નજરે પડે છે. ધર્મ તંત્રમાં પ્રાણ પૂરવાનો રસો વૈ સઃની ભાવનાને સાચા અર્થમાં આત્મસાત કરી પોતાની ઉપાસનાને પ્રાણવાન બનાવવાનું એક સક્ષમ શિક્ષમ પૂજ્ય ગુરુદેવ પોતાના જીવન દ્વારા આપ્યું એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી. ભક્તિ યોગનો આ પક્ષ વ્યક્તિત્વમાં સમાવિષ્ટ થવાથી કેવી રીતે તેને પરિષ્કૃત કરી માનવને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મહામાનવ બનાવે છે તે આપણને પૂજ્યવરનો માધ્યમથી જાણવા મળે છે.

કોઈપણ સાધન-સંગઠકની પ્રેમ-સાધના જ્યાં સુધી ઉચ્ચસ્તરીય લક્ષ્યને કેન્દ્રિત કરીને સંપન્ન નહીં થાય, ત્યાં સુધી તેનું પરિણામ સીમિત જ રહેશે. પરમ પૂજ્ય ગુરુદેવે જીવનભર અસંખ્ય વ્યક્તિઓને પ્રેમ-ભમતાના માધ્યમથી જોડી તેમને પોતાની બનાવી અને યેન કેન પ્રકારે તેઓને શ્રેષ્ઠ આદર્શો પ્રત્યે સમર્પિત થઈને જીવવાનું શીખવાડ્યું આ જ કારણે તેઓ પોતાના વિશાળ પરિવારને અંતિમ સમય સુધી પણ અત્યંત પ્રેમ કરતાં રહ્યાં જાન્યુઆરી, ૧૯૬૯માં જ્યારે તેઓ મથુરાથી હિમાલય તપ-પ્રવાસ માટે વિદાય લઈ રહ્યા હતા, ત્યારે તેઓએ અખંડ જ્યોતિમાં વિદાયની ઘડી અને અમારી વ્યથા-વેદના હતા, ત્યારે લેખમાળા પ્રકાશિત કરી. તેઓ લખે છે, કોઈ અમારી ચામડી તત્ત્વ ઉછળતું, જોવા મળશે તે છે અસીમ પ્રેમ અમે જીવનમાં માત્ર એક જ ઉપાર્જન કર્યું છે અને તે છે પ્રેમ આગળ તેઓ લખે છે, જ્ઞાન અને વૈરાગ્યનાં ઘણાં પુસ્તકો અમે વાંચ્યાં છે. ભાયા અને મોહની નશ્વરતા વિશે ઘણાં પ્રવચનો સાંભળ્યાં છે. સંસાર મિથ્યા છે, કોઈનું નથી બધાં સ્વાર્થી છે વગેરે વગેરે બ્રહ્મચર્ચામાં પણ સામેલ થવાની તક મળી છે. જ્યારે આપણે જ આત્મા બીજાઓમાં ઝગમગતા હોય ત્યારે કોનાથી મોં ફેરવવું ? કોની સાથે નાતો તોડવો ? કોઈ પણ સૂઝતું નથી. શીખેલું બ્રહ્મજ્ઞાન તલભાર પણ મદદ કરતું નથી. સ્મૃતિપટ પર સ્વજનોની હસતી બોલતી નવેમ્બર-૨૦૦૦ : અખંડ જ્યોતિ મોહ-મમતા ભરી લાંબી લાઈન વધતી જ જાય છે. બધા એકથી એકથી ચઢિયાતા પ્રેમી બધા એક એકથી ચઢિયાતા આત્મીય, બધાની એક એકથી ચઢિયાતી મમતા... આખી રાત આંખો વરસતી રહે છે અને માથા નીચે રાખેલા વસ્ત્ર ભીનું થતું રહે છે.

એક ગુરુસત્ર વિશાળ પરિવારના અભિભાવકના અંતરંગને વાચકો સારી રીતે વાંચી શકે છે. તેઓનું હૃદય માની કોમળતાથી પરિપૂર્ણ હતું. તેને કોઈ ભાવુક્તા કહી શકે, તો કોઈ છલોછલ પ્રેમ ભરી મનોભૂમિની અભિવ્યક્તિ કહી શકે પરંતુ આ મનોભાવનાઓ નિરંતર એક જ સંદેશ આપતી રહી કે તેઓનું જીવન એક સમિધની જેમ લોકહિતાર્થે જીવન યજ્ઞમાં જલતું રહ્યું છે. તે જ વિરાટ યજ્ઞએ એક સંગઠન ઊભું કરી દીધું, જેનું નામ હતું. ગાયત્રી પરિવાર અને એ જ પરિવારને તેમણે પ્રેમ કરી આત્મવત્સર્વભૂતેષુની સાધનાને ગતિ આપી પોતાનો પરિવાર મોટો કરી લીધો, તેથી ફેબ્રુઆરી-૧૯૬૯માંપોતાની સાથે પોતાની વાતમાં તેઓલખે છે, પ્રેમ એ જ અમારો મંત્ર છે. આત્મીયતા મમતા સ્નેહ અને શ્રદ્ધા એ જ અમારી ઉપાસના છે.

પૂજ્યવરે મથુરાથી વિદાય લેતાં પહેલાં પોતાના દશ્ય જીવનની અદશ્ય અનુભૂતિઓ પર, પોતાની અધ્યાત્મ સાધના પર પ્રકાશ પાડતાં લખ્યું - અમારી સાધનાની બે મંઝિલ પૂર્ણ થઈ ચૂકી. માતૃવત્ પરદારેષુ, પરદ્રવ્યેષુ લોષ્ઠવત્, પ્રત્યેક પર સ્ત્રીને માતા સમાન માનીને અને પર દ્રવ્યને અંકિચન ગૌણ માનીને જીવન સંગ્રામમાં વાસના, તૃષ્ણા સામે લડવું હવે, સાધનાના ત્રીજા ચરણમાં પ્રવેશ કરીએ છીએ, તે છે. આત્મવત્ સર્વભૂતેષુ. માતૃવત્ પરદારેષુ અને પર દ્રવ્યેષુ લોષ્ઠવત્ની સાધના તો પોતાના શરીર સુધી જ સીમિત હતી. બંને સાધના વિવેકને સહારે સધાઈ ગઈ. ત્રીજી સાધના છે. પોતાના જેવા સૌને જોવાં. કહેવા સાંભળવામાં આ સર્વ મામૂલી શબ્દો લાગે છે. અને સામાન્ય રીતે નાગરિક કર્તવ્યોનું પાલન, શિષ્ટાચાર સદ્વ્યવહારની સીમા સુધી પહોંચીને વાત પૂરી થઈ ગયેલી દેખાય છે, પરંતુ વસ્તુતઃ તે તત્ત્વજ્ઞાનની સીમા અતિ વિસ્તૃત છે. તેનો વ્યાપ ત્યાં પહોંચે છે, જ્યાં પરમાત્મ સત્તા સાથે ઓગળી જવાની સ્થિતિ આવી પહોંચે છે. (અખંડ જ્યોતિ ફેબ્રુઆરી, ૧૯૭૧).

આપણી સાંસ્કૃતિક ગરિમા એટલા માટે અક્ષુણ્ણ રહી છે કે આપણે ત્યાં એવી ભાવના રાખનાર અનેક મનીષીઓ સમયાંતરે જન્મ લેતા રહ્યાં. આપણી સંસ્કૃતિના મહાસાગરમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઢગલા બંધ વિચાર ધારાઓ, વિભિન્ન પ્રકારની ઉપાસના પદ્ધતિવાળાં અનેક સંગઠનો આવતાં ગયાં, એકાકાર થતાં ગયાં. આ સામાસિક્તા ઉદારતાનું મૂળ એ જ બીજમાં છુપાયેલું છે ને આત્મવત્ સર્વભૂતેષુ કહેવાય છે. આપણા જેવાં જ બીજાને માનવા. કોઈમાં ભેદ ન માનવો. કોઈમાં ભેદ ન માનવો. ક્યારેક સંત જ્ઞાનેશ્વરે આવું જ એક પ્રદર્શન કરીને પાંડિત્યના અહંકારથી ભરેલા બ્રાહ્મણ સમૂહને પડકાર ફેંક્યો હતો. તેમણે ભેંસના મુખે વેદમંત્રનુંગાન એમ કહીને કરાવ્યું કે તેનામાં પણ એ જ જીવાત્મા છે. જે આપણા સૌમાં છે. નાવિકને મારેલ તમાચાનાં નિશાન રામકૃષ્ણ દેવના ગાલ પર ઊઠવાં અને તેના જેવી જ પીડાની અનુભૂતિ રામકૃષ્ણ દેવને પણ થવી તે આ આત્મવત્ સર્વભૂતેષુની ભાવનાનું પ્રતીક છે.

પરમ પૂજ્ય ગુરુદેવે અહર્નિશ આ જ ભાવથી વિરાટ બ્રહ્મની, સમાજ દેવતાની ઉપાસના કરી અને તેનું પરિણામ આ ગાયત્રી પરિવારરૂપી વિભૂતિઓના ભંડારના રૂપમાં જોઈ શકાય છે. સમાન અનુભૂતિની એક મહત્ત્વપૂર્ણ ઘટના પૂજય ગુરુદેવના જીવનમાં બની હતી. એક પરિજન દિલ્હીમાં જર-ઝવેરાતનો વ્યવસાય કરતાહતા. તેઓ ગુરુદેવ પાસે આવીને પોતાની કૃતજ્ઞતાનું નિવેદન કરવા લાગ્યા. તેમણે કહ્યું, ગુરુવર ! સડક પર લપસી પડતાં જ ટાંગો પગ પરથી પસાર થઈ ગયો. આપની કૃપાથી કંઈ જ થયું નહિ. આપનું જ સ્મરણ કરતો રહ્યો. પૂજ્યવરે તરત પોતાનું ધોતિયું ઊંચુ કરીને કહ્યું, તને કંઈ થાય કેવી રીતે ? તારું કષ્ટ તો અહીં આવી ગયું હતું. તેમણે એ ભાઈને જે દેખાડ્યું તે લાલ નિશાન ગુરુદેવના સાથળ પર અમે પણ જોયું છે. એક-બે દિવસમાં તે નિશાન જતું રહ્યું. બસો કિલોમીટર દૂરથી બિનતારી સંદેશો આર્તનાદે કરેલા પોકારે ગુરુસત્તાને વિવશ કરી દીધી કે તેઓ પોતાના ભક્તનું કષ્ટ પોતાના પર લઈ લે. આત્મવત્ સર્વભૂતેષુનાં આવાં અસંખ્ય ઉદાહરણો પૂજ્ય ગુરુદેવના જીવનમાં જોવા મળે છે.

આ અનુભૂતિમાં બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી હોવાનો અનુભવ થવા માંડે છે. આવો મનુષ્ય પોતાના સુધી જ સીમિત રહી શકતો નથી. સ્વાર્થના પરિધમાં બંધાઈ રહેવાનું તેને માટે મુશ્કેલ બની જાય છે. બીજાનું દુઃખ દૂર કરવાનો અને સુખ વધારવાનો પ્રયાસ તેને માટે પોતાના વ્યક્તિગત હેતુ માટે હોય તેટલો સાહજિક હોય છે. પુણ્યાત્મા યુધિષ્ઠિરનું થોડા સમય માટે નરકમાં જવું અને ત્યાંના પ્રાણીઓને આનંદ વિભોર કરી દેવાં એ જ બતાવે છે કે, બીજાને સુક આપવાનો આનંદ કેટલો મોટો હોય છે. પરમપૂજ્ય ગુરુદેવ સદૈવ એમ કહ્યું છેકે ભારત ભૂમિ એટલા માટે પુણ્યભૂમિ છે કે મનુષ્યતાને ગૌરવાન્વિત કરનાર મહામાનવોએ વારંવાર આ ધરતી પર જન્મ લીધો છે, એમનું અસ્તિત્ત્વ જ આ જગતને એવું બનાવી રાખે છે કે, ભગવાન વારંવાર નરદેહ ધારણા કરીને અવતાર લેવા માટે લલચતાય છે.

પરમ પૂજ્ય ગુરુદેવ અને પરમ વંદનીય માતાજીની જીવન ગાથા આ તથ્યનું પ્રમાણ છે કે સંસ્કૃતિનું ગૌરવ આત્મસાત્ સર્વભૂતેષુના ભાવથી જીવનારાઓએ જ ઉન્નત કર્યું છે. પીડિત માનવતાની વિશ્વાત્માની, વ્યક્તિ અને સમાજની વ્યથા વેદનાએ જ તેમને બેચેન કરીને જીવનભર વેદના પમાડી, આના આધારેજ એ પૃષ્ઠ ભૂમિ બનીને આગામી દિવસોમાં વસુધૈવ કુટુમ્બકમ્ની ધરી બનવાની હતી.

卐 卐 卐



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# ત્યાગ અને બલિદાનની સંસ્કૃતિ-દેવસંસ્કૃતિ

(ભાગ-૧)

**જૂન, ૧૯૭૩માં શાંતિકુંજ પરિસરમાં આપેલું પ્રવચન**

**ગાયત્રી મંત્રી અમારી સાથે,**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય**
**ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્**

દેવીઓ અને ભાઈઓ, દૈવી સભ્યતા પર જ્યારે પણ મુશ્કેલીઓ આવી છે ત્યારે લોકોએ જીવનમાં દુઃખો વેઠીને પણ તેનું રક્ષણ કર્યું છે. ઉચ્ચ આદર્શો માટે ત્યાગની, બલિદાનની સંસ્કૃતિ રહી છે આ દેવ સંસ્કૃતિ. તે સમયે ચારે તરફ જ્યારે લંકાની આસુરી સભ્યતાનો આતંક છવાયેલો હતો, બધી જગ્યાએ ત્રાહિ-ત્રાહિ થઈ ગયું હતું. અત્યારે ન જાણે શું થવાનું છે અને ન જાણે શું થઈને રહેશે એવું લાગતું હતું. અનીતિ જ્યારે વધે છે, અનિચ્છનીયતાઓ જ્યારે વધે છે, દુષ્ટતાઓ જ્યારે વધે છે, સ્વાર્થપણું જ્યારે વધે છે તો મિત્રો ! આખા વિશ્વનો સત્યાનાશ થઈ જાય છે. માણસ સ્વાર્થી બનીને એવું વિચારે છે કે અમે પોતાના માટે ફાયદો કરીએ છીએ, પરંતુ વાસ્તવમાં એ પોતાના માટે પણ સર્વનાશ કરે છે અને સંપૂર્ણ સમાજનો પણ સર્વનાશ કરે છે. આ છે આસુરી સભ્યતા. એમાં પહેલાં માણસ સ્વાર્થી બની જાય છે અને સ્વાર્થમાં આંધળો થયા બાદ દુષ્ટ બની જાય છે, પિશાચ બની જાય છે. સ્વાર્થ જ્યાં સુધી સીમિત રહે છે ત્યાં સુધી ઠીક છે, એ ફાયદામાં રહે છે. પરંતુ જ્યાં એક ડગલું આગળ વધાર્યું કે માણસ નીતિ છોડી દે છે, મર્યાદા તોડી દે છે, બધી શાલીનતાઓ છોડી દે છે અને સત્યાનાશ પર ઊતરી આવે છે. આ છે આસુરી સભ્યતાનો ક્રમ.

એ જમાનામાં લંકાની આસુરી સભ્યતા બધી જગ્યાએ આતંક ફેલાવી રહી હતી અને આખું વિશ્વ, બધા દેશો ત્રાહિ-ત્રાહિ કરી રહ્યા હતા કે હવે શું થવાનું છે ? રાવણના રાજ્યમાં દરેક માણસ અનીતિના માર્ગે ચાલવાનું શિક્ષણ મેળવી રહ્યો હતો અને અનાચાર માટે આગળ વધતો જઈ રહ્યો હતો. રાવણની આ સભ્યતા અને સંસ્કૃતિમાં દેવ સંસ્કૃતિના પક્ષધરોને એ વિચાર કરવો પડ્યો કે આનો વિરોધ કેવી રીતે કરાશે ? આને કેવી રીતે બંધ કરી શકાય ? સંતુલન કેવી રીતે બેસાડી શકાશે ? ભગવાને પણ એ પ્રતિજ્ઞા કરી રાખી હતી કે અમે ધર્મની સ્થાપના માટે અને અધર્મના વિનાશ માટે વચન- બદ્ધ છીએ. એ માટે તેઓ વિચાર કરવા લાગ્યા કે શું કરવું જોઈએ ? અંતે ફેંસલો થયો કે અયોધ્યાથી લંકાની તુલનામાં એક એવો મોર્ચો ઊભો કરવામાં આવે કે જે અનીતિનો સામનો કરી શકે.

**લંકા વિજય**

મિત્રો ! અયોધ્યામાં લંકાની વિરુદ્ધ મોરચો ઊભો કરવામાં આવ્યો. એક મુખ્ય વાત તો એ હતી કે રાવણ બહુ ખરાબ માણસ હતો. એક બંદૂક લઈને જાવ અને એને મારી નાખો, ખતમ કરી દો. આ શું છે ? આ બહુ મામૂલી રીત છે. આનાથી કોઈ સંસ્કૃતિ નષ્ટ થઈ શકતી નથી, પરંપરાઓ નષ્ટ થઈ શકતી નથી. લોકો મરે છે અને ફરી નવા લોકો પેદા થઈ જાય છે. રાવણ વિશે તો એક કહેવત પણ હતી કે રામચંદ્રજી જ્યારે એમનાં તીર ચલાવતા હતા ત્યારે નવો રાવણ બનીને ઊભો થઈ જતો હતો. બેટા ! સંસ્કૃતિઓ મારવાથી નથી મરતી. એ બીજી રીતે મરે છે. આસુરી સંસ્કૃતિને આપણે કોઈ એક વ્યક્તિને મારીને ખતમ કરી શકતા નથી.

રાવણને મારવાનું તો જરૂરી હતું. વિચાર કરવામાં આવ્યો. ભગવાને વિચાર કર્યો, દેવતાઓએ વિચાર્યું કે મારવાથી કામ ચાલવાનું નથી. લંકાનો નાશ કરી દઈશું, રાવણને મારી નાખીશું, અમુકને મારી નાખીશું, પરંતુ એનાથી કામ થવાનું નથી, કેમ કે પરશુરામ ઘણા દિવસો પહેલાં આવો એક પ્રયોગ કરી ચૂક્યા હતા. આવા લોકોને એમણે એકવાર માર્યા, બીજી વાર માર્યા, ત્રીજી વાર માર્યા,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરંતુ મારવાથી કશું ન થયું. દૈત્યોને એકવીસ વખત મારી એ કોશિશ કરવા લાગ્યા કે પૃથ્વી પરથી અમે અસુરોને મિટાવી દઈશું તો કામ થઈ જશે, પરંતુ કામ ન થયું. છેવટે પરશુરામે કુહાડી નદીમાં ફેંકી દીધી અને તેના સ્થાને પાવડો ઉપાડી લીધો. પાવડો ઉપાડીને નવા નવા બગીચા તૈયાર કરવા લાગ્યા, ઉદ્યાનો તૈયાર કરવા લાગ્યા. એમની હાર અને પરાજયે સ્વીકારી લીધું કે કુહાડી દ્વારા અમે રાક્ષસો અને અસુરોને મારી દુનિયા ખાલી કરવાનું કાર્ય નથી કરી શકતા. એ માટે એક બીજું કામ કરવું પડશે, આપણે હરિયાળી ઉગાડવી પડશે. આ જ ફેંસલો અયોધ્યા વિશે થયો.

**દેવ સંસ્કૃતિનો ઉદય**

અયોધ્યામાં દેવ સંસ્કૃતિના ઉદયની શરૂઆત થઈ ગઈ. આસુરી સંસ્કૃતિનો સામનો કરતી દેવ સંસ્કૃતિ. દેવ સંસ્કૃતિનો ઉદય કેવી રીતે થયો ? વાસ્તવમાં અયોધ્યામાં લંકા વિરુદ્ધ મોરચાબંધી શરૂ થઈ ગઈ હતી. કેવી રીતે થઈ હતી ? બેટા ! એવી પરંપરાઓ શરૂ કરવામાં આવી કે જેમને જોઈ બીજાઓની હિંમત વધે છે, ઉત્સાહ વધે છે. બેટા ! ઉત્સાહ વધારવા માટે એક રીત વ્યાખ્યાન આપવાની છે અને અમે એનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ તે શરૂઆતની પદ્ધતિ છે. ઉપદેશ આપવો અને શિક્ષણ આપવું એ પણ ઠીક છે. શરૂઆતની જાણકારી માટે એ સારું પણ છે, પરંતુ ઉપદેશ આપવાથી અને વ્યાખ્યાન આપવાથી પ્રેરણાઓ મળતી નથી, દિશાઓ મળતી નથી, આવેશ પેદા થતો નથી, ઉત્સાહ વધતો નથી, જીવન મળતું નથી, જોશ આવતો નથી. તો ગુરુજી સત્સંગથી ? ના બેટા ! સત્સંગથી પણ નહીં, અને કલમથી ? કલમથી તો આપ ઘણું સારું લખો છો. બેટા ! અમે હજી વધુ સારું લખીશું પરંતુ જો તમારો એવો ખ્યાલ છે કે કલમથી લખીને આપ પોતાનું કામ કરાવી શકો છો અને જો એવી જ વાત રહી હોત તો અત્યાર સુધી સંપન્ન લોકો જે દુનિયા ઇચ્છે છે તે કામ કરી શક્યા હોત. દરરોજ લાખોની સંખ્યામાં વર્તમાનપત્રો છપાય છે. જાપાન, શિકાગોમાં રોજ એક એક વર્તમાનપત્ર લગભગ પચાસ લાખની સંખ્યામાં છપાય છે. આપણા હિન્દુસ્તાનમાં બધાં મળીને પચાસ લાખની સંખ્યા હશે. એક જ વર્તમાનપત્ર જો આટલાં છપાય છે તો એટલા લોકો સુધી એક જ દિવસમાં વિચારો પહોંચી જતા હશે ? હા બેટા ! પચાસ લાખ લોકો સુધી એક જ દિવસમાં વર્તમાનપત્રના વિચારો પહોંચી જાય છે, પરંતુ જો કલમની દૃષ્ટિએ અને છાપખાનાઓની દૃષ્ટિએ લોકોના વિચારોનું પરિવર્તન શક્ય હોત તો એ અમે ક્યારનું કરી નાખ્યું હોત.

અને ગુરુજી ! વાણી દ્વારા ? વાણી દ્વારા શક્ય હોત તો બેટા રેડિયો સ્ટેશન જેઓની પાસે છે તેમને વાણી દ્વારા વ્યાખ્યાન કરવાની જરૂર નહોતી. દિલ્લીથી માંડીને જેટલા રેડિયો સ્ટેશનો છે ત્યાં જ એક-એક માણસને આરામથી બેસાડી દીધા હોત અને એક-એક સ્પીચ આપવાનું શરૂ કરી દીધું હોત તો બધા દેશોના લોકો સુધી અવાજ પહોંચી શક્યો હોત અને તેનાથી આસુરી સભ્યતાનું, અનાચારનું બિનજરૂરી પરિસ્થિતિઓનું નિવારણ કરવાનું શક્ય બન્યું હોત. શું આવું બનવાનું શક્ય છે ? ના, આવું બનવાનું શક્ય નથી.

**સ્વે સ્વે આચરણે શિક્ષયેત્**

તેથી મિત્રો ! દેવતાઓને અયોધ્યાથી દૈવી સભ્યતાની શરૂઆત કરવી પડી. શરૂઆત કેવી રીતે કરવી પડી ? ત્યાં જે લોકો નાના ખાનદાનનાં હતાં એમણે કહ્યું કે અમે લોકોની સામે એવા નમૂના રજૂ કરીશું કે દૈવી સભ્યતા કેવી હોઈ શકે છે અને અમે એ સભ્યતાનો વિકાસ કેમ કરવા ઇચ્છીએ છીએ? દૈવી સભ્યતા પાછળ શું પરિણામ આવી શકે છે ? એ સાબિત કરવા માટે દશરથના કુટુંબ અને પરિવારે એવાં જ નમૂના રજૂ કરવાનું શરૂ કરી દીધું જેવું લંકાવાળાઓએ કર્યું હતું. એમણે શું રજૂ કર્યું ? બેટા, બધા એક દિવસે એકત્રિત થયા અને ફેંસલો કરવા લાગ્યા કે અમે મોટાં કાર્યો કરી બતાવીશું કે જેથી દુનિયા સમજે કે દૈવી સભ્યતા શું હોઈ શકે છે અને દૈવી સભ્યતાનું અનુકરણ કરવા માટે જોશ અને જોમ કેવી રીતે પેદા કરી શકાય છે ?

વિશ્વામિત્રે ત્યાંથી શરૂઆત કરી અને રાજા દશરથને કહ્યું કે આપ આપનાં બાળકો અમને આપી દો. એમણે કહ્યું કે બાળકો તો અમને જાનથી પણ વહાલાં છે. એમને અમે આઈ.એ.એસ. બનાવીશું, પી.સી.એસ. બનાવીશું આપ એમને ક્યાં લઈ જઈ શકશો ? વિશ્વામિત્રે કહ્યું,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આઈ.એ.એસ., પી.સી.એસ. તો પાછળ બનતા રહેશે, પહેલા એમણે મનુષ્ય બનવું જોઈએ અને દેવતા બનવું જોઈએ વિશ્વામિત્ર અને દશરથ વચ્ચે ખેંચતાણ તો ઘણી થઈ, પરંતુ દૈવી સભ્યતાની, સંસ્કૃતિની શરૂઆત તો ક્યાંકથી કરવાની જ હતી. વિશ્વામિત્રએ સંમત કરી લીધા અને કહ્યું, બાળકો અમને સોંપી દો. શું કરશો એમનું ? દૈવી સભ્યતાનું શિક્ષણ આપીશું અને આ બંને અનીતિ વિરુદ્ધ સંઘર્ષ કરશે. અરે ગુરુજી, આ તો નાનાં બાળકો છે. ના, આ નાનાં બાળક નથી. જે માણસ સત્યનો હિમાયતી બન્યો તે ક્યારેય નાનો થયો નથી. સત્યનો હિમાયતી હંમેશાં બળવાન રહ્યો છે અને જોરદાર રહ્યાં છે. તેની સામે મરીચિ જ કેમ ન હોય, સુબાહુ જ કેમ ન હોય, ભલે એ ખરદૂષણ જ કેમ ન હોય, કોઈપણ કેમ ન હોય એ કમજોર જ રહેશે અને એને હારવું જ પડશે, ઝખ મારવી પડશે. વિશ્વામિત્રે રાજા દશરથને સમજાવી દીધું અને જે શિક્ષણ યોગીઓ અને તપસ્વીઓના આશ્રમમાં રહીને પ્રાપ્ત કરવાનું શક્ય છે તે આપવા માટે બંને બાળકોને લઈ ગયા.

**વ્યાવહારિક જીવનથી શરૂઆત**

એ શું હોય છે ? બેટા ! એ દૈવી સભ્યતાની શરૂઆત હોય છે. એ ન તો વ્યાખ્યાનથી થઈ, ન કથાથી થઈ કે ન સત્સંગથી થઈ. કેવી રીતે થઈ ? વ્યાવહારિક જીવનથી થઈ. આથી ઓછામાં ન થઈ શકે. કોઈ શ્રેષ્ઠ પરંપરા સ્થાપવા માટે વ્યક્તિગત જીવનનો આદર્શ ઉપસ્થિત કર્યા વિના દુનિયા બદલવાનું શક્ય નથી. કથા, વ્યાખ્યાન, સત્સંગ વગેરે તો બધાં રમતનાં સાધનો છે. રેલગાડી માટે જેમ પાટા બનાવવામાં આવે છે તેમ અમે એનાથી રસ્તો બનાવીએ છીએ. કલમ દ્વારા, વાણી દ્વારા, પ્રચાર માધ્યમો દ્વારા, સામાન્ય જનતાના શિક્ષણ દ્વારા, સત્સંગો દ્વારા, કથાઓ દ્વારા અમે રેલગાડીના પાટા બનાવીએ છીએ. બસ. પછી રેલગાડી ક્યાંથી ચાલશે ? બેટા, રેલગાડી તો આપણો વ્યક્તિગત આદર્શ ઉપસ્થિત કરવાથી પેદા થાય છે. એથી ઓછામાં શક્ય જ નથી. આ રીતે એમણે પાટા બનાવ્યા અને ત્યાંથી જ શરૂઆત થઈ. પાછળથી બધાએ ફેંસલો કર્યો કે અમે દૈવી સંસ્કૃતિ, દૈવી સભ્યતાનું સ્વરૂપ શું હોઈ શકે છે તે બતાવવા માટે એક એકથી ચઢિયાતા ત્યાગ કરીશું અને બલિદાન આપીશું. એ બધી કંપનીઓએ, કમિટીએ ફેંસલો કર્યો કે અમે દુનિયાને બતાવીશું કે રામરાજ્ય કેવી રીતે થઈ શકે.

**રામરાજ્ય કેવી રીતે આવ્યું ?**

મિત્રો ! રામરાજ્યનું બીજ અયોધ્યામાં વાવવામાં આવ્યું અને એ પણ એક નાનકડા ખાનદાનમાં. કેવી રીતે વાવવામાં આવ્યું ? બેટા ! એવી રીતે વાવવામાં આવ્યું કે થોડાંક માણસો હતાં, પરંતુ તેઓ એક-એકથી ચઢિયાતો ત્યાગ કરવા માટે તૈયાર થઈ ગયા. રામચંદ્રજીએ કહ્યું કે રાજગાદી શું હોય છે ? એના કરતાં તો વનવાસ બહેતર હોય છે. માણસને શું જોઈએ ? પૈસા જોઈએ, વૈભવ જોઈએ, નોકરીમાં પ્રગતિ જોઈએ, પ્રમોશન જોઈએ, પરંતુ એ લોકોએ કહ્યું કે અમને ત્યાગ જોઈએ, બલિદાન જોઈએ. ત્યાગ અને બલિદાનથી માણસ મહામાનવ બને છે. મહાપુરુષ બને છે, તપસ્વી બને છે, ઐતિહાસિક પુરુષ બને છે અને પૈસાથી ? પૈસા વધવાથી માણસ ધુતારો અને ઢોંગી બને છે. બીજું શું બને છે? કોણ જાણે શું શું બને છે.

મિત્રો ! શું થયું ? એમણે ત્યાગ અને બલિદાન માટે, આદર્શ રજૂ કરવા માટે એવા ફેંસલા કર્યા કે હવે આપણે કડક પગલાં ઉપાડવાં જોઈએ, જેથી રાવણની લંકાને નીચી બતાવી શકાય. રામચંદ્રજીએ કહ્યું કે અમે ઋષિઓના આશ્રમમાં જઈને વનવાસી જીવન જીવવા માટે, તપસ્વી જીવન જીવવા માટે રાજી છીએ અને રાજપાટ છોડવા માટે રાજી છીએ. પરિસ્થિતિ એવી થઈ ગઈ હતી અને રામચંદ્રજી જટાઓ બાંધીને ખુલ્લા પગે જંગલોમાં ચાલવા અને વનવાસમાં રહેવા માટે તૈયાર થઈ ગયા. લક્ષ્મણજીએ કહ્યું કે ભાઈ-ભાઈ વચ્ચે કેવો પ્રેમ હોવો જોઈએ તેનો આદર્શ રજૂ કરવા માટે મારે પણ રામચંદ્રજીનું અનુકરણ કરવું જોઈએ. પેલા ઔરંગઝેબ જેવું અનુકરણ નહીં કે જેણે બાપને કેદમાં નાખી દીધો હતો અને ભાઈઓને મારી નાખ્યા હતા. એવો નહીં, બેટા, બીજો આદર્શ. એ માટે શું કરવું પડશે ? એ માટે દૈવી સંસ્કૃતિની સભ્યતાની સ્થાપના કરવી પડશે કે જેથી લોકોને અંદરથી ઉમંગો, લોકોને અંદરથી જોશ, લોકોને અંદરથી જોમ એક-બીજાનાં ઉદાહરણો જોઈને પેદા થઈ શકે.

**(શેષ આવતા અંકમાં)**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપનો સે અપની બાત

# આવી રીતે સંપન્ન થયો આ વિરાટ કુંભ

મહાપૂર્ણાહુતિનું વિરાટ આયોજન એવી શાનથી સંપન્ન થયું. જેવી ગાયત્રી પરિવારની સંસ્થાપક-અધિષ્ઠાત્રી સત્તા એ અપેક્ષા રાખી હતી. ૧૨ વર્ષીય યુગ સંધિ મહાપુરશ્ચરણ એ સહસ્ત્રાબ્દીનો એક વિરાટતમ સાધનાત્મક પુરુષાર્થ રહ્યો, જે કરોડો વ્યક્તિઓ દ્વારા એક સાથે સંપન્ન કરવામાં આવ્યો. ૭ થી ૧૧ નવેમ્બરની તિથિઓમાં રાષ્ટ્રની આધ્યાત્મિક રાજધાની હરિદ્વારમાં એક વિરાટ કુંભનું આયોજન સંઘ શક્તિના માધ્યમથી સંપન્ન થયું. જેણે આ વિરાટ પુરુષમેધ મહાયજ્ઞ સૌત્રામણી પ્રયોગમાં ભાગીદારી કરી, તે દરેક દૃષ્ટિએ નિહાલ થઈ ગયા. જે આહુતિ ન આપી શકયા તથા પરોક્ષ રૂપે આ મહાયજ્ઞની તૈયારીઓમાં લાગ્યા રહ્યા, બધી વ્યવસ્થા કરતા રહ્યા, તે તો વધુ ધન્ય થયા, કેમકે આ મહાયજ્ઞની સફળતાનું શ્રેય તેઓ પર જાય છે. પરોક્ષ સત્તાઓના સંરક્ષણની હતા. તેમની રહેવાની વ્યવસ્થા પણ ધીરે ધીરે બેસ કેમ્પમાં થવા લાગી. અહીંયાથી પરિજનોને ગૌરીશંકર ક્ષેત્ર (હરિદ્વાર-નજીબાબાદ માર્ગ), બૈરાગી ક્ષેત્ર (કનખલ તથા ગંગાની મુખ્ય ધારા વચ્ચે) તથા પંતદ્વીપ હરકી પેઢીથી શાંતિકુંજ તરફ નિત્ય મોકલતા રહેતા. ભાદરવાના આકરા તાપમાં પરિશ્રમ કરી બધાએ ઝાડવા કાપ્યા, ખાડા-ટેકરાને સમતલ કર્યા, પૂરા ક્ષેત્રની ગંદકી સાફ કરી. ૨૮ સપ્ટેમ્બરની પાવન વેળામાં યજ્ઞશાળાનો ભૂમિપૂજન સમારોહ થયો, જેમાં ઘણી સંખ્યામાં પરિજનોની વિશિષ્ટ ઉપસ્થિતિમાં ઉત્તરપ્રદેશના ચાર મંત્રીગણ પધાર્યા. હરિદ્વાર નગરના બધા અધિકારી તથા પ્રતિષ્ઠિત નાગરિક પણ હાજર હતા.

નવરાત્રિ કાળમાં પરિજનોની સાધના પણ ચાલતી રહી તથા યજ્ઞનગર તૈયારીઓ માટે શ્રમદાન પણ નવરાત્રિ

# યજ્ઞનગરનું નિર્માણ સંઘશક્તિના બળે સંપન્ન થયું

દરેક પળ-પ્રતિક્ષણ બધાએ અનુભવી એવું લાગ્યું માનો બધું કાર્ય સહેજ રૂપે થઈ રહ્યું છે. આપણે સૌ તો માત્ર નિમિત્ત બનેલા. પરમ પૂજ્ય ગુરૂદેવ તથા શક્તિ સ્વરૂપા માતાજીની કારણ સત્તાની હાજરી સ્વરૂપ ઘણી અનુભૂતિઓ લોકોને થઈ.

### પૂર્વ તૈયારીઓ

લગભગ ૧૫ સપ્ટેમ્બરથી જ સમયદાની કાર્યકર્ત્તાઓનો આવવાનો ક્રમ આરંભ થઈ ગયો હતો. એક બેસ કેમ્પ હરિદ્વાર નગરીના મધ્યે હર કી પેઢીના સામે ગંગાના મધ્યે લાલજીવાળામાં બનાવ્યો, પ્રારંભિક શ્રમ પ્રધાન તૈયારીઓમાં ગંગાના મધ્યમાં ખાડા-ટેકરાવાળા ચાર સો એકર ક્ષેત્રમાં વ્યવસ્થિત બનાવવાનું હતું, જ્યાં કેટલાય દિવસો પૂર્વ સુધી જ ગંગા વહેતી હતી. હવે તેની પર પ્રવચન પંડાલ તથા ૧૫૦૧ કુંડી યજ્ઞશાળા બનાવવાની હતી. ખૂબ મોટી સંખ્યામાં સૃજન સૈનિકો આવવા લાગ્યા સમાપન સુધી સમયદાની પરિજનોની સંખ્યા લગભગ પંદર હજાર સુધી પહોંચી ગઈ હતી. તેમાં ભાવનાશીલ પણ હતા તથા કુશળ કારીગર સ્તરના શ્રમ પ્રધાન કાર્ય કરનારા કાર્યકર્ત્તા પણ. આ સાથે વચમાં નવરાત્રિ સમાપન સાથે ૮ ઓક્ટોબરે દિલ્લીનો વિરાટ વિભૂતિ જ્ઞાનયજ્ઞ સંપન્ન થઈ ગયો.

વચમાં પ્રદર્શની નિર્માણ માટે ઝાંસી, બૈતુલ, ભોપાલ, છિંદવાડા, જૂનાગઢ, સાબરકાંઠા, નાગપુર વગેરે ક્ષેત્રોના કાર્યકર્ત્તા આવી ગયા હતા. મોટા-મોટા કટ આઉટ, પોસ્ટર મુંબઈના શ્રી બાબુભાઈ સતવારાના માર્ગદર્શનમાં બનાવી રહ્યા હતા. સુરુચિપૂર્ણ ઢંગથી લખેલ સદ્વાક્યો થી શાંતિકુંજનું આંગણું છવાયેલ હતું. શ્રી મોહનલાલ વિશ્વકર્મા તથા શ્રી કામતાજીની પૂરી ટીમ આ મહાયજ્ઞની સુરુચિપૂર્ણ સજાવટની તૈયારીઓમાં લાગ્યા હતા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યજ્ઞકુંડ પૂજન તથા પૈંટૂનબ્રીજ સહિત પાંચ પુલોનું નિર્માણ

૨૦ ઓકટોબરની પ્રાતઃ વેળામાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તથા સંતદ્રય નિવૃત્તમાન શંકરાચાર્ય, ભારતમાતા મંદિરના સંસ્થાપક સ્વામી શ્રી સત્યામિત્રાનંદજી તથા જયરામ આશ્રમના સંચાલક સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપજી મહારાજની હાજરીમાં યજ્ઞકુંડ નિર્માણની પ્રક્રિયાનું પૂજન કરી આરંભ કરવામાં આવ્યો. એની સાથે જ વિરાટ યજ્ઞશાળાના નિર્માણની પ્રક્રિયાનો શુભારંભ થઈ ગયો. એમાં ચાર પ્રતીક્ષાલય સહિત એક દેવમંદિરની સજાવટવાળો મુખ્ય મંચ તથા પંદરથી વીસ વ્યક્તિ દરેક કુંડમાં બેસી શકે એટલા મોટા ચંદરવા બનાવવાના હતા. એની સાથે જ ત્રણ મહિનાથી એક વર્ષ તથા તેનાથી વધુની યુગ પ્રવ્રજ્યામાં ભાગીદારી કરનારા માટે બે યૂપમંડપ પણ બનાવવાના હતા. તેમજ ચાર દેવાલયોમાં સૂર્ય દેવતા, મા સરસ્વતી, ઈંદ્ર દેવ તથા અશ્વિની કુમારોની મૂર્તિઓ પણ સ્થાપિત કરવાની હતી. કાર્ય તીવ્રગતિએ ચાલ્યું તથા રેકોર્ડ સમયમાં આઠ ઓક્ટાબરે કાર્યક્રમ પછી સમયદાન માટે આવેલ પરિજનો દ્વારા સંપન્ન થયો.

એક ભાગીરથી કાર્ય જે આ મહાયજ્ઞની સૌથી મોટી જરૂરત પણ હતી તથા એક પડકાર પણ, ગંગાની મુખ્ય ધારા પર એક પૈંટૂનબ્રીજનું નિર્માણ તથા હર કી પેઢીથી આવનારા વધારાના પાણીની ધારા પર રાજમાર્ગને જોડનારા પાંચ પુલોનું નિર્માણ કર્યુ હતું. ઋષિકેશ-નરેન્દ્રનગરથી એક એફિડેવિટ ભરી પૈંટૂન (મોટા કૈપ્સૂલ આકારના પીપ) તથા તેમના ફીટીંગ્સને લાવ્યા તથા ચંડી દ્વીપ તેમજ લાલજીવાળા દ્વીપ પર બે-બે એંકર (મુખ્ય આધાર જેનાથી પુલના તાર બંધાયેલા હતા તથા પુલ તરતો રહે.)નું નિર્માણ કર્યું. કાર્ય બહુ અઘરું હતું. મશીનો હતા, ઠેકેદાર શ્રી સિંહ તથા તેમના સાથી પણ હતા, પરંતુ સૌથી વધુ જરૂરત હતી માર્ગદર્શનની, અભિયંતા ગણો તથા શ્રમદાન કરનારા સાથીઓની. નલ-નીલ પોતાના સાથીઓ સાથે કેવી રીતે ભગવાન રામના સેતબંધનું કાર્ય કર્યું હશે, તેની ઝાંખી પ્રત્યક્ષ આંખોથી દેખાઈ. ભારે ગડર જે સામાન્ય રીતે ક્રેનથી ઉઠાવાય છે, પરિજનોએ સમૂહ શક્તિના માધ્યમથી ઉઠાવી લીધા. રેકોર્ડ સમયમાં એક પૈંટૂન બ્રીજ તૈયાર કરી દીધો. તેનો શુભારંભ નગરના અધિકારીઓની હાજરીમાં ૩૧ ઓક્ટોબરે કરી દીધો. ધ્યાન આપવા જેવું તથ્ય એ છે કે એનાથી પગે ચાલવાની દૂરી લગભગ ત્રણથી ચાર કિલોમીટર ઓછી થઈ ગઈ.

**સતત માર્ગદર્શન તથા પ્રોત્સાહન**–આટલા મોટા કાર્યમાં સંઘશક્તિને સૌથી વધુ બળ મળ્યું, વરિષ્ઠ ભાઈઓ તથા પોતાના પ્રિય દીદી (શ્રીમતી શૈલબાળા પંડયા)ની તેમની વચ્ચેની સતત હાજરીના કારણે. સમય-સમયે શ્રમસાધ્ય કાર્ય કરી રહેલ પોતાના પરિજનો-ક્ષેત્રના સમયદાની ભાઈઓનું મનાબળ વધારવા, તેમની પીઠ થાબડવા મિશન પ્રમુખ શૈલ દીદોની સાથે સાથે આદરણીય વીરેશ્વરજી, શ્રી ગૌરીશંકરજી, શ્રી કેશરી કપિલ તથા શ્રી મહેન્દ્ર શર્મા વગેરેની સાથે ડૉ. પ્રણવ પડયા પણ સમય-સમયે પહોંચતા ૨૫ થી ૩૦ કિલોમીટરની પરિધિમાં ગાયત્રીકુંજથી લઈ બૈરાગી તથા ગૌરીશંકર દ્વીપ સુધીના ક્ષેત્રમાં બધાએ સતત ઉત્સાહ બતાવ્યો. તેનાથી કાર્ય કરવાના ઉમંગમાં વધારો થતો ગયો.

**પ્રતિકૂળતાઓમાં પણ કાર્ય**–પ્રશાસને હર દૃષ્ટિએ સહયોગી રૂખ જ રાખ્યા હતા. સ્થાનની પ્રાપ્તિથી લઈ બધી શાસકીય ઔપચારિકતાઓ ડી. એમ. શ્રી હરિશચંદ્ર જોશી તથા એસ. એસ. પી. શ્રી હરિશંકર શુકલાના સહયોગથી પૂરી થતી ગઈ. શ્રી દ્વિવેદી તથા શ્રી શર્માજી અપર જિલાધીશં, શ્રી વાજપેયી તથા યૂ. કે. સિંહ (એડીશનલ એસ. પી.) સહિત વરિષ્ઠ આરક્ષિત સેનાવાહિનીના નાયક શ્રી પ્રતાપસિંહે ખૂબ સહયોગ તથા માર્ગદર્શન આપ્યું. હાઈડલ વિભાગે વચમાં પરીક્ષા જરૂર લીધી, જ્યારે તેમણે નહેર બંધ કરી ગંગાનો પ્રવાહ તીવ્ર કરી દીધો. તીવ્ર પ્રવાહમાં પૈંટૂનબ્રીજ બાંધવો એક અસંભવ જેવું કાર્ય હતું. બે-ત્રણવાર પરસ્પર બંધાતી પ્લેટો ગંગાના પ્રવાહમાં વહી ગઈ, પરંતુ વર્દવાનના પ્રાણવાન કાર્યકર્ત્તાઓએ ઊંડા ઠંડા જળમાં ડૂબકી લગાવી તેને કાઢી લીધી. એક નાનો સ્ક્રૂ પણ ન ખોવાય તથા બધાનો રાત દિવસ વગર થાકે કાર્ય કરવું એક ચમત્કાર છે. જે દિવસે નહેરમાં ગંગાના પ્રવાહનો આરંભ કર્યો, તે દિવસે ખૂબ તેજ પ્રવાહ તે તરફ છોડયો, જ્યાં ૪૦૦થી અધિક નર-નારી પત્થરોથી પુલ બાંધી રહ્યા હતા. એક મોટો ભાગ વહી ગયો, પણ કોઈએ કંટાળો ન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દર્શાવ્યો. રાત-દિવસ કાર્ય કરી તે પુલને જ નહીં, એવા ચાર પુલ બનાવીને જ ચેન લીધું. સર્વેષામ્ અવિરોધેન યજ્ઞકર્મ શુભારંભનું વાતાવરણ બનાવી દીધું.

**હર કી પેઢીની અભૂતપૂર્વ સફાઈ**–એક વિલક્ષણ સૌભાગ્ય આપણા પરિજનોને ૨૩ ઓક્ટોબરે સવારે મળ્યું, જ્યારે નગરપાલિકા અધ્યક્ષ શ્રી અરોડા તથા ગંગા સભાના પ્રમુખો દ્વારા હર કી પેઢીની સફાઈ માટે કારસેવાનું આહ્વાન કરવામાં આવ્યું. પ્રાતઃ ૮ વાગ્યાથી જ લગભગ આઠ હજાર યુગ સૈનિક પહોંચી ગયા હતા. બધાએ ગાયત્રી મંત્રથી શુભારંભ કરી સૂકી પડેલી બ્રહ્મકુંડની પાવન ભૂમિમાંથી પ્લાસ્ટિક કચરા, ગંદકી કાઢી. જ્યાં સુધી નગર પાલિકાવાળા આવતા, લગભગ ૧૪ ટ્રક કચરો વીણાઈ ચૂક્યો હતો. અતિ પાવન, બધા માટે પુણ્ય સ્થલી, સંસ્કારો સંપન્ન થનાર કેંદ્ર હર કી પેઢી ૪ કલાકના શ્રમદાનથી જ સુવ્યવસ્થિત થઈ હતી. સર્વે અધિકારી, નાગરિક ગણ આ મહાપુરુષાર્થની પ્રશંસા કરતા રહ્યા. સંગઠનની શક્તિ શું શું કરી શકે છે, એનો પ્રત્યક્ષ નમૂનો હતો. પદાધિકારીઓનું કહેવું હતું કે ૧૯૨૪ બાદ પહેલી વાર આટલી વ્યાપક સફાઈ થઈ. ગંગાને મેલી કરનારાને એક પ્રત્યક્ષ નમૂનો મળ્યો કે સામૂહિક પુરુષાર્થ શું શું કરી શકે છે.

**કુશળ વ્યવસ્થાનું નિરીક્ષણ કરવા આવ્યા ઉચ્ચાધિકારી**

મહાકુંભ સ્તરની આટલી મોટી વ્યવસ્થા તથા કાર્તિક પૂર્ણિમાના સંયોગ સાથે સંપન્ન થઈ રહેલ આ મહાયજ્ઞના અભિનવ પ્રબંધનને જોવા માટે ક્ષેત્રીય ડી. આઈ. જી., કમિશ્નર સાહેબ સહિત મેરઠ જોનના આઈ. જી. શ્રી બંસલ પણ આવ્યા. પૂરું ક્ષેત્ર તેઓ ધૂમ્યા. તીસ નગરો, પંદર ભોજનાલયો તથા પૂરા ફેલાયેલા તંત્રમાં લાગેલા સમયદાની સાધકોના શ્રમને તેમણે પ્રત્યક્ષ જોયા. પ્રબંધ વ્યવસ્થા જોઈ, કેવી રીતે અવર જવર થશે એ જાણ્યું. વ્યવસ્થાને જોઈ મંત્રમુગ્ધ બધા ઉચ્ચાધિકારી એક સ્વરે કહી રહ્યા હતા કે કોઈ પ્રત્યક્ષ સ્તરના સરકારી સહયોગ વગર આટલું મોટું કાર્ય આખરે કેવી રીતે થઈ રહ્યું છે. આના પાછળ પ્રેરક બળ છે. લૌકિક દૃષ્ટિએ તેમણે પ્રબંધ મંડળ સાથે ચર્ચા કરતા કહ્યું કે અમે શાસન તરફથી એક વર્કશોપ કરાવવા માંગીએ છીએ, જેથી અમારા અધિકારીગણ પ્રબંધન વ્યવસ્થાના સૂત્ર તમારાથી સમજી શકે. અમારો એક જ જવાબ હતો કે આ સમર્પણ જે ગુરુસત્તા પ્રત્યે દેખાઈ રહ્યું છે, જો શાસકીય કાર્યકર્તાઓમાં પણ અનુશાસિત રૂપથી આવી જાય, તો દેશનો નકશો બદલાતામાં વાર નહીં લાગે.

***સર્જન સંકલ્પ વિભૂતિ મહાયજ્ઞમાં ગુજરાતીઓની પણ મુખ્ય ભૂમિકા***

*ગુજરાતીઓ માત્ર પૈસાનું દાન દઈ શકે અને કામ ન કરી શકે એવી એક સાર્વત્રિક છાપ તાજેતરમાં આધ્યાત્મિક રાજનગરી હરિદ્વાર ખાતે થયેલ સૃજન સંકલ્પ વિભૂતિ મહાયજ્ઞ દરમ્યાન ૫૦ હજારથી વધુ ગુજરાતભરમાંથી આવેલા સમયદાનીઓએ તેમના સખત પરિશ્રમ દ્વારા નષ્ટ કરી અત્રે યાદ અપાવવું જરૂરી છે કે જ્યારે પૂજ્ય શ્રીરામ શર્માજીએ શક્તિપીઠો બનાવવાની હાલક કરી ત્યારે સૌથી વધુ શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો ગુજરાતમાં બની. આ ઉપરાંત ગુજરાતભરમાં સૌથી વધુ મહિલા મંડળો, પ્રજ્ઞામંડળો કાર્યરત છે. સૃજન સંકલ્પ વિભૂતિ મહાયજ્ઞ જે ૧૨૦ ચો.કિ.ના વિસ્તારમાં ફેલાયેલો. તેમાં ૩૦ જેટલા નગરો વસેલા, તે પૈકી ગૌરીશંકર અને વૈરાગી દ્વીપ સૌથી મોટા હતાં. અહીં માઁ અંબા ભોજનાલયમાં બનતું ગુજરાતી ભોજન અન્ય તમામ ભોજનાલય કરતાં સરસ રહ્યું.*

*ગાયત્રી જ્ઞાનપીઠ અમદાવાદ દ્વારા આશરે બાર લાખ રૂપિયાનું સાહિત્ય બ્રહ્મભોજ (અડધી કિંમતે) લાવી ગુરુજીના વિચારો ફેલાવવાનું સરાહનીય કાર્ય થયું. તમામ સાહિત્યનું વેચાણ થઈ જવાની ખાત્રી કાર્યકર્તાઓએ વ્યક્ત કરી છે.*

**વિભિન્ન વ્યવસ્થાઓ**–પંદર ભોજનાલયોનું નિર્માણ કરવાનું હતું. એમાં સમય પહેલાં પાંચ શરૂ કરી દેવાના હતા. બૈરાગી દ્વીપના દુર્ગમ ક્ષેત્રથી લઈ ગૌરીશંકર ૧-૨-૩ ક્ષેત્રમાં, ચંડી દ્વીપ ક્ષેત્રમાં એનું નિર્માણ સમય પૂર્વે થઈ ગયું તથા ભોજન વગેરેનું કોઈને કષ્ટ ન રહ્યું. પંત દ્વીપમાં પાંચ ભોજનાલય બન્યા તથા એમણે ભોજન વ્યવસ્થામાં ખૂબ સહયોગ કર્યો. એના સિવાય પાણી માટે બોર વેલ પછી પાઈપ લાઈન બિછાવી, ટ્રેંચ લેટ્રીંસ તથા સીટોવાળી લેટ્રીંસનું નિર્માણ, બૈંકિંગ વ્યવસ્થા માટે વિસ્તાર પટલ ગતિશીલ થયો, ડાક વિતરણની તથા S.T.D., P.C.O.ની પૂરી વ્યવસ્થા દર્શનીય હતી. આ પૂર્વ તૈયારીઓએ જ મહાયજ્ઞ સંપન્ન થવાનું વાતાવરણ બનાવ્યું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# આશા છે આપનો સહયોગ મળશે

ઉજ્જ્વળ ભવિષ્યની સંરચનાનો એક જ ઉપાય છે. જનમાનસનો સુધાર. આ પ્રક્રિયાની અંતર્ગત બધા પ્રચારાત્મક, રચનાત્મક તથા સુધારાત્મક કાર્યક્રમો દ્વારા જનતાને સંગઠિત, જાગ્રત અને કર્તવ્યપરાયણ બનાવી શકાય છે. નૈતિક, બૌધ્ધિક અને સામાજિક ક્રાંતિઓ જ આજના યુગની સમસ્ત સમસ્યાઓ દૂર કરી શકે છે. તેના માટે પોત-પોતાના ક્ષેત્રમાં પ્રકાશ વિતરણ માટે એવા સેનાનીઓની જરૂર છે, જે જનતાના અસ્ત-વ્યસ્ત લોકમાનસને વ્યવસ્થિત કરી દે.

સાચાને સ્વીકારવું અને ખોટાને છોડી દેવાનું સાહસ જ યુગ નિર્માણના પરિજનોની તે પૂંજી છે જેના આધારે તે પણ સંધિની વેળામાં પોતાના ગુરુદેવની જવાબદારીઓનો નિર્વાહ કરી શકશે. યુગ પરિવર્તનનો અર્થ છે-મનુષ્યોના વર્તમાન ચિંતન સ્તર અને વ્યવહાર સ્તર બદલવા. યુગ નિર્માણનો અર્થ થાય છે. જનમાનસ સ્તર ઊંચું ઉઠાવવું અને ભાવનાત્મક નિર્માણ કરવું. યુગ નિર્માણ યોજના પરમપૂજ્ય ગુરુદેવનું જ સ્વપ્ન છે. તેમણે યુગ નિર્માણ સત્ સંકલ્પના રૂપમાં ગાયત્રી પરિવાર માટે સતયુગ લાવવા એક સંવિધાન બનાવ્યું. તે પત્રિકાના રૂપમાં લાખો કરોડો લોકોમાં અવિરત સત્સાહસ, સંકલ્પબળ ભરી રહ્યું છે.

યુગ શક્તિ ગાયત્રી પત્રિકા અખંડ જ્યોતિ પત્રિકાની પૂરક પત્રિકાના રૂપમાં લાભકારી, સુપાચ્ય, સરસ સામગ્રી સાથે વ્યક્તિ, પરિવાર અને સમાજ નિર્માણની જવાબદારી નિભાવતી આવી છે. આ પત્રિકાના માધ્યમથી દૈવી સત્તા જે તંત્રનું સંચાલન પોતાના હાથોથી પરોક્ષ જગતનું કરી રહી છે. તેનો પત્રિકાના પાઠક-વાચક સ્વયં અનુભવ કરતા હશે. આ પત્રિકાને ધરતી પર દેવત્વ લાવવાની યોજનાનો સંકલ્પ પત્ર પણ માની શકાય. જરૂર છે આ પત્રને અન્ય વ્યક્તિઓ સુધી પહોંચાડવામાં પત્રવાહકની ભૂમિકા નિભાવનાર વ્યક્તિઓની, નવ-નિર્માણના કઠિન કાર્યને પૂરું કરવામાં પ્રમાણિકતાનો પરિચય આપનારા, આગળ આવનાર પરિજનોની. પરિજન સરળ શૈલીમાં તે સૂત્ર પત્રિકાના માધ્યમથી વાંચી શકે છે જે સમાજ, સંસ્કૃતિ, રાજનીતિ તથા વિશ્વ વ્યવસ્થા પર પ્રકાશ ફેંકે છે. અમને તો જે જવાબદારી ગુરુસત્તા દ્વારા સોંપવામાં આવી છે તેને અમે કાગળ, સ્યાહી, છપાઈના સાધનો સહિત ટપાલ દ્વારા મોકલવાની વ્યવસ્થા કરી રહ્યા છીએ. કાગળ, સ્યાહી, છપાઈ, બાઈંડીંગના ભાવમાં વિશેષ વૃધ્ધિના કારણે વાર્ષિક શુલ્ક ૫૫ ) રૂપિયા કરવામાં આવ્યું છે. આ પત્રિકા ગુરૂદેવની ચિઠ્ઠીના રૂપમાં આપ સુધી પહોંચે, એ કારણે અવિરતપણે પ્રકાશિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ટાઈટલ પેજ સહિત પત્રિકામાં નિરંતર સુધારો કરતા રહીએ છીએ.

સામાજિક પરિવર્તનોની તેજ ગતિને જોતાં પત્રિકાની સામગ્રીમાં મહત્ત્વપૂર્ણ રચનાત્મક કાર્ય આપવામાં આવે છે, જેનો ઉદ્દેશ્ય પોતાના પાઠકોને સાચી દિશાનો બોધ કરાવવો, જીવન જીવવાની કળા શીખવવાનો તથા અધ્યાત્મનું પ્રશિક્ષણ આપવાનું છે. જીવન વ્યવહારનું પ્રશિક્ષણ આપવાનો ઉદ્દેશ્ય ત્યારે પૂરો થશે જ્યારે આ પત્રિકા પ્રત્યેક ઘરમાં જન-જન દ્વારા વાંચી-વંચાતી રહેશે. વ્યક્તિગત રૂપથી પોતાના આત્મીય પરિજનોને અનુરોધ છે કે પોતાના મિત્રો, સંબંધીઓ, પરિચિતોને પત્રિકાના સદસ્ય બનાવે અને ગુરુકાર્યમાં ભાગીદારી નિભાવે. અમને અમારા પરિજનો અને જૂના પાઠકોથી વધુમાં વધુ સહયોગભર્યા પુરુષાર્થની અપેક્ષા છે. નવા સદસ્ય બનાવો તથા જૂનાને નવીનીકરણ માટે ઉત્સાહિત કરો અને અમારા પરિજનોથી એ પણ આશા રાખીએ છીએ કે આ વધેલા શુલ્કને ભાર ન સમજે. અમારી મુશ્કેલીઓ અને ઉદ્દેશ્યોને સમજીને પોતાનો સહયોગ જાળવી રાખે. નવા સદસ્યો પાસેથી વધેલા દરે વાર્ષિક કે આજીવન શુલ્ક લઈ જલ્દી યુગ નિર્માણ યોજના, મથુરા-૩ના સરનામે મોકલે. અહીંયાથી રસીદબુક મંગાવી પરિજન સદસ્યાતા અભિયાન ચલાવે. એમાં ઓછામાં ઓછા પાંચ-પાંચ નવા સદસ્ય બનાવો. પ્રત્યેક પરિજન પોત-પોતાની પત્રિકા વાંચ્યા પછી ઓછામાં ઓછા પાંચ વ્યક્તિઓને અવશ્ય વંચાવે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિને ઉચ્ચ વિચાર, શ્રેષ્ઠ કરવામાં અને કંઈક મેળવવામાં જો કોઈ સહાયક થઈ શકે તો તે છે અધ્યાત્મ. વ્યક્તિના જીવનથી જોડાયેલ સમસ્યાઓનું સમાધાન અધ્યાત્મમાં સમાયેલ છે. સમાજ અવાંછનીયતા, અપરાધવૃત્તિ અને અનૈતિકતામાં ડૂબેલો છે. વ્યક્તિ સિનેમા, ટી. વી., અશ્લીલ સાહિત્ય પ્રત્યે જે રૂચિ રાખે છે. તેનાથી વિમુખ કરવા, સાચું માર્ગદર્શન આપવું એ પત્રિકાનો ઉદ્દેશ્ય છે. કેવળ પૂજા-પાઠ, ઉપાસના, માનવતાઓ, તીર્થયાત્રા અધ્યાત્મ નથી. આસ્તિકતા, પવિત્રતા, શ્રમ, સંયમ, કર્મફળ, મધુર વ્યવહાર, પરસ્પર સહયોગ બધામાં ઈશ્વરનો અંશ માનવો વગેરેને આધ્યાત્મિક આધાર માનેલ છે. એ વિચારોને સમાજમાં ફેલાવવાનું, પોષણ આપવાનું કાર્ય પત્રિકા કરી રહી છે. યુગ શક્તિ ગાયત્રી પત્રિકા સરળ ભાષામાં વ્યાવહારિક અધ્યાત્મનો પરિચય આપે છે. જીવનમાં વિકાસ, પારિવારિક જીવનમાં સમૃધ્ધિ અને સામાજિક જીવનમાં પવિત્રતા તથા કૃતજ્ઞતાનું માર્ગદર્શન યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના માધ્યમથી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ વાતો નવા સદસ્યોને અમારા પાઠકો દ્વારા સમજાવી શકાય છે. મુખ્ય રૂપે કોઈ પણ પ્રકારે નવી વ્યક્તિઓમાં પત્રિકા પ્રત્યે રુચિ જાગ્રત કરવાનું સાહસ કરવું જરૂરી છે. પૂજ્ય ગુરુદેવના ક્રાંતિકારી ચિંતનને જન-જન સુધી પહોંચાડવામાં રૂચિ રાખનાર પરિજનોને અનુરોધ છે કે તેમણે પત્રિકાના વધુને વધુ સદસ્ય બનાવવાનો સંકલ્પ આ વસંત પર્વ પર લેવો જોઈએ. આ પત્રિકાને બધા ધર્મ, પંથ તથા સમુદાયના લોકો વાંચી શકે છે. જે પરિજન પ્રશંસનીય કાર્ય કરે છે, તેમના અભિનંદન સમાચારના માધ્યમથી પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે.

સ્વાધ્યાય દ્વારા જ અંતઃકરણમાં જ્ઞાનની જ્યોતિ પ્રજ્જવલિત થાય છે. ગુરૂદેવે બતાવેલ આ સૂત્રોથી બધાને લાભ મળે, અમે એ પ્રયાસમાં લાગેલા છીએ. આ પત્રિકાનો જેટલો પણ વિસ્તાર થયો છે, તે આપ પરિજનોના સહયોગથી સંભવ થયો છે. ઉજ્જવળ ભવિષ્ય લાવવા માટે જનમાનસને આંદોલિત કરી ઢંઢોળનાર ક્રાંતિકારી સાહિત્ય ભણેલ-ગણેલ વર્ગ સુધી પહોંચાડવું ગાયત્રી પરિવારના પ્રત્યેક પરિજનનું પહેલું લક્ષ્ય હોવું જોઈએ. જ્ઞાનયજ્ઞ બધા યજ્ઞોથી મોટો છે. જ્ઞાનનો પ્રસાર જ યુગ બદલવામાં સક્ષમ છે. સદ્કર્મ સદ્જ્ઞાનને જીવનમાં ધારણ કરવા ગાયત્રીની સાચી અભ્યર્થના છે. પરિવર્તન માટે રસ્તો બનાવવો ક્રાંતિકારીઓનું કામ છે. ગુરુદેવે સૂક્ષ્મ વાતાવરણ બનાવી દીધું છે, બસ જરૂર છે સહભાગી બની શ્રેય લેનારાની, કર્મવીરોની, સાહસી સમાજ નિર્માણીઓની.

અમને વિશ્વાસ છે, જે પરિજન આ પત્રિકાની ઉપયોગીતા જાણી ગયા છે, તે નવા ઉમંગ સાથે નવા સદસ્ય બનાવી તેમની સૂચી તથા સદસ્યતા શુલ્ક યુગ નિર્માણ યોજના, મથુરા-૩ના સરનામે મોકલશો. આને એક મહા જ્ઞાનયજ્ઞ સમજવામાં આવશે. આશા છે પ્રત્યેક પાઠક મહાન્ જ્ઞાનયજ્ઞમાં પોતાની આહુતિઓ પ્રદાન કરશે. જો આપ ગાયત્રીના સાચા ઉપાસક છો, ગુરુદેવ તથા વંદનીયા માતાજી પ્રત્યે સાચો પ્યાર છે તો જપ અને યજ્ઞની સાથે એક કલાક પ્રતિદિન સમય કાઢી નવા સદસ્ય બનાવવાનું અભિયાન શરૂ કરી દો. નવા સદસ્ય માટે રસીદબુક પત્ર લખી મંગાવી લેશો. અહીંનો ફોન નં- ૭૩૦૧૨૮ તથા ૭૩૦૩૯૯ છે. આપની સહાયતા સદૈવ અપેક્ષિત છે. આપ સર્વેના ઉજ્જવળ ભવિષ્યની મંગળકામના નવા વર્ષના આગમન પર કરીએ છીએ.

**-લીલાપત શર્મા**

*ગૌસંવર્ધન અંતર્ગત પાછલા કેટલાક મહીનાઓથી નિયમિત લેખ પ્રકાશિત થઈ રહેલ છે. આમા ગૌમૂત્રથી નિર્મિત અનેક ઔષધિયો બનાવવાની રીતો આપી છે. ઘણા પરિજનો આ ઔષધિયો તૈયાર મંગાવવા ઈચ્છે છે. તેમને નિવેદન છે કે નીચેના સરનામે હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં પત્ર લખી મંગાવી શકે છે.*

*(૧) આદર્શ ગૌસેવા એવં અનુસંધાન પ્રકલ્પ*
*વિઘ્નહર્તા અપાર્ટમેંટ, ચિત્રા ટાકીઝ કે પીછે*
*રજપુતપુરા, અકોલા-૪૪૪૦૦૧ (મહા.)*
*ફોન નં. ૪૨૫૬૭૩*

*(૨) ગૌ વિજ્ઞાન અનુસંધાન કેંદ્ર, કામધેનુ ભવન,*
*પંડિત વચ્છરાજ વ્યાસ ચૌક, ચિત્તાર ઓલી,*
*મહાલ, નાગપુર (મહા.) ફોન-૭૭૨૨૭૩*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**આંબાબાડી**-ગાયત્રી પરિવાર મહિલા મંડળની બહેનો વર્તમાન સમયે પૂ. શ્રીની વાણી ઘરેઘર પહોંચે એવી શ્રધ્ધા ધરાવે છે. શાખાની નિષ્ઠાવાન બહેનો યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનું લવાજમ માત્ર ૩૦ રૂા. ગ્રાહકો પાસેથી લે છે અને બાકી રકમ તેમનાં દ્વારા ઘરેઘર થતાં યજ્ઞ, સંસ્કારમાંથી મળતી અનુદાન રકમમાંથી જમા કરાવે છે.

અત્યાર સુધીમાં ઋષિ સત્તાની કૃપાથી ૧૦૮ ગ્રાહકો બની ગયેલ છે. યજ્ઞ સાથે જ્ઞાનયજ્ઞની આ પધ્ધતિ ખૂબ જ પ્રશંસનીય છે

**દેણાપુર**- જી. આણંદ ગાયત્રી પરિવાર શાખાએ ૨૬ નવેમ્બરનાં ગાયત્રી મહાયજ્ઞનું સફળ આયોજન કર્યું. ભરૂચના કર્મકાંડ પુરોહિતે કર્મકાંડની સુંદર વ્યાખ્યા કરી. આ પ્રસંગે ઘણાં વ્યક્તિઓએ દુર્વ્યસનો છોડવાનો સંકલ્પ કર્યો.

**ચલાલા**-હંમેશાની જેમ આ વખતે પણ ૧૨ ડિસેમ્બરે નેત્ર યજ્ઞ અને દંતયજ્ઞનું આયોજન થયું. આ કેમ્પ સાથે વ્યસન મુક્તિ યજ્ઞનું પણ આયોજન કર્યું. તેમજ લાભાર્થી દર્દીઓને પૂ. ગુરુદેવનું સાહિત્ય ભેટ આપવામાં આવ્યુ. શાખાના સક્રિય પરિજનોના શ્રમથી આયોજન સફળ થયું.

**આડેસર**-વિગત દિવસોમાં સ્થાનિક શાખાના પરિજનોના પ્રયાસથી દીપયજ્ઞ થયો. આ પ્રસંગે દક્ષિણા રૂપે ઘણાં વ્યક્તિઓએ તુર્ત જ વ્યસન છોડ્યા. ગુટખા છોડો-પોતાનું જીવન સુખી બનાવો, વ્યસનોમાંથી જાન છોડાવો. નારાથી ગગન ગુંજી ઉઠયું.

## સુવાક્ય

*૧-લાખોની સંપત્તિ ગુમાવી બેસનારા હજી પાછા બેઠાં થઈ ગયા છે પણ ઉત્સાહ ગુમાવી બેઠેલા તો કયારેય બેઠાં થઈ શકયા નથી. બધુંય જાય તો જવા દેજો પણ સત્કાર્યો માટે મળેલા આ શ્રેષ્ઠ જીવનમાં ઉત્સાહને કયારેય ઠંડો પડવા દેશો નહિં.*

*૨-કાંકરો ચાલવામાં અંતરાય ઊભો કરી શકે પણ ચાલતા અટકાવી તો ન જ શકે ! બસ એ જ રીતે કર્મો ધર્મસાધનામાં અંતરાય ઊભો કરી શકે પણ ધર્મસાધના અટકાવી દેવાની તો એનામાં કોઈ તાકાત જ ન મળે.*

*૩-વરસાદથી ભીંજાતા બચવા માટે વાદળાથી લડાય નહિ પણ છત્રી ઓઢવી પડે, સૂર્યના તાપથી બચવા માટે સૂર્ય સામે લડાય નહિ પણ વૃક્ષની છાયા શોધી લેવી પડે, તેમ કર્મોના ત્રાસથી બચવા માટે કર્મો સામે લડાય નહિ પણ ધર્મનું શરણ પકડવું પડે.*

*૪-આંખને બાળે એવા તડકાથી માણસ દૂર રહે છે, આંખને બગાડે એવા પ્રદૂષણથી માણસ દૂર રહે છે. પણ આંખોને વિકારી બનાવે એવા કામોતેજક દશ્યો જોવા માણસ ટી.વી. સામે હોંશે હોંશે ગોઠવાઈ જાય છે. આશ્ચર્ય જ છે ને ?*

*૫-ખાણમાં છેક ઊંડે રહેલા હીરા સુધી પહોંચવા માટે વચ્ચે આવતા ઘણાં પથ્થરો છોડી દેવા પડે છે. તો પરમાત્મા સુધી પહોંચવા માટે વચ્ચે આવતા ઘણાં પ્રલોભનો છોડી દેવાનું પરાક્રમ દાખવવું પડે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.